કુમાર

સંસ્થાપક
રવિશંકર મ. રાવળ

વર્ષ એકાવનમું · અંક છઠ્ઠો
જૂન • ૧૯૭૪

સળંગ અંક
૬૦૬

•

તંત્રી
બચુભાઈ રાવત





મથુરા સંગ્રહાલયનાં બે કુશાણકાલીન શિલ્પખંડો
ઉપર: લાલ રેતિયા પથ્થરના કઠેરાના એક ખંડ પર પુરુષપાત્ર.
ડાબી બાજુ: પુષ્પાચ્છાદિત પશ્ચાદ્‌ભૂને પડછે ઉઠાવ લેતા
નારીદેહનું સુંદર શિલ્પાંકન – બંસીવાદન. (જુઓ આ અંકની 'કલાવાર્તા')



ગોપિકા આ સુંદર ચિત્રના કલાકાર ઇન્દ્ર દુગડે રાજસ્થાન-ગુજરાતના પોતાના એક પ્રવાસ દરમિયાન આ સુંદર ચિત્ર સર્જ્યું હશે. માથે મટકી લઇને જતી ગોપિકાના ચિત્રને ભર્યુંભર્યું બનાવવા સાથે એમાં જોબનવંતી સજીવતા પણ આરોપી છે.

કુમાર

જૂન ૧૯૭૪ · અંક ૬૦૬

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

મથુરા સંગ્રહાલયનાં બે શિલ્પો — પૂઠું
ગોપિકા (કલાકાર: ઇન્દ્ર દુગડ) — ત્રિરંગી મુખચિત્ર

કાવ્યો

વૈશાખ (ધીરુ પરીખ) ૧૮૪
રાતદિવસની ઘટના (સુરેશ દલાલ) ૧૮૪
હતું (જટિલ) ૧૮૪
કાં ? ('શિલ્પિન્' થાનકી) ૧૮૪
સાફલ્યનાં દેનારાં (મુકુન્દરાય પારાશર્ય) ૧૮૪

ચરિત્ર

જેઈન ઍડમ્સ — કમલા પરીખ ૧૮૫

વાર્તા

કાયદો અને વ્યવસ્થા — અશ્વિન દેસાઈ ૧૮૮
ગોરમા મને... — નગીન દવે ૧૯૬

લેખો

કરકસર અને બચાવની રીતો ૧૮૭
અળાઈ (રોગોપચાર-૪૨) — વૈદ્ય નવીનભાઈ ઓઝા ૧૮૯
ગુજરાતમાં કલાનાં પગરણ-૭ — રવિશંકર રાવળ ૧૯૦
પ્રભાશંકરની શિક્ષકવૃત્તિ — મુકુન્દરાય પારાશર્ય ૧૯૨
વિશ્વ અને પ્રતિવિશ્વ — ડૉ. યશવંત ગુ. નાયક ૧૯૭
કમલાસન બ્રહ્મા (સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ-૧૫) નરોત્તમ પલાણ ૨૦૧

વિભાગો

ટિકિટસંગ્રહ ૧૯૮
કલાવાર્તા (મથુરા મ્યૂઝિયમની શતાબ્દી) ૧૯૯
સાહિત્યસંપર્ક (શબ્દકથા, મારી માન્યતા, અવલોકનો) ૨૦૨
પચ્ચીસ વર્ષ પહેલાં ૨૦૫
કદંબ (વૃક્ષ-વેલ-પરિચય-૨૨) ૨૦૬
માધુકરી (બિજાપુરકર, ગગનવિહારી મહેતા, શેઠશ્રી અમૃતલાલ) ૨૦૬
માસમાસના આકાશમાં ૨૧૦
આ માસ ઇતિહાસમાં ૨૧૦
છેલ્લું પાનું ૨૧૧

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૧-૦૦; પરદેશ: રૂ. ૩૫; યા પા. ૧-૭૫. યા ડૉ. ૫ છૂટક નકલ: રૂ. ૨-૫૦

વૈશાખ/ધીરુ પરીખ

- પરંપરિત ઝૂલણા -

આજ વૈશાખ શો ઠીબમાં ઝૂલતો !
ને પણે નેજવે હાંફતી ચાંચમાં ખૂલતો.
ગંધ-કુપીસમી સાખમાં ફેરતો
ઘોરતો ઓરડે કો'ક એદી તણી આંખમાં.

સ્રસવતી લૂ મહીં દોડતો, ને વળી
ખોડતો જાતને શ્વાનના ખોળિયે જાડમાં.
બંધ પાંખો કરી બેસતો પર્ણના ઝુંડમાં
તો ખડો થૈ જતો ડમરીલા થંભમાં.

જૈ ઊંડે વાવ ને કૂપમાં કુંડમાં
કાંય કૈં કારતો.
આજ વૈશાખ આ
થાક ઉતારતો છાંયડે પરબની પ્યાસમાં.

ડારતો નભ-તપ્યા ચંડ લોચન થકી
મૂળમાં ટૂંટિયે ફફડતી છાંયને
મોકળે મન જરી અંગ લંબાવતાં.
ખોરડાં બ્હાર ભાગી ગયાં
નાગડાં-પૂગડાં બાળને બરકતો
રતુમડું મરકતો ગુલમહોરે છકચા છાકમાં.

અરવ ને અલસ બપ્પોરમાં
મેં દીઠો આજ વૈશાખ કો રાજવી
જેમ જીતી બધું
હોય ઊભો પ્રતાપે બડા લાંકમાં !

કાં ? / 'શિલ્પિન્ થાનકી'

- ગઝલ -

બબ મારું થઈ ગયું તારાજ કાં?
આયનો મારા ઉપર નારાજ કાં?

હું મને પામી ગયો છું યુગ થયાં,
જાતથી આજે સખત ઇતરાજ કાં?

છે હજી મનમાં અનિર્ણયની દ્વિધા:
પિંજરે છું, તો ય હું પરવાજ કાં?

તાર છે વિચ્છિન્ન મુજ અસ્તિત્વના
તે છતાં ગુંજે સમયનું સાજ કાં?

રાતદિવસની ઘટના/સુરેશ દલાલ

- ગાન -

મારી રાતદિવસની, દિવસરાતની રાતદિવસની ઘટના:
એક જ તારી: એક તમારી: એક સનાતન રટના...
મારી રાતદિવસની ઘટના !

સૂરજ ઊગે ને કિરણકિરણમાં હોય તમારું નામ;
તારાઓની રજકણ ઓથે કોણ લુપાયું આમ?
અમે તમારી માછલીઓ ને અમે તમારી ઘટના:
મારી રાતદિવસની ઘટના !

પળપળનો આ વહે કાફલો અહો ! તમારે દેશ !
ભૂલેચૂકે પળ છૂટી પડે તો એ પળ છે પરદેશ.
અમે શ્યામને સોગંદ દીધા મીરાંના ઘૂંઘટના !
મારી રાતદિવસની ઘટના !

હતું/જટિલ

- ગઝલ -

ખુદાને સારી વ્યવસ્થાનું ક્યારે જ્ઞાન હતું?
યુવાન પાંખ હતી, વૃદ્ધ આસમાન હતું!

ન એના દિલમાં મારું નામ કે નિશાન હતું.
કે મારે કુંવેકુંવે જેમનું મકાન હતું.

જીવનનો જામ ભરાતો ગયો, પિવાતો ગયો,
ચડ્યો છે કેટલો નશો એ કોને ભાન હતું?

તમારી જેમ હું યે મારો પરદો રાખું છું,
ગુમાન તમને હતું, તો મને સ્વમાન હતું.

કોઈના ઝુલ્ફની સુગંધ દિલને ભરતી રહી,
'જટિલ' આ મારા ઉપર કોણ મહેરબાન હતું?

સાફલ્યનાં દેનારાં/મુકુન્દરાય વિ. પારાશર્ય

- શાર્દૂલવિક્રીડિત -

ગંગાસાગરના વિશાલ પટની લોકો કરે છે સ્તુતિ;
પોતાનાં જ જળે સમૃદ્ધ થઈ કૈં ગંગા વહેતી નથી.
સિન્ધુપ્રાય સ્વકીય નીર ધરવા અર્પી દઈ ગંગને
પંથે લુપ્ત થયાં અજાણ પ્રણમું તે હું સરિત્-અર્ણને.

❑ વૈશાખ: બળબળતા વૈશાખની ગતિ-સ્થિતિ, રુદ્રતા-રમ્યતા અને નીરવતાનું કલ્પનામઢ્યું ચિત્રમય કાવ્ય. યમક અને પ્રાસાનુપ્રાસનું સંગીત તથા ઝૂલણાની સાહજિક લય લચક ભાવચિત્રોની આસ્વાદ્યતામાં ઓર ઉમેરો કરે છે. વૈશાખ ને નાવીન્યપૂર્ણ શબ્દચિત્રો દ્વારા તાદશ્ય કરી, કાવ્યાંતે રાજવીના ઉપમાન દ્વારા એના પ્રતાપને ચરમ સીમાએ પહોંચાડયો છે. ❑ રાતદિવસની ઘટના: શિવ કાજે જીવના તલસાટને તીવ્રતાથી વ્યક્ત કરતી આ ગીતરચનામાં અભિવ્યક્તિનું નાવીન્ય અને ભાવાનુકૂલ લય આસ્વાદ્ય છે. પ્રથમ જ પંક્તિમાં જીવની સતત રટનાને રાત દિવસ શબ્દ ત્રણ વાર વાપરી તીવ્રતર બનાવાઈ છે. તો અંતે 'મીરાંના ઘૂંઘટના' સોગંદ દેવામાં અભિવ્યક્તિના નાવીન્યે તાજગી અને તીવ્રતાને ટોચે લાવી મૂક્યા છે. ❑ હતું: અધૂરા જીવનને પણ સ્વમાનથી જીરવવાની ગઝલસહજ મસ્તીભરી આ રચનામાં ખુદાને ઉપાલંભ આપી મસ્તીને વધુ તીવ્ર બનાવાઈ છે.

જેઇન ઍડમ્સ

માનવતાની દેવી, ગરીબોની બેલી, સ્ત્રી-જગતની ઉદ્ધારક, નિષ્ઠાવાન કેળવણીકાર, દૃષ્ટિસંપન્ન વહીવટદાર, શાંતિની પ્રખર ચાહક, નિઃસંતાન જગન્માતા

• કમલા પરીખ •





જેઈન ઍડમ્સ અને શિકાગોની એની પરોપકારી સંસ્થાનું મકાન 'હલ હાઉસ' △

ડો, બચપણમાં એ પોતાને Ugly ducking—'બેડોળ બતક'—માનતી. સહેજ વળેલા કરોડરજ્જુને કારણે માથું એક તરફ નમેલું રાખીને એ ચાલતી. નબળી તબિયત અને કાયમી બીમારીએ મૃત્યુ સુધી તેનો કેડો નહિ છોડેલો. શરીર પર અરધો ડઝન જેટલી શસ્ત્રક્રિયાઓ કરવામાં આવેલી! બાળપણથી જ પોતાની આ સ્થિતિની સભાનતાને લઈને એ ઉદાસીન રહેતી અને પરિણામે પોતાની જાતને 'બેડોળ બતક' ગણતી. આવી શારીરિક નબળાઇઓવાળા આ પાત્રને નિયતિએ જગતમાં ઉદાત્ત કાર્યો પાર પાડવા માટે પસંદ કર્યું!

ઈ. ૧૮૬૦ના સપ્ટેમ્બરની છઠ્ઠી તારીખે અમેરિકાના ઇલિનૉઈ પરગણાના સીડરવિલેમાં માબાપના આઠમા અને છેલ્લા સંતાન તરીકે જન્મેલી આ 'બેડોળ બતક' જેઈન ઍડમ્સે ચુમોતેર વર્ષના જીવનમાં જગતને જે આપ્યું તે અજોડ હતું. શૈશવમાં જ માની હૂંફ ગુમાવનાર જેઈનને પિતાનો પ્રેમ તો મળ્યો, પણ માતાની મમતા ન મળી. ચક્કીના માલિક, ધારાસભાના સભ્ય અને ઊંચા સામાજિક મોભાદાર સંપત્તિવાન પિતાના કડક સ્વભાવ અને વર્ચસ્વી વ્યક્તિત્વ પાસે પુત્રીને પાંગળા બની જવું પડતું. છતાં ય એ પોતાના વ્યક્તિત્વને મક્કમતાથી ખીલવતી ગઈ. પિતાની કડક, ગંભીર, સહનશીલ પ્રકૃતિ તો વારસામાં એને મળી જ, પણ માનવ પ્રત્યેની સહાનુભૂતિનો ગુણ જે પિતામાં ન હતો તે કુદરતે જેઈનને બક્ષ્યો. ને સહાનુભૂતિની આ ઈશ્વરદત્ત મીરાત પર એ જગખ્યાત થઈ.

પિતા પ્રત્યે એ ઘનિષ્ઠ વફાદારી અને સંનિષ્ઠ ભક્તિભાવ રાખતી. નાનપણનો એક પ્રસંગ છે. એક વખત જેઈન જૂઠું બોલ્યા પછી રાત્રે ઊંઘી શકી નહિ. એ જુઠાણાના પાપની સજારૂપે કાં તો પોતે મૃત્યુ પામી નર્કમાં જશે યા તો પોતાના પિતા મૃત્યુ પામશે એ વિચારવમળમાં અટવાએલી જેઈન છેવટે હિમ્મત એકઠી કરી, પોતે કરેલા ગુનાના એકરાર માટે તે રાત્રે જ પિતા પાસે પહોંચી ગઈ. પણ પિતાએ ઠંડો આવકાર આપતાં એટલું જ કહ્યું કે 'જો મારી પુત્રી જૂઠું બોલ્યા પછી સૂઈ ના શકી હોય તો તે બદલ ખુશ થવા જેવું છે.' પિતાએ ન તો એને હૃદય સાથે ચાંપી કે ન તેને માથે મમતાભર્યો હાથ ફેરવ્યો. વધુપડતા લાગણીશીલ સ્વભાવવાળી પુત્રીને પિતાના આવા વર્તનથી દુઃખ થયું, પણ આ પ્રસંગે તેને એક મહામૂલો પાઠ શીખવ્યો. આ બનાવથી એના હૈયે સ્નેહ અને સહાનુભૂતિનાં દ્વાર હમેશ માટે ખૂલી ગયાં. વળી, પિતાના મિત્ર અને પ્રીતિપાત્ર લિંકન માટે તેને માન અને આદર હતાં. ઈટાલિયન દેશભક્ત જોસેફ મૅઝિની પણ જેઈનનો આદર્શ વીર હતો. આમ, એ દેશભક્તિની અસર તળે આવેલી. તો આગળ જતાં ટૉલ્સ્ટૉયના અસહકારના સિદ્ધાંતની તેના પર ગહેરી અસર થએલી. ટૉલ્સ્ટૉય તો શારીરિક બળ પૂરતા જ અસહકારની મર્યાદા આંકતા, જ્યારે જેઈન શારીરિક, આર્થિક અને નૈતિક દબાણ લાવવાની પણ વિરોધી હતી.

એની વૈચારિક અને આચારિક ક્રાંતિના મૂળમાં એની કિશોરાવસ્થાના થોડા પ્રસંગો કારણરૂપ છે. પોતાના સુંદર ગામડાની નજીક આવેલા ફ્રી પોર્ટનાં કારખાનાંમાં જે ગરીબાઈનું પ્રથમ દર્શન થયું તેથી એનું હૈયું દ્રવી ઊઠ્યુ. વળી, એવી જ કારમી ગરીબીનું એક વધુ દૃશ્ય ઇલિનૉઈના ખેડૂતોની ખરાબ પરિસ્થિતિનો અભ્યાસ કરતાં એને જોવા મળ્યું. ઊંટ જેવી ખૂંધવાળા, વળી ગએલા ખેડૂતોને જોઈ તેનું હૈયું મૂક રુદન કરી ઊઠ્યું નિરાશાનાં પૂતળાં સમી ખેડૂ-પત્નીઓ અને અર્ધમાનવ જેવાં ખેડૂ-બાળકોએ દયાની આ દેવીના હૈયાને હચમચાવી મૂક્યું. આમ, નાનપણથી જ ગરીબોની સેવા કરવાના બીજનું વાવેતર તેની હૈયાભોમમાં થઈ ગયું.

નાનપણથી જ ગરીબો પ્રત્યે પ્રગટેલી સહાનુભૂતિને લઇને ગરીબો સાથે, પીડિતો સાથે રહી શકાય તે આશયથી ડૉક્ટર બનવાનો તેણે મનસૂબો કર્યો, પણ તે અમલી બને તે પહેલાં તો એના પિતાનું અવસાન થયું. પણ એની આઘાતજન્ય નિરાશાને એણે છેવટે ખંખેરી નાખી. આવી તો કેટલીયે નિરાશાઓ ખંખેરવાના પ્રસંગો તેની સામે આવવાના હતા તેનો આ તો માત્ર પ્રારંભ જ હતો. ઈ. ૧૮૮૧માં ફિલાડેલ્ફિયાની મહિલા તબીબી કૉલેજમાં તેણે પ્રવેશ તો મેળવ્યો, પણ કરોડરજ્જુની બીમારી ઊભી થતાં તેને દર્દી તરીકે ઇસ્પિતાલમાં દાખલ થવું પડ્યું. અને આમ, ડૉક્ટર બનવાની મુરાદને માત્ર સાત જ માસમાં તિલાંજલિ આપી એ પોતાને વતન પાછી ફરી. પોતાના બનેવી ડૉક્ટર હૅરી હાલ્ડરમૅનની સારવાર હેઠળ એને એક વર્ષ સુધી ધાતુનું 'Straight Jacket—અક્કડ કબજો' પહેરવો પડ્યો. અધૂરામાં પૂરું ડૉક્ટરનો અભિપ્રાય આવ્યો કે તે જીવનમાં કદાપિ માતૃપદ પણ ધારણ કરી શકશે નહિ! પણ આમ પોતાના બાળકની માતા ન બની શકનાર જેઈનને વિધાતા-નિર્મિત વિશ્વ-માતૃત્વ પ્રાપ્ત થયું એ એક અજબ પુરુષાર્થગાથા છે.

પિતાના મૃત્યુ બાદ ઈ. ૧૮૮૩ના ઑગસ્ટમાં જેઈને પોતાની અપર મા તથા મિત્રવૃંદ સાથે યુરોપનો પ્રવાસ કર્યો. આ યાત્રાએ એને ગ્રેઈટ બ્રિટનની મુલાકાત લેવાની તક આપી. આ પ્રવાસનો હેતુ તો વિશાળ શિક્ષણ અને સંસ્કૃતિસંપર્કનો જ હતો, પણ શહેરોની ગરીબાઈનાં ભયાનક દૃશ્યોથી તે ક્યાંય અદૃશ્ય થઈ ગયો. તેને લંડનના માઈલ-એન્ડ રોડમાં શહેરની ગરીબાઈનું ભયાનક સ્વરૂપ જોવા મળ્યું. ત્યાં દર શનિવારે સડી ગએલાં શાકભાજી ને ફળોનાં થતાં લિલામ વખતે લઘરવઘર કપડાંમાં ભૂખ્યાં લોકો બૂમો પાડતાં ઊભાં રહેતાં. વધુ પૈસા આપનાર તરફ ફળ-

શાકનો માલિક તે ફેંકતો અને તેને ધોયા કે રાંધ્યા વગર જ ખાઉધરાની જેમ આ ભૂખ્યાં લોકો તેના પર તૂટી પડતાં. એ દૃશ્ય જેઈનના મનમાં વર્ષો સુધી ભૂતાવળની જેમ ભમ્યા કર્યું. જર્મનીમાં સૅક્સ–કોબર્ગમાં દારૂ ગાળવાની ભઠ્ઠીમાં કામ કરતી મજૂરણોની કપરી પરિસ્થિતિ જોતાં તેનું હૈયું ભારે બની ગયું. દારૂથી ભરેલાં લાકડાનાં પીપના ભારથી વાંકી વળી ગએલી પીઠવાળી, અડબડિયાં આવતાં ગરમ પ્રવાહીથી દાઝતી મજૂરણોનું દૃશ્ય જેઈન માટે કારમું બની ગયું. એટલેસ્તો આવાં આવાં દૃશ્યો જોઈ જ્યારે એકત્રીસ માસના પ્રવાસને અંતે એ પાછી ફરી ત્યારે એની મૂંઝવણનો પાર ન હતો. યુરોપીય દેશોનાં સંગ્રહસ્થાનો ને ઐતિહાસિક અવશેષો કરતાં ત્યાંની ગરીબાઈ તેના હૈયાને વધુ સ્પર્શી ગઈ. માત્ર સંસ્કૃતિની સાધના જ જીવનનું સાચું ભાથું કે મુક્તિ નહિ આપી શકે તે સત્ય તેને હવે સમજાઈ ગયું. આ નિરાશા, નિરર્થકતા ને એકલતાના કંટકો વચ્ચે પણ એના હૃદયમાં રહેલી માનવતાની કળી ખીલવા લાગી.

આવા કપરા મનોમંથનમાંથી નીપજેલું નવનીત તે જ ‘હલ હાઉસ’. સ્ત્રીસમાજમાં કેળવણીપ્રચાર થાય અને પુસ્તકોમાંથી નહિ પણ જીવાતા જીવનમાંથી જ્ઞાન મળવાના હેતુ સાથે જ્યાં જીવન જરૂરિયાતો સરળતાથી પૂરી પડી રહે તેવા શિકાગો શહેરના ભાગમાં એક મકાન ભાડે રાખવાનો એણે વિચાર કર્યો. આ યોજનાને એની મિત્ર ઍલન સ્ટારે તરત વધાવી લીધી અને બ્લ્યુ આઇલૅન્ડ ઍવન્યુ, હાલસ્ટેડ સ્ટ્રીટ તથા હૅરિસન સ્ટ્રીટના ત્રિભેટા પર આવેલું, લાકડાના થાંભલાઓવાળું તે વખતનું ૩૩૫ નંબરનું, મૂળ કોઈ મિ. હલનું બંધાવેલું ‘હલ હાઉસ’ એક નાના મહિલાશ્રમમાં રૂપાંતર પામ્યું. શરૂઆતમાં તો ત્યાંના પડોશીઓ ‘હલ હાઉસ’ના નવા સ્થાપકો પ્રત્યે શંકાશીલ અને વિમુખ રહ્યા, પરંતુ જેઈનની મિત્રતા નિષ્ઠાવાળી અને વ્યવહારુ છે એવી ખાતરી થતાં તેમની શંકા નિર્મૂળ થઈ, અને તેમાં ધનાઢ્યો, અધ્યાપકો, વેપારીઓ, વિદ્યાર્થીઓ સૌ સમય તથા દ્રવ્યનો ફાળો નોંધાવવા લાગ્યા.

પછી તો એ ‘હલ હાઉસે’ કેટલાં યે ભૂખ્યાંને તૃપ્ત કર્યાં, માંદાંની માવજત કરી, મૂંઝાએલા પરદેશીઓ અને છોકરા–છોકરીઓને માર્ગદર્શન આપ્યાં. રસ્તા પર રઝળતાં મજૂરણોનાં બાળકો માટે ત્યાં બાલમંદિરની સ્થાપના થઈ. દિવસભર ચાલતી એક શાળા પણ ત્યાં શરૂ કરવામાં આવી, તો યુવાન અને વૃદ્ધ સ્ત્રીપુરુષોની તાતી જરૂરિયાતો પૂરી પાડતી ‘કલબો’ પણ સ્થપાઈ. આ ઉપરાંત કલાસંગ્રહ, સંગીતશાળા અને એક નાના થીએટરને પણ ત્યાં સ્થાન મળ્યું. તો બીજી બાજુ કામદારો અને તેમની પત્નીઓને સસ્તું અને પોષક ખાણું પૂરું પાડવાના ઉમદા માનવતાવાદી હેતુથી એક જાહેર રસોડાનું પણ ત્યાં આયોજન થયું! કૉફી હાઉસ અને વ્યાયામશાળા ઉમેરાયાં. પુસ્તકાલય, સ્ટુડિયો અને સ્ત્રીકામદાર સંઘની પ્રવૃત્તિઓનો પણ ત્યાં સમાવેશ થયો. કારખાનાંમાં [illegible] રીઓ નોકરી છૂટી જવાનો ભય ઊભો થતાં એનો પ્રતિકાર કરતાં ગભરાતી તેમને જોઇતો સથવારો આપ્યો અને ઇ. ૧૮૯૧માં એ હેતુથી ‘જેઈન કલબ’ની સ્થાપના કરવામાં આવી. ધીમે ધીમે બીજા કામદાર સંઘની મજૂરણોએ પણ સંગઠન સાધ્યું. પરિણામે ‘નૅશનલ વીમેન્સ ટ્રેડ યૂનિયન લીગ’ની ઈ. ૧૯૦૪માં સ્થાપના થઈ અને જેઈન તેના ઉપપ્રમુખ પદે ચૂંટાઈ આવી.

આમ, વિવિધ પ્રકારની ચાલીસેક પ્રવૃત્તિઓથી ધમધમતું ‘હલ હાઉસ’ નગદ માનવીય જરૂરિયાતોને જ કેન્દ્રમાં રાખતું હતું, ને એથીસ્તો ત્યાં દાનનો અવિરત સ્રોત ચાલુ રહેતો હતો ને! સેવાનો ભેખ ધારણ કરનાર આ વિરલ નારી સમાજથી તરછોડાએલી કુંવારી માતાઓની પણ સારસંભાળ લેતી હતી. એ રૂઢિચુસ્ત જમાનામાં એક વાર એક કુંવારી માતાની પ્રસૂતિ કરાવવાનો જ્યારે નર્સે ઈન્કાર કર્યો ત્યારે માનવતાની આ દેવીએ જુલિયા લૅથ્રૉપ સાથે એની મદદે દોડી જઈ પ્રસૂતિ કરાવેલી. આમ, આ સંસ્થાનું ધ્યેય દરેકને કંઈક ને કંઈક આપવાનું જ હતું. ત્યાં કોઈ ધર્મના વાડા ન હતા, ઊંચનીચ કે નાતજાતના ભેદ ન હતા, ગરીબ–તવંગરની કોઈ દીવાલ ન હતી, માટે જ તો એક દાયકાના ટૂંકા ગાળામાં ‘હલ હાઉસે’ જેઈનને એક રાષ્ટ્રીય વ્યક્તિ તરીકે સ્થાપી દીધી. સામાજિક સેવાના કાર્યમાં આ નારીએ પોતાનાં સમય, શક્તિ, સહાનુભૂતિ અને સંપત્તિનું સર્વથા સમર્પણ કર્યું હતું. એણે જીવનમાં ફક્ત એક જ વાર વાર્ષિક ૧૦,૦૦૦ ડૉલરની વૉર્ડ ઈન્સ્પેક્ટર તરીકેની નોકરી સ્વીકારી હતી, પણ એ પૈસા યે એણે પોતાને માટે રાખ્યા જ નહોતા. પછી તો ‘હલ હાઉસ’માં વહેલી સવારથી મોડી રાત સુધી કર્મશીલ રહેવું એ જ જેઈનને મન સ્વર્ગ હતું.

શિકાગોનાં અનિષ્ટો અને ગંદકીથી જેઈન પૂરેપૂરી માહિતગાર હતી. ગુનાઓ પ્રત્યે પોલીસનાં આંખમીચામણાં, ખરીદાતા અને વેચાતા મત, જુગાર, દારૂ ને વેશ્યાપ્રવૃત્તિમાં ખાનગી સહકાર આપતા રાજકારણીઓ, બેકાબૂ બની ઝૂંપડાંમાં ફેલાતો રોગચાળો, આ બધું જેઈનથી ક્યાં અજાણ્યું હતું? તેથી તો એ ઔદ્યોગિક યુગ માટે નવા જ સામાજિક નીતિશાસ્ત્રની શોધમાં હતી. ‘હલ હાઉસ’ના પ્રથમ વીસ વર્ષના ગાળામાં તેનું ધ્યાન આ મુદ્દા પર જ કેન્દ્રિત થએલું હતું. ઈ. ૧૯૦૫માં જ્યારે એ ‘શિકાગો બોર્ડ ઑાવ એડ્યુકેશન’ની સભ્ય બની ત્યારે જણાવ્યું કે શૈક્ષણિક કક્ષા સુધારવા સૌ પ્રથમ જાહેર શાળાની પદ્ધતિનો વહીવટ રાજકીય શોષણખોરીથી મુક્ત હોવો જોઈએ. અનેક પ્રકારની બદીઓથી ખદબદતા શિક્ષણક્ષેત્રને દુરસ્ત કરવા એણે સ્વતંત્ર અધીક્ષકની નિમણૂક કરાવી. પરિણામે, એને શિરે શિક્ષકોનો ખોફ ઊતર્યો, ને ઈ. ૧૯૦૯માં જેઈનની સભ્યપદની મુદત પૂરી થતાં તેને ફરી નિયુક્ત કરવામાં ન આવી! પણ આવીઆવી નિરાશા અને નિષ્ફળતામાં પણ અડગ નિરધારવાળી જેઈન નાસીપાસ ન થઈ. સેવાની ભેખધારી જેઈનને તો અન્યાય અને અનિષ્ટ સામે લડવું જ હતું. ગરીબોને ન્યાય મળે તે ઈરાદાથી એણે મજૂર કાયદાની ઝુંબેશ ઉપાડી ને ઇલિનૉઈ પરગણામાં ઈ. ૧૮૯૩માં પ્રથમ વાર ફૅક્ટરી કાયદો પસાર થયો. નાના છોકરાઓને કારખાનામાં અમાનુષી શ્રમ કરવો પડતો તે સામે પણ તેના જ પ્રયત્નથી શિશુશ્રમ વિરોધી કાયદા દાખલ કરવામાં આવ્યા. અન્યાયના પ્રતિકાર માટે ‘હલ હાઉસ’માં ભાંગફોડિયા, ક્રાંતિકારી કે સમાજવાદી સૌને સ્થાન હતું. આથી ‘હલ હાઉસ’ ‘નેસ્ટ ઑાવ રૅડિકલ્સ’—ઉદ્દામવાદીઓનો અડ્ડો—કહેવાતું. આને કારણે કેટલાક નાગરિકો તો જેઈનને બત્તીના થાંભલે ફાંસીએ લટકાવવી જોઈએ એવું ઉગ્ર મંતવ્ય ધરાવતા, પણ જેઈન આ કશું ક્યાં ગણકારે તેવી હતી? એ તો કોઈ નોખી માટીનું જ માનવી હતી!

પ્રથમ વિશ્વયુદ્ધ વખતે એણે શાંતિ માટે જેહાદ જગાવી, વૉશિંગ્ટનમાં ત્રણ હજાર સ્ત્રીઓની સભા વચ્ચે ‘સ્ત્રી શાંતિ પક્ષ’ની સ્થાપના કરી એની પ્રમુખ ચૂંટાઈ. આ સંસ્થાના પ્રયત્નોને પરિણામે રાષ્ટ્રીય શાંતિ સંઘની સ્થાપના થઈ. ઈ. ૧૯૧૫માં આંતરરાષ્ટ્રીય કલહને શાંતિના રાહે મિટાવવા માટે સ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય મહાસભામાં અમેરિકાથી ભાગ લેવા જનાર ૪૭ મહિલાઓમાં જેઈન પણ હતી. આ અધિવેશનમાં ‘કાયમી શાંતિ સમિતિ’ની સ્થાપના થતાં જેઈન તેના પ્રમુખપદે રહી. આ ઝુંબેશ દરમિયાન પંચાવન વર્ષની વયે એની તબિયત બગડતાં, કિડનીનું ઑપરેશન કરી એક કિડની કાઢી નાખવામાં આવી.

દુનિયાના વિવિધ દેશોની મુલાકાત લેનાર જેઈને મહાત્મા ગાંધી સ્થાપિત અમદાવાદના પ્રસિદ્ધ ગાંધી આશ્રમની મુલાકાત પણ લીધેલી. આ પ્રવાસ દરમિયાન જપાનમાં એને કિડનીનું બીજું ઑપરેશન કરાવવું પડ્યું, છતાંય મુશ્કેલીઓનો બહાદુરી અને ધીરજથી સામનો કરતી તે પોતાની ધ્યેયસિદ્ધિ માટે સતત પ્રયત્ન કરતી જ રહી. ચાર્લ્સ

કરકસર અને બચાવની રીતો

આજકાલ મોંઘવારી વધી છે અને બીજી તરફ આવક અનિશ્ચિત છે તે વખતે દરેકે પોતાના ખર્ચનું સંભાળપૂર્વક આયોજન કરી જરૂરી ખર્ચ કરવાથી કરકસરનો લાભ મળે છે. બિનજરૂરી ખરીદી અને વ્યસનોથી મુક્ત થવાથી પણ ઘણા ટકા ખર્ચ ઘટાડી શકાય છે.

વ્યસનો આપણા ખર્ચનો કેટલા ટકા ભાગ રોકે છે તેનો કદી વિચાર કર્યો છે ખરો? તમારો ચાનો ખર્ચ મૂકી જુઓ. સોપારી સસ્તી હતી ત્યારથી મારા એક મિત્રને તેનો શૉખ લાગેલો. તે સૂડી સોપારી ખિસ્સામાં જ રાખતા ને જ્યારે જુઓ ત્યારે એમના મોંમાં સોપારીનો ડૂચો ભર્યો જ હોય. તે જ પ્રમાણે તમાકુનું. એ ખાવાના કે ધૂમ્રપાનના વ્યસની મિત્રોને તો કૅન્સરના ભોગ બનેલા પણ જોયા છે. દારૂની લત પાયમાલ કરવા સાથે કારાગાર સુધી તાણી જતી પણ ઘણાએ જોઈ હશે.

આવા કપરા કાળમાં જો સંયમથી રહેવાનો સંકલ્પ કરીએ તો કેટલોક ખર્ચ બચાવી શકાય. આ સાથે ભોજનમાં સંયમી અને નિયમિત થનારને દાક્તરનાં બિલો ભરવામાંથી પણ રાહત રહેશે. આરોગ્યના ગ્રંથો વાંચી સમજીને પરચૂરણ અસ્વસ્થતા તો જાતે પણ દૂર કરી શકાય.

એવું જ મોજશોખનું. આજે મધ્યમ વર્ગના માનવીનું જીવન પણ ભોગપ્રધાન થતું જાય છે. કાંડાઘડિયાળ અને ટ્રાન્ઝિસ્ટર રેડિયો ઘરઘરનાં સાધનો બનતાં જાય છે. અગાઉ કપડાંની થતી એવી કરકસર આજે જણાય છે? ભલે સાંધેલાં કે થીગડાંવાળાં, પણ સ્વચ્છ ઠાવકાં કપડાં પહેરેલાં માનવી આજે કેટલાં નજરે પડે છે? આજે તો સામાન્ય કુટુંબમાં પણ કિસમકિસમનાં ઘાટરૂપ ને ભૅરાભડકામણાં રંગભાતવાળાં કપડાંની ભરમાર છે. સામાન્ય કુટુંબની કન્યાઓને પણ મિની ને મૅક્સી, સલવાર ને દુપટ્ટા, લૅંઘા ને લૂંગીનો મોહ વળગ્યો છે. એની પાછળ થતા ખર્ચનો અંદાજ કાઢીએ છીએ? બેન્જામિન ફ્રાંકલિને એક સારગર્ભ સૂત્ર કહ્યું છે કે 'માણસ કરતાં ફૅશન વધારે કપડાં ફાડી નાખે છે.' આજે કપડું જરાસરખું ફાટતાં કાઢી નંખાય છે અને એ વેચીને બરણી-પ્યાલા ખરીદાય છે. પણ એ ખોટનો વેપલો છે. બટન-થીગડાં અને હાથસિલાઈ કરીને કાપડની કરકસર કરીને રહેતી બહુ જૂજ સ્ત્રીઓ આજે જણાશે. જીવનમાં એ રીતે રહેનારને કોઈના ઓશિયાળા કે દેવાદાર બનવું પડતું નથી.

અમે છેક નિરાશાવાદી નથી. સમાજમાં હજી પણ એવાં કુટુંબો હશે જ, જેઓ આજની અછત અને ભીંસમાં અવનવા કરકસરના પ્રયોગો અને બચાવના નુસખા અજમાવીને ટક્કર ઝીલતા હશે અને સ્વયંપર્યાપ્ત જીવનનો ઓડકાર ખાતા હશે. એવી સમજ સમાજમાં સર્વત્ર પ્રસરે તો દેશનું ઘણું ધન બચે અને પ્રજા કુશળતા અને સુવ્યવસ્થાના પાઠ શીખે.

ભાવનગરની શિશુવિહાર સંસ્થાએ એક સરસ પ્રયોગ કર્યાનું જાણવા મળ્યું છે. સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ઘેરઘેરથી નકામા ને ફેંકી દેવાના કાગળના ડૂચા ઉઘરાવીને કાગળના કારખાનાને વેચી તેમાંથી મળેલા પૈસા વિદ્યાર્થીઓને વિવિધ રીતે સહાય કરવામાં વાપરવાની એમણે એક યોજના કરી હતી. આ એક આવકાર્ય પ્રયોગ છે. એક બાજુ કોરા રહેલા હોય એવા કાગળોનો લખવામાં ઉપયોગ કરવો એ પણ બચતની એક રીત છે. ખુદ ગાંધીજીએ તે અપનાવેલી. એ જ રીતે ઘરવપરાશ માટે આવા કાગળનાં પરબીડિયાં બનાવવાનું. દુકાનદારો આવા કાગળની કોથળીમાં માલ ભરી આપે છે એ ઘણાંએ જોયું હશે. શાળામાં વપરાઈ ચૂકેલી નોટમાં વધેલાં કોરાં પાનાં ફાડીને તેમાંથી પરચૂરણ નોંધ માટેની નોટબુક બનાવવાનું પણ ઘણાંને જ્ઞાત હશે.

આ તો માત્ર થોડા દાખલા છે. આજે લગભગ બધી જ દિશામાં કરકસર અંગે ગંભીરપણે વિચારવાની જરૂર છે. અગાઉ બીજા વિશ્વયુદ્ધ વખતે તીવ્ર તંગી અને મોંઘવારી પ્રવર્તતી હતી ત્યારે 'કુમારે' આ જ મથાળા નીચે માળા શરૂ કરીને વાચકોનાં સૂચનો મંગાવ્યાં હતાં. તેના જવાબમાં સંખ્યાબંધ નુસખાઓ અમને મળ્યા હતા. ત્યારને મુકાબલે આજની મોંઘવારી અનેકગણી કપરી છે. એવે કાળે આજે સુજ્ઞ વાચકો પોતપોતાના આગવા ખયાલો પ્રમાણે કરકસરની અવનવી યુક્તિઓ અજમાવતા જ હશે. બહુજનહિતાર્થે એ અમને લખી મોકલશે તો તેમાંથી યોગ્યને 'કુમાર'ના અન્ય વાચકોના લાભાર્થે પ્રકટ કરીશું. અમારા એક સદ્ગૃહસ્થ મિત્ર તરફથી એવાં સૂચનો ધરાવતા શ્રેષ્ઠ લેખ માટે રૂ. ૨૫નું પારિતોષિક જાહેર કરવાનું અમને કહેવામાં આવ્યું છે. □

ઈ. મિરિયામ નામના રાજ્યશાસ્ત્રના અધ્યાપકના શબ્દોમાં તો એ 'ખાતા વગરની પ્રધાન', 'ખુરશી વગરની વ્યાખ્યાતા' અને 'પુરુષે બનાવેલી દુનિયાને દોરનાર નારી' હતી. તેની આવી જીવનભરની કામગીરીને પરિણામે ઈ. ૧૯૩૧માં શાંતિ માટેનું નોબેલ પારિતોષિક જેઈન ને કોલંબિયા યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડૉ. નિકોલસ મરે બટલર વચ્ચે વહેંચવામાં આવ્યું હતું. એ ઈનામી રકમ એણે 'વીમેન્સ ઈન્ટરનૅશનલ લીગ'ને અર્પણ કરી દીધી હતી. એક પ્રખ્યાત સામયિકે તો એને અમેરિકાની સૌથી મહાન મહિલા તરીકે બિરદાવેલી.

સિત્તેર વર્ષની ઉંમરે એણે આંતરરાષ્ટ્રીય પ્રમુખના હોદ્દાનું રાજીનામું તો આપ્યું પણ માનાર્હ સેવાઓ ચાલુ જ રાખી. ૧૯૩૩ના શિયાળામાં ફરી એ માંદી પડી. હૃદયના દર્દ અને બ્રૉંકાઈટિસને લીધે એને ચાર માસ સુધી પથારીવશ રહેવું પડ્યું. ફરી હૃદયબળ એકઠું કરી એ 'હલ હાઉસ'માં કાર્યરત બની. ચારે બાજુથી માનમરતબાનો જાણે એના પર વરસાદ વરસ્યો. ૧૯૩૩માં અને '૩૫માં અનુક્રમે સ્વાર્થમોર અને બર્કલે યુનિવર્સિટીઓ તરફથી એને પદવીઓ આપવામાં આવી. ૧૯૩૫માં 'અમેરિકન એડ્યુકેશન ઍવૉર્ડ' પણ એને એનાયત થયો.

પરંતુ ચિર યુવાન એ હંસલાને રહેવાનું પેલું પિંજર તો હવે જૂનું થતું ચાલ્યું હતું. ઈ. ૧૯૩૫ના મેની ૧૫મીએ એને પેટમાં જીવલેણ શૂળ ઊપડ્યું. ૧૮મીએ શસ્ત્રક્રિયા માટે ઇસ્પિતાલમાં દાખલ કરવામાં આવી. નિદાન થયું, ઘણા જૂના પણ જાણમાં નહિ આવેલા કૅન્સરનું! ત્રણ દિવસ બાદ મેની ૨૧મીએ સવારે છ વાગ્યા બાદ તેનો આતમહંસ દેહપિંજર છોડી ગયો. એના મૃતદેહના દર્શન માટે લોકોનાં ટોળેટોળાં ઊમટ્યાં. સંસારના સર્વ સ્થળેથી શોકસંદેશાઓની ઝડી વરસી. હવે સૌની દૃઢ પ્રતીતિ થઈ કે એ માત્ર 'સારી' જ નહિ પણ 'મહાન' હતી!

સામાજિક ક્રાંતિ સમા 'હલ હાઉસ'ની પ્રણેતા, માનવતાની દેવી, ગરીબોની બેલી, સ્ત્રી-જગતની ઉદ્ધારક, નિષ્ઠાવાન કેળવણીકાર, દૃષ્ટિસંપન્ન વહીવટદાર, શાંતિની પ્રખર ચાહક, નિજી માતૃપદને ગુમાવનારી જગન્માતા, અનેક માનાર્હ પદવીધારી જેઈન ઍડમ્સ બહુરત્ના વસુંધરાના ખજાનામાંનું આવું એક અણમોલ નારીરત્ન હતી! □

હરિ: ૐ આશ્રમ તરફનું

મે અંક માટેનું રૂ. ૫૦નું

જીવનચરિત્ર પારિતોષિક

'વિષ્ણુ ગણેશ પિંગળે'ના લેખક

પ્રો. વસંત જોષીને મળે છે.

‘કાયદો’ અને ‘વ્યવસ્થા’

—અશ્વિન દેસાઈ—

બુધાભાઈ રસવાળાના કોલુ આગળથી તમે એમ ને એમ પસાર ન થઈ શકો! પહેલી વાત તો મુંબઈના ભીડવાળા રસ્તા ઉપર તમને ખેતરમાં કાપણી વખતનાં ગીત સાંભળવા મળે! બીજી, બુધાભાઈનો હસતો ચહેરો. ન રોકાવું હોય તો ય રોકાઈ જ જવું પડે.

મને યાદ છે કે પહેલવહેલી નોકરીના ઈન્ટરવ્યૂ માટે હું જતો હતો, ત્યારે બુધાભાઈના કોલુની મુલાકાત થએલી. ‘શ્રી અંબા-ભવાની રસનું કોલુ’ ગુજરાતીમાં નાના-મોટા અક્ષરે લખેલા પાટિયા પર નીચે ‘માલિક બુધાભાઈ રસવાલા’નું નામ મને સહેજ સ્પર્શી ગએલું. હું દાખલ થએલો.

‘અડધું’ કે આખું?’ એક તદ્દન અભણ જેવો, અમારા તરફની દુબળા કહેવાય એ જાતનો છોકરો મારી સામે આવીને ઊભેલો. મશીન ઉપર ઊભેલા માણસે મોટેથી બરાડો પાડેલો: ‘મોહના! સાલા મૂરખ! હજાર વાર ના પાડી કે કોઈ આવે એટલે તરત પૂછવાનું નહિ, તો ય તારી બોબડી બંધ થતી નથી?’ છોકરો ભોંઠો પડીને મારી સામેથી હઠી ગએલો. મારાથી સહેજ હસી દેવાએલું: ‘કેમ? ઑર્ડર જલદી લે એમાં તમને શો વાંધો છે?’ મેં પૂછેલું.

‘નહિ, સાહેબ! એમ વાત નથી! કોઈ માણસ બહારથી થાક્યું-પાક્યું આવેલું હોય તેને લગીર બેસવા તો દેવું જોઈએ ને? માણસ જરા દમ લે, હળવું થાય, પછી નિરાંતે પૂછાય. તેને બદલે આ મૂરખ. કોઈ હજી બારણામાં દાખલ જ ન થાય ત્યાં તેના માથા ઉપર જઈને ‘અડધું’ કે આખું?!’ મેં હજાર વાર ના પાડી હશે. પણ એની સાલાની ધીરજ જ નથી રહેતી!’ મેં ખૂણામાં ચૂપ થઈ ને ઊભા રહેલા છોકરા તરફ જોએલું. છોકરો મારી તરફ જોઇને નિર્દોષ હસેલો.

‘હશે! છોકરો છે, ભૂલ થાય.’ મેં કહેલું.

‘અરે પણ, સાહેબ! રોજ ને રોજ મારે એકની એક રામાયણ કરવાની? એનો બાપ કહે કે મોહનો સીધો નહિ ચાલે તો ફટકારવાનો! આપણા મનમાં એમ કે, બચ્ચું છે, મા-બાપથી નોખું આપણી હારે આવ્યું છે, ને મારીએ તો નિંસાસો નાખે. ત્યારે સાલાને વધારે ચરબી ચડે છે!’

હું સહેજ હસેલો, અને દુકાનમાં નજર ફેરવેલી. એક ખૂણામાં લટકાવેલી સ્લેટ ઉપર ચાકથી લખેલું ભાવનું પાટિયું વાંચેલું: ‘હમારે ત્યાં ઠંડો રસનો બરફ આખા ગલાસના ચાલીસ પૈસા, અરધા ગલાસના વીસ પૈસા. ઉધાર માગવું નહિ.’

‘સાહેબ, લીંબુ-આદુ ફાવશે કે?’ બુધાભાઈએ મશીન ઉપરથી મારી સામે આવીને પૂછેલું. ‘સહેજ લીંબુ નાખો, આદુ નહિ.’

‘આખો જ લાવું ને?’ બુધાભાઈએ હસીને પૂછેલું. ‘હા, જોઇએ તો ખરા, આખો જ લાવો ને!’ બુધાભાઈ તરત મશીન ઉપર પાછા ફરેલા.

‘મોહના, ગલાસ ધોઈ કાઢ! ઊભો શું છે, મૂઢની માફક!’ ને બુધાભાઈ મશીનમાં એક હાથે શેરડી મૂકીને બીજે હાથે સંચો ફેરવવા લાગેલા.

એક વાર હુ બુધાભાઈના કોલુએ જઈ ચડેલો ત્યારે મોહનો ખૂણામાં ઊભો ઊભો રડતો હતો! ‘કેમ બુધાભાઈ? મોહનો આજે રિસાયો?’

‘અરે જવા દો ને વાત, સાહેબ! આ તો મારી ઘરાકી તોડે એવો છે!’

‘કેમ, શું થયું એવું વળી?’

‘આજ સવારે ચાર ઘરાક જરાક ઉતાવળમાં હતા, એટલે કહે કે કાકા જલદી કરજો. મેં જરા જોરથી સંચો દબાવ્યો ને રસ કાઢ્યો. ગલાસ ભરાયા કે મોહનાભાઇએ એની જાત બતાવી!’ હું આશ્ચર્યથી ઘડીભર મોહનાને તો ઘડીભર બુધાકાકાને જોઈ રહ્યો.

‘સાહેબ! એને તે સાલાને શું કહેવું, તે સાલાએ રસમાં આંગળાં નાખીને એક જ હાથે ગલાસ પકડ્યા! ઘરાક ખીજવાયા! કહે કે ‘લે જાઓ, નહિ મંગતા હૈ!’ મેં કહ્યું કે, થોડા ઠેહરો હમ દુસરા નીકાલ કે દેતા હૈ! પણ કામમાં હોય તે માણસ કંઈ આપણે માટે ઊભા રહે? અને આમ સવારના પહોરમાં રૂપિયા-દોઢ રૂપિયાની બોણી ગુમાવી!’

‘પણ એટલા માટે તમે એને માર મારો તે કંઈ સારુ કહેવાય?’

‘માર્યો નથી, સાહેબ! એના રડવાનું તો બીજું જ કારણ છે!’

‘તમે એને વઢ્યા હશો!’

‘ના, એમ નથી. મેં એને કહ્યું કે આવી ઉપાધિ જ કર્યા કરવાનો હોય તો રાતની લોકલમાં તને ગામ ભેગો કરી દઉં છું. એટલે રડે છે!’

‘એના બાપ એને ફટકારે તેની બીક લાગતી હશે!’

‘તે કરતાં ય, એને સાહેબ, મારા વગર ચાલતું નથી! ગામ જઇએ તો ય સાલો દુબરવાડે જાય નહિ ને મારા ઘરમાં જ પડ્યો રહે! હું કહું કે સાલા મૂરખ, તારે મા-બાપ જેવું કંઈ છે કે નહિ, તો એની મા હસીને કહે, કે તમે જ એના મા-બાપ છો ને, બુધાભાઈ!’

‘તે આ તમારા ગામનો છોકરો છે?’

‘મારા દુબળાનો જ છોકરો, સાહેબ! એનો બાપ મારા ખેતરમાં કામ કરતો ને એની મા મારા ઘરમાં કામ કરતી! એટલે તો મારે લાવવો પડ્યો! નહિ તો આ મૂરખ સાથે કોણ ભેજા-ફોડી કરે?’

‘તે તમારી ખેતી હવે કોણ કરે? કે કાઢી નાખી?’

‘એની તો બહુ મોટી રામાયણ થઈ, સાહેબ!’

‘કેમ? શું થયું? હવે તો ઊલટાનું ખેતીમાં સરકાર તરફથી પણ વધારે પ્રોત્સાહન મળે છે. બૅંકની લોન ને બધું ય મળે છે.’

‘એ બધું ખરું, સાહેબ! પણ બીના બની એવી કે, જમીન મારી પોતાની નહોતી! અમારા ગામના દેસાઈ અહીં મુંબઈમાં જ ઠરીઠામ થયા છે તેમની જમીન. અમે બાપ-દાદાના વખતથી ખેડતા આવેલા. પાણીપત્રકમાં નામ દેસાઈનું, પણ હમણાં જે સરકારી દફતરે નવા ગણોતિયા નોંધાવા માંડ્યાને, તે દેસાઈની ધીરજ ખૂટી. કોઈ કે ચડાવ્યા હશે કે ગમે તેમ, પણ મને વાતમાં ને વાતમાં કહે કે, તું કબજો છોડે તો તને હજાર રૂપિયા આપું! મેં કહ્યું કે, આ તમે શું બોલ્યા દેસાઈ? તમારા ઘરમાં અનાજ ખાઇને હું મોટો થયો છું! અને તમારી જમીન ખેડીને અત્યારે પણ પેટ ભરું છું! તેનો કબજો છોડવાના હજાર રૂપિયા? હું તો આ પલાંઠી વાળીને બેઠો છું! લઈ લો તમ-તમારે તમારો કબજો!’

‘તે પછી દેસાઇએ કબજો લઈ લીધો?’

‘હા. મને કહે, હું હવે જાતે ખેતી કરાવવા માગું છું. તારે કામ કરવું હોય તો તું મારે ત્યાં કરજે, હું તને પગાર ચૂકવીશ.’

‘પણ કાયદાની દૃષ્ટિએ તો તમારો હક થાય. તમારે જમીન એમની પાસેથી વેચાતી રાખવી હતી ને?’

‘જમીન લેવાના પૈસા ક્યાંથી લાવું સાહેબ?’

‘પણ એમાં તમારે એક સામટા આપવાના હોતા નથી! હપતે હપતે ચૂકવવાના હોય છે. તમારી સગવડે તમારા ખરચા-પાણી બાદ કરતાં જે કંઈ વધે તેમાંથી ચૂકવવાના હોય છે!’

‘એ ધંધો જ આપણે ન જોઇએ ને, સાહેબ! એક વાર વિશ્વાસ ઊઠ્યો ત્યાં બેસી રહેવામાં મજા નહિ, એટલે આપણે જમીન જ સોંપી દીધી!’

‘આ કોલુ કાઢવાનો રસ્તો કોણે બતાવ્યો?’

‘એ જ દેસાઇનો તમારી ઉમરનો છોકરો છે, સાહેબ! મારી આંખ આગળ મોટો થએલો. મને કહે કે, બુધાકાકા તમે ગભરાશો નહિ. હું તમને મુંબઈ લઈ જઈશ. મેં કહ્યું કે મુંબઈમાં હું શું કરીશ, બેટા? તો કહે કે, તેની ચિંતા તમારે કરવાની નહિ. હું તમને પોસ્ટકાર્ડ લખું એટલે તમે ગાડીએ બેસી જજો. આ બધી એની બોલબાલા છે, સાહેબ! આપણું કંઈ નથી! નવીનભાઈ જો મશીનનો કબજો માગે તો આપણે

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૪૨

અળાઇ

ઉનાળાના બળબળતા તાપ, દઝાડતી લૂ અને ચોમાસાના અસહ્ય બફારાને કારણે થતી અળાઇની ઝીણી ઝીણી અસંખ્ય ફોલ્લીઓ વલૂરવાનો તો ઘણાને અનુભવ હશે. ખૂબ ખજવાળ, આછી બળતરા અને સામાન્ય વેદનાથી અળાઈ બહુ અકળાવી દે છે. તેમાંથી છુટકારો મેળવવા શીતોપચાર જરૂરી છે. આ માટે–

૧) ઠંડા પાણીનું સ્નાન સર્વોત્તમ છે. પાણીમાં લીંબુ કે કેરીનો રસ, સુગંધી વાળો કે ગુલાબની પાંખડીઓ નાખી સ્નાન કર્યું હોય તો વધુ સારું. દિવસમાં બે વાર સ્નાન કરવા મળે તો સદ્ભાગ્ય.

૨) ઉબટન. નાહતા પહેલાં આમળાં, સુખડ, સુગંધી વાળો, કેરીની ગોટલી કે કપૂર-કાચલીનું ચૂર્ણ કે ચણાનો લોટ, વગેરેમાંથી ગમે તે અથવા ગમે તેટલાનું મિશ્રણ પાણીમાં કાલવી શરીરે ખાસ અળાઈગ્રસ્ત જગ્યાએ ચોળીને થોડી વાર રહેવા દેવાથી પણ સારો લાભ થશે. કાળી માટી પણ આ માટે ચાલી શકે.

૩) ટાલ્ક પાઉડર–સ્નાન પછી શરીર સારી રીતે સ્વચ્છ કરી ફરી પરસેવો ન વળે તે માટે સારી જાતના ટાલ્કમ પાઉડરથી શરીરે છંટકાવ કરવો. સારા પ્રકારનું રાંખજીરું અને સુખડનું અત્યંત બારીક ચૂર્ણ ઘેર મેળવીને પણ પાઉડરની અવેજીમાં વાપરી શકાય.

૪) નાઈલૉન, ટેરેલીન જેવાં કૃત્રિમ રેસાનાં કપડાંઓને તિલાંજલી જ આપવી. અને ગંજી-જાંઘિયા કપડાં તો જ્યાં ગરમી ને બફાટના દિવસોમાં ખાદીનાં જ ઉત્તમ: પરસેવો થવા ન દે અને થાય તે સારી રીતે શોષી લે.

૫) શરબત–ખસ, ગુલાબ, લીંબુ, આમલી કે કાચી યા પાકી કેરીનું શરબત પણ શરીરને ટાઢક આપે છે. અલબત્ત, આ શરબતો સેકેરિન ને એસેન્સનાં નહિ પણ જે તે ફળના અસલ રસનાં જોઇએ.

૬) શિખંડ, તાજી મોળી છાશ, કેરીનો બાફલો, મધુર કેરીનો રસ, માટલીનું ઠંડું પાણી, આમળાં કે કેરીનો મુરબ્બો પણ લાભકર.

૭) પ્રવાલયુક્ત ગુલકંદ, આમલકી રસાયન, ધાત્રી રસાયન, ચંદનાદિ ચૂર્ણ, શતાવરી ક્ષીરપાક વગેરે ઔષધના પ્રયોગો છે.

૮) ફાલસા, કેરી, લીલીદ્રાક્ષ, કરમદાં, દાડમ, આમળાં, સકરટેટી, તરબૂચ વગેરે ફળો પણ શાતા આપે છે.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

પાછા ગામભેગા!' બુધાભાઈ હસી પડેલા. હું ઘડીભર વિચારમાં પડી ગએલો. છોકરો રસનો ગ્લાસ મારી સામે મૂકી ગએલો.

'તમારી પાસેથી મશીનનું ભાડું લે છે નવીનભાઈ?'

'ના, ભાઈ ના. જવા દો ને વાત. હું કહીકહીને થાકયો કે આનો કંઈ ખુલાસો કરો—ખુલાસો કરો! પણ મને કહે કે તમ-તમારે ખુશીથી કોલુ ચલાવો. વખત આવ્યે હું હિસાબ કરી લઈશ! હજી મારા બેટાનો, બે વરસ થઈ ગયાં તો ય, વખત જ નથી આવતો!'

'તમારી પાસે આવે ખરા કે? મળવા-મૂકવા?'

'બે વરસમાં ત્રણ વખત આવ્યા છે! કહે કે, મને ટાઈમ જ કયાં મળે છે? ધંધો કરે છે ને, ભાઈ! મેં કહ્યું કે, રસ પીવા તો આવો! છોકરાંને મોકલો! તો હસ્યા કરે.'

પછી નીકળતી વખતે હું પૈસા ચૂકવવાનું ભૂલી જતો. બુધાભાઈ પણ ભૂલી જતા. યાદ આવતું તો હું અરધેથી પાછો આવતો. 'તમે ય બુધાભાઈ! આમ વેપાર કરશો તો કેમ ચાલશે?' બુધાભાઈ હસ્યા કરતા. 'એ તો એમ જ ચાલે, સાહેબ! ભગવાને આપણને મધ-મીઠી શેરડી આપી છે તેના આપણે ભગવાનને કેટલા ચૂકવ્યા છે? તેનો વેપાર કેવો ચાલે છે!' હું બુધાભાઈના વધેલી દાઢીવાળા ચહેરાને જોઈ જ રહેતો.

કોઈ વાર હું બુધાભાઇને વાતમાં ને વાતમાં એમના ઘર વિષે પૂછતો.

'છે ને! ગામમાં મારું પોતાનું ઘર છે! ખાસ્સું મોટું છે!'

'તમારે ઘેર કોણ કોણ રહે છે, હમણાં?'

'બાપા ગયે વરસે જ ગુજરી ગયા. ડોસી છે. તેની સાથે મારો પાંચ વરસનો છોકરો છે.'

'કેમ, છોકરાને ગામ રાખો છો? ડોસી સાથે બહુ માયા છે?'

'એ તો ઠીક, પણ સાહેબ, અહીં લાવીએ તો રાખીએ કયાં? અમે તો આ કોલુમાં જ પડી રહીએ છીએ!' 'તે તમારી વહુ કયાં છે?'

'દેવલોક થઈ છે, સાહેબ! બે વરસ થયાં. જવા દો ને; મારે તો એક બાજુ બૈરું મરી ગયું ને બીજી બાજુ જમીનનો કબજો પણ ગયો! હું તો કશેનો ન રહ્યો, સાહેબ!' 'તે બીજું ઘર નથી માંડયું?'

'ના. બૈરીએ મરતાં મરતાં કહેલું કે બીજું લગન કરો તો મારા છોકરાને મારી બેનના ઘેર મૂકી આવજો. મેં કહ્યું કે, હું વાંઢો રહીશ તો કંઈ રાજગાદી લજવાઈ જવાની છે? ડોસી બૂમ પાડયા કરે છે; પણ સાહેબ, બીજું બૈરું કેવું આવે કેવું નહિ, ને નકામું છોકરાને વેઠવું પડે ને? ને આપણા રામના તો હાલ ઠેકાણાં નથી ત્યાં વળી નવી ઉપાધિ કયાં વહોરવી?'

હું સાંભળ્યા જ કરતો. ગંભીર વાતને પણ હળવી શૈલીમાં રજૂ કરવાની બુધાભાઈની આવડતથી હું મુગ્ધ થઈ જતો.

છોકરો ખાલી ગ્લાસ લઈ જવા માટે મારી સામે આવીને ઊભો રહેતો અને મારા અધૂરા ગ્લાસને પૂરો થાય ત્યાં સુધી જોયા કરતો.

એક દિવસે હું કોલુ પાસેથી પસાર થતો હતો અને સ્વાભાવિક જ મારી નજર ગઈ. હું સ્તબ્ધ થઈ ગયો! મશીન એની જગ્યાએ દેખાતું નહોતું! અને જે ટેબલ ઉપર મશીન મૂકેલું હતું તે તૂટેલી-ફૂટેલી હાલતમાં પડેલું હતું! શેરડી પણ દેખાતી નહોતી! હું અંદર ગયો. છોકરો બાંકડા ઉપર બેઠો હતો તે મને જોઇને સહેજ હસ્યો. બુધાભાઈ એક ખૂણામાં ઢાળેલી ખાટલી ઉપર ઓઢીને સૂતા હતા!

'કેમ, શું થયું બુધાભાઇને?' મેં છોકરાને પૂછયું. છોકરો કંઈ બોલે એ પહેલાં તો બુધાભાઈ બેઠા થઈ ગયા.

'ઓ હો, સાહેબ! થવામાં તો આને લઈ ગયા!' બુધાભાઇએ નિરાશાથી મશીનના ટેબલ તરફ હાથ લંબાવ્યો. 'કોણ લઈ ગયું?'

'સુધરાઈવાળા.' 'કેમ?'

'કહે કે, હપતો ઓછો પડે છે! મહિને પચાસ રૂપિયા લઈ જાય છે, સાહેબ! અને તે હવે એને ઓછા પડે છે! કહે કે, હવે સો રૂપિયા આપવા પડશે!' 'પછી?'

'મેં કહ્યું કે સો તો મને ય મળતા નથી! આ તો ઠીક છે, રોટલા નીકળે છે ત્યાં સુધી ચલાવું છું. તો કહે કે, બહાનાં નહિ ચાલે! મેં કહ્યું કે, બહાનાં નથી હકીકત છે! તો કહે કે મશીન જપત કરીશું! મેં કહ્યું કે, આ રહ્યું મશીન!' ફરીથી બુધાભાઈએ મશીનના ટેબલ તરફ હાથ લંબાવ્યો અને માંદલું હસ્યા. 'નવીનભાઇને ખબર પડી?'

'હા, આવી ગયા. કહે કે, ગભરાશો નહિ, હું સુધરાઈમાં જઇને છોડાવી લાવીશ! મેં કહ્યું કે છોડાવીને હવે મશીન વેચી દેજો, બાપલા! અમે તો આજ રાતની લોકલમાં ગામ જઇએ છીએ. દેસાઈના ખેતરમાં ત્રણ રૂપિયા રોજની મજૂરી કરશું. ચિંતા તો નહિ!'

હું ઘડીભર બુધાભાઈના પડી ગએલા ચહેરાને જોઈ રહ્યો. પછી આસપાસ નજર કરી. ખૂણામાં બે બાંધેલાં પોટલાં પડયાં હતાં, સામાન સમેટાઈ ગયો હતો અને છોકરો બાંકડા ઉપર બેઠો બેઠો મારી તરફ જોઇને હસતો હતો. □

યશવંતરાવ હાટે

રવિશંકર રાવળનું આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ના કથા [૭]

ગુજરાતમાં કલાનાં પગરણ

રામરાવના અવસાનનો ખેદ વિસરાવવા જાણે 'કુમાર'ના પછીના વર્ષમાં મને ઘણા મિત્રોનો લાભ થયો તેમજ વિદ્યાર્થી-સમુદાય પણ વધ્યો. ભાઈ ઝવેરચંદ મેઘાણી વધુ નિકટ આવ્યા. તેઓ વારંવાર કુમાર કાર્યાલયમાં આવી બગલથેલો ઉતારતા અને મારા વિદ્યાર્થીઓને લોકજીવનમાં રસ લેતા કરતા.

પ્યારેલાલની નાટક કંપનીમાં યશવંતરાવ હાટે પરદા ચીતરનાર પેઈન્ટર હતા, પણ પોતાની રૂઢિબદ્ધ ચિત્રકલાને વિકસાવવા અનેક ચિત્રોમાંથી પ્રેરણા લેતા. તેમનો પરિચય મને ભાઈશ્રી કલ્યાણજી શુક્લથી થયો. એક કાળે કલ્યાણજી શુક્લ પણ નાટકમાં જ ચિત્રો કરતા અને શ્રી હાટે સાથે થોડું કામ કરેલું. તેમની સાથે હું હાટેનું કામ જોવા ગયો. તે રાત ને દિવસ નાટકના પરદા ચીતર્યા કરતા. પરદેશનાં બહુ જ આકર્ષક સુંદર દૃશ્યોનાં રંગીન પોસ્ટ કાર્ડોનો સંગ્રહ તેમની પાસે જોયો. તેમને મેં ભારતીય દૃશ્યો ઉતારવા બોધ આપ્યો. તેમનું ચિત્રકામ તો ઘણું સ્વચ્છ અને સુંદર હતું જ; ઉપરાંત તે વખતે હાલની જેમ પોસ્ટર રંગો મળતા નહોતા તેથી તેઓ સફેદ રંગ(ઝિંક) અને બીજા બીંતિયા રંગોનાં પડીકાં લાવી તૈયાર કરેલા સરેસ–પાણીમાં મેળવી જાતજાતનાં રંગોનાં મિશ્રણો મોટા જથ્થામાં તૈયાર કરતા અને જાડા વાળની કડક પીંછીઓથી જમીન પર પાથરેલા પરદા પર ચિત્રકામ કરતા. તે જોવામાં એ ધંધાની ઘણી તરકીબો હું પામી શક્યો.

હાટેને મારી જેમ વસ્તુ, પાત્ર કે પ્રસંગનાં ચિત્રો કરવાની તક નાટકના પરદાકામમાં મળતી નહોતી, એટલે મારા તેલ રંગોના કૅનવાસ પટો જોઈ મુગ્ધ બન્યા. અને થોડા જ વખતમાં તેમણે સરેસના રંગોથી નાનાં પ્રસંગચિત્રો તૈયાર કરી બતાવ્યાં. તેમનો ઉત્સાહ અમારી ઉભયની ગાઢ મૈત્રીમાં પરિણામ પામ્યો. તેમને કલ્યાણજીભાઈએ મારી સ્વચ્છતાવાળી રીતભાતનું પૂરું ભાન કરાવેલું, એટલે મને મળવા આવે ત્યારે હજામત કરાવી, નાહી-ધોઈ, સાફ વસ્ત્રો પહેરી આવે અને મારા દેખતાં સિગારેટ સુધ્ધાંને હાથ લગાડે નહિ. મેં કલ્યાણજીભાઈ દ્વારા જાણેલું કે નાટકની અનિયમિત ઉજાગરાભરી કામગીરી અંગે તેમને ચા વારંવાર પીવી પડતી અને ઘણી વાર ઉત્તેજક પીણાનો પણ આશરો લેતા. વિશેષ એ જાણ્યું કે વડોદરામાં નાટક કંપની હતી ત્યારે એક બાળવિધવા યુવાન સ્ત્રી સાથે પ્રણય સંબંધ પણ થએલો. તે નિભાવવા માટે તેમણે પોતાનું લગ્ન થવા દીધું નહોતું અને તે સ્ત્રીને પૂરા મોભાથી રહેવા દર મહિને પોતાના પગારમાંથી સારી રકમ મોકલતા. તે સ્ત્રીને એક પુત્ર હતો તેને તે અપનાવી પોતાની પાસે જ રાખતા; અને છોકરો પણ તેમને બાપા કહેતો એ તો મેં જોએલું. અમદાવાદ છોડ્યા પછી તે મુંબાઈ ગયા. તે વખતે પ્રણય પત્ની અને તેના મોટા પુત્રનું પણ બાઈની જ્ઞાતિમાં કંઈક ઠેકાણું પડતું હતું એટલે સગાંઓની શિખામણથી શ્રી હાટેને સમજાવી મુક્ત કર્યા. પછી તે મુંબઈ જઇ દક્ષિણી બ્રાહ્મણ પરિવારની કન્યાને પરણ્યા. એ સમયની તેમના પરિવારની ઝાંખી કરવાની તક એક વાર મળેલી. સર્વ તેજ ગુમાવી બેઠેલા હાટે અંધારી ઓરડીમાં રહેતા. બીમાર હતા. પણ આ ખાનદાન સ્વભાવના મિત્રને હું ભૂલ્યો નથી. તેમનું એક ચિત્ર 'રાયગઢના કિલ્લા આગળ શિવાજી' 'કુમાર'માં છપાયું છે. બીજાં બે 'નળ–દમયંતી' અને 'પાંડવો–અજ્ઞાતવાસમાં' ચિત્રો 'નવચેતન'માં પૂર્ણ રંગમાં છપાયાં હતાં.

એક વાર તે મુંબાઈના રાધાકૃષ્ણનાં મનોરમ ચિત્રોથી લોકપ્રિય બનેલા ચિત્રકાર મહમદ આલમને મારે ત્યાં લઈ આવેલા. તેની સાથે તેમનો જુવાન ભાણેજ અને શાગિર્દ પણ હતા. સત્તર વર્ષનો એ યુવાન પોતે પેન્સિલ શેઈડિંગથી કરેલાં પોર્ટ્રેટ ચિત્રોની ચોપડી પણ સાથે લાવેલો. મને એ ખૂબ જ શક્તિવાળો આશાસ્પદ યુવાન લાગ્યો. એની ચોપડીનું એક નમૂનેદાર પાનું એણે મને ફાડી આપ્યું તે હું હમેશાં એક આદર્શ તરીકે મારા વિદ્યાર્થીઓને બતાવતો. કમનસીબે થોડા સમયમાં એના અવસાનના ખબર મળ્યા ત્યારે મને બહુ ખેદ થએલો. શાળાશિક્ષણ મળેલું નહિ છતાં એનું કામ મને અપ્રતીમ લાગ્યું હતું.

તે કાળના કવિઓની કલમ દેશદાઝથી ઊછળતી હતી તો ચિત્રો પણ પાછળ નહોતાં. જુઓ 'કુમાર' વર્ષ બીજાનું મુખપૃષ્ઠ 'શા માટે મા તારાં શુષ્ક નયન...' કનુ દેસાઈનું સૌપ્રથમ છાયાચિત્ર 'કુમાર'ના વીસમા અંકના પૃષ્ઠ ઉપર છે. શાંતિનિકેતન જતાં પહેલાં તેણે આ પદ્ધતિ 'કુમાર કાર્યાલય'માં જ સાધી લીધી હતી તેનો એ પુરાવો છે. નવમા અંકમાંના ગાંધીજીના રેખાચિત્રમાં આજે પણ એમની ચિંતનપૂર્ણ મુખમુદ્રા પૂરી ઊઠેલી જણાશે. યુરોપી કલાસ્વામીઓ ગસ્તાવ દોરે કે ફ્રેડરિક લેઈટનની કળાના નમૂના ઘણા વાચકોએ પહેલી જ વાર જોયા હશે. ત્યારે અપાએલાં પરદેશની કાગળ-કટાઈનાં છાયાચિત્રો, હસ્તમુદ્રાથી પડછાયા પાડી રચાતી વિવિધ આકૃતિઓ, નટરાજની નૃત્યમૂર્તિ જેવું કશું ગુજરાતના કોઈ સામયિકે આપ્યાનું જાણ્યું નથી.

અજંતાની અસર

'કુમાર'નું બીજું વર્ષ પૂરું થય તે પહેલાં ઈ. ૧૯૨૯ના નવેમ્બરમાં મારી જિંદગીના અપૂર્વ સ્વપ્ન જેવી અજન્તાની કલાયાત્રાના સંઘમાં મને સ્થાન મળ્યું. એનું સવિસ્તર વર્ણન અગાઉ આવી ગયું છે.

અજંતાના એ નિકટ પરિચય-અવલોકન-અભ્યાસની મેં પુષ્કળ નોંધ કરી હતી. જ્યારે યુરોપમાં કળાની છાયા પણ દેખાતી નહોતી તે વખતે સર્વ રસો અને ભાવોને પ્રત્યક્ષ કરાવતી ઊર્મિભરી માનવકથાનાં એ આલેખનોએ મારામાં આત્મવિશ્વાસ ઊપજાવ્યો કે યુરોપના કળાના શિક્ષણમાં માત્ર બહિરંગની વ્યવસ્થા, આલેખન અને તાદૃશ્યતા પ્રધાન રહેતાં હોવાથી બહુ વિરલ ચિત્રકારો જ ભવ્ય આદર્શોને પ્રત્યક્ષ કરાવવા અથાગ પરિશ્રમે આગળ વધ્યા હશે. અજંતાએ શ્રદ્ધા પ્રકટાવી કે મનમાં ચિત્રનું સાચું પ્રતિબિંબ હોય તો રેખા, લાલિત્ય, ભાવ કે અંગભંગિ ચિત્રકારને સહજરીતે સિદ્ધ થાય જ છે. એ સિદ્ધાંત ધ્યાનમાં રાખી પ્રથમથી જ મેં મારા વિદ્યાર્થીઓમાં પ્રથમ આંતરિક ચિત્રભાન જાગ્રત કરવાના પ્રયોગો કર્યા અને તેમાં હું ઘણે અંશે સફળ પણ થયો. મેં જાતે એક–બે સ્વતંત્ર ચિત્રોમાં એ રીત અજમાવતાં મનોભાવ સ્પષ્ટ રૂપ લેતા થયા. અજંતાની ખૂબીઓ અને વાતો કરતાં હું થાકતો નહિ. ચંદ્રવદન મહેતા જેવા વિનોદી મિત્રોએ મુંબઈમાં વાત ચલાવી કે મને અજંતા-ફોબીઆ થયો છે! મને પણ તે સ્વીકાર્ય હતું. ગુજરાતમાં આવીને મેં મારાં અજંતામાં ટ્રેઈસ કરી રાખેલાં આલેખો-ચિત્રો વગેરે ફરી કર્યા અને ગુજરાતના વાચકોને અજંતા પર એક વિસ્તૃત લેખ આપ્યો. ભવિષ્યમાં તેની પુસ્તક રૂપે બે આવૃત્તિ થઈ. (ત્રીજી તૈયાર થાય છે.) તે કાળના અગ્રિમ હિંદી માસિક 'વિશાળ ભારત'માં તેનો અનુવાદ સ્વ. શ્રી વૃન્દાવન વર્માએ કરેલો તે પણ પુસ્તક રૂપે છપાયો હતો અને તેની ૫૦૦ પ્રતો એકસાથે યૂ. પી.ની સરકારે લઈ લીધી હતી. વધુ સંતોષ અને આનંદની વાત એ છે કે ગુજરાતમાંથી અજંતાની યાત્રા કરનારા મોટા ભાગના પ્રવાસીઓની તે ચોપડી સાથી બની રહી છે. અજંતાના ચોકીદારોએ પણ



કુમાર કાર્યાલયના કલાવર્ગમાં ચિત્રકળા તથા ફોટોગ્રાફી વિભાગોમાં શિક્ષણ લેતા કલાના વિદ્યાર્થીઓ
ડાબી બાજુથી: વ્રજલાલ ત્રિવેદી, ગજાનન ખરે, હર્ષદ પંડયા, જગન્નાથ મહેતા, સત્યેન્દ્ર ત્રિપાઠી, છગનલાલ જાદવ, ચંદ્રશંકર રાવળ

કોઈને કહેલું કે ગુજરાતમાં છપાએલી ચોપડી જેવી અજંતા ઉપરની ચોપડી બીજા કોઈ પ્રાંતમાંથી હજી આવી નથી.

કલાશિક્ષણની પદ્ધતિઓ

અજંતાથી આવી ગયા પછી મારી પ્રવૃત્તિને બહુવિધ માર્ગો મળી ગયા હતા. ચિત્રગૃહમાં નવા વિદ્યાર્થીઓ વધ્યા હતા. કોઈએ પરગામથી આવી સાથે પથારો નાખી દીધો હતો. કેટલાક ફોટોગ્રાફી લેવા શીખવા આવતા. કોઈ બીજી નોકરી કે અભ્યાસમાંથી સમય મળતાં કલાનું અમૃત માણવા આવતા. આમાંના એક શ્રી ચંદ્રવદન ભટ્ટ તે વખતે કૉલેજમાં વિજ્ઞાન વર્ગમાં હતા, પણ ચિત્રકામ અને ચિત્રભાવનાના ખૂબ જ ખંતીલા પ્રેમી હતા. સાણંદવાળા મારા બાલમિત્ર વૈદ્ય વાસુદેવભાઈ તેમના નાના પુત્ર જગન્નાથને લઈ આવ્યા, ને એટલું જ કહ્યું કે, 'હવે તેનું મન ભણવા ઉપર નથી, તમારે ત્યાં રાખી ફાવે તે કામમાં લો.' તે દિવસથી ભાઈ જગન 'કુમાર કાર્યાલય'ના અન્તેવાસી બની ગયા. હું મારા દરેક વિદ્યાર્થીને હુકારનો સુંદર મરોડ શીખવતો તેમજ ગુજરાતી અક્ષરોનો પાઠ પહેલાં પાકો કરાવતો. એથી એટલું જ્ઞાન તેને વ્યવહાર ઉપયોગી થતું ને તે દ્વારા તે મરોડ, ચોકસાઈ અને વ્યવસ્થાનું ભાન પામતો.

શરૂઆતમાં મોટી ફોટો-ફિલ્મ ધોઈને પારદર્શક કરી નાખી તે પર એક ઇંચનાં ચોરસ ખાનાં પાકી શાહીથી કરાવી રાખતો. તે કોઈ પણ મોટા ચિત્ર કે ચહેરા ઉપર ચાંપથી પકડાવી, તે જ માપનું ચિત્ર એવાં જ ખાનાં આંકેલાં કાગળ પર તેના ચોરસ માપના આધારે ઉતરાવતો. આથી માપો સુધારવાનું ઘણું કામ અને વખત બચી જતાં. વળી વિદ્યાર્થી સમગ્ર ચિત્રનો ખયાલ પામી શકતો અને હિંમત મેળવતો તેમજ ધીરજથી આકૃતિ સુરેખ કરતો. આટલું થયા પછી તે જ આકૃતિ સારા કાગળ પર ટ્રેઈસ કરાવી તેમાં શાહી રંગ કે પેન્સિલની છાયા પૂરી કરાવતો. આમ થોડા પાઠે તેને ઝડપી તાલીમ મળતી. સમય જતાં ચોરસ ખાનાંનો કાગળ છોડાવી કાગળને માત્ર ચાર ભાગમાં વહેંચતી વચ્ચે ઊભી આડી કાટખૂણે બે જ લાઈનોનો આધાર લઈ ચિત્ર મોટા માપમાં કરાવતો. આમ વિદ્યાર્થીઓ હાથ અને આંખ માપ-પ્રમાણની ચોકસાઈમાં સ્થિર થતાં. આ ઉપરાંત દરેક જણ પાસે પહેલા જ દિવસથી મન ફાવે તે ચિત્ર કરવા ચોથિયા ફૂલ્સકેપ સાઈઝની સ્કેચબુકો રખાવતો અને તેમાં નિયમિત રીતે રોજ બેથી ચાર પાનાં સ્વૈરચિત્રોનાં થવાં જ જોઈએ એવો આગ્રહ રાખતો. રંગકામ પણ કરી બતાવતો અને વિદ્યાર્થીઓ તેમાંના સુધારા મારી સહાયથી શીખતા. બહારગામ જાઉં તો પણ તેઓ પ્રમાદી ન બને એવું વાતાવરણ ત્યાં જામ્યું હતું. ચિત્રગૃહની સફાઈ અને ગોઠવણ તેમના ઉપર જ હતી. તેઓ રાતવાસો પણ ત્યાં જ કરતા અને નજીકની વીશીમાં જમી આવતા. તે વખતે વીશીનો દર માત્ર માસિક રૂ. નવ હતો; છતાં એટલું પણ જેમને મળે નહિ તેમને 'કુમાર' કાર્યાલયમાંથી સાદું કામ આપી ટેકો અપાતો.

જગન્નાથે પણ આ રીત અપનાવી લીધી. ચિત્રકામ તો તેનું સરસ હતું, પણ અક્ષરકામ અને ફોટોગ્રાફીમાં તેણે વધુ આગળ કદમ બતાવ્યું. ઉપરાંત સૌના માટે સીવવાનો સંચો રસિકલાલના ભાઈ નગીનદાસ મારફત મેળવ્યો હતો તેના ઉપર પણ તેને તથા સત્યેન્દ્રને સારી ફાવટ આવી ગઈ, ને વધારાનો કસબ તેને હાથે ચડી ગયો. 'કુમાર'ના બ્લૉક બનાવવાના પ્રોસેસ ખાતાની પ્રારંભમાં ગોઠવણ કરી આપનાર મારા મિત્ર દેહાડેની ભલામણથી આવેલો ગુપ્તે નામનો એક સુશીલ આજ્ઞાધારક વિદ્યાર્થી પણ તેઓ સાથે ભળી ગયો હતો અને સારો વિકાસ પામ્યો હતો.

એ વરસે કનુ દેસાઈ એક માસની પૂજા (નવરાત્રી) વૅકેશનનો લાભ લઈ આવી ગયા. તે પણ સૌની સોબતમાં રહેતા અને શાંતિનિકેતનની ફક્કડ વાતો કરતા. તેણે શાંતિનિકેતનની કામ કરવાની રીતો અને પાટિયા પર ચોડેલા કાગળને ભીનો કરી તે પર રંગો કરવાની રીત સૌને બતાવી એટલે વિદ્યાર્થીઓને પણ નવું શીખવાનો લાભ મળ્યો. સોમાલાલ અને કૃષ્ણલાલ પણ રજામાં મળી ગયા. તેઓ વળી પ્રમોદ બાબુ પાસેથી ચિત્રને ખૂબ રંગ પૂર્યા પછી ભીનું કરી જાડા પૂંઠા પર કાયમ માટે ચોડી દેવાનું શીખી લાવેલા. એથી રેખાઓ કરવાની સરળતા થતી.

કનુ દેસાઈ નંદબાબુની અને પોતાના સહાધ્યાયીઓની (જેમાંના ઘણા આજે પ્રસિદ્ધ કલાકારો છે) વાતો કરતા અને ઘણી વાર બંગાળી ગીતોનું ગુંજન કરતા. એમ વાતાવરણ તરેહવાર રહેતું. આ વખતે તેમણે બંગાળના ગામડાની મુસાફરી નંદબાબુ સાથે કરેલી તેના સ્કેચ પોસ્ટ-કાર્ડ પર કરેલા બતાવ્યા. એ પછી પોસ્ટ કાર્ડો ઉપર સ્કેચ કરવાની પદ્ધતિ વિષે એણે બરાબર તાલીમ લીધી.

'કુમાર'નાં સજાવટ અને સામગ્રી-સરંજામ પરથી પ્રેરણા લઈ ભાઈ યશવંત પંડયાના તંત્રીપદેથી 'વીણા' નામે વાર્ષિક અંક પ્રમુખ સાક્ષરોના વિદ્વત્તાપૂર્ણ લેખો તથા 'કુમાર'ના પ્રમુખ ચિત્રકારોનાં ચિત્રો અને અલંકૃતિઓ સાથે સાહિત્ય કલ્પક સમાજે પ્રસિદ્ધ કર્યો, તેણે ગુજરાતના આ નવોદિત કલાવૃંદને વધુ લોકપ્રિય બનાવ્યું. તેમાં ર. મ. રા., ડી. રામરાવ, કૃષ્ણલાલ ભટ્ટ, કનુ દેસાઈ, છોટાલાલ જોશી વગેરેનાં ચિત્રો નજરે પડશે. છોટાલાલ જોશી ધોલેરામાં અંગ્રેજી સ્કૂલના શિક્ષક હતા પણ નિજ પ્રયાસે ચિત્રકામ કરતા થયા હતા. પ્રસંગોપાત્ત કુમાર કાર્યાલયના કલાકાર જૂથમાં રજા ગાળવા આવી જતા અને નવી પ્રેરણા અને શૈલીઓનો અનુભવ લઈ જતા. એમનામાં કલ્પના અને ભાવનું દર્શન થતું, પણ રીતસર તાલીમના અભાવે ચિત્રકામ શિથિલ બનતું. છતાં કલાતત્ત્વના આધારે તેમનાં ચિત્રો લોકભોગ્ય થયાં હતાં. (ચાલુ)

થી તેમણે ખેડૂતોની સ્થિતિ તપાસી. ઘેરઘેર ફર્યા; અનાજ, બિયારણ જોયાં; ખેતરો, કૂવા, ગાડીઓ, ઢોર તથા વેપારીઓના ચોપડે ખેડૂતોનાં ખાતાં જોયાં. તે ઉપરાંત રાજ્યના અધિકારીઓને ગેરકાયદે શું શું ખેડૂતો પાસેથી મળતું તે જોયું. તેથી તેમને ઘણો ઉદ્વેગ થયો. મુસાફરીએથી પાછા આવી, જપ્તી ન બજાવવાનો તથા આજ સુધી ચડેલી સોળ લાખ રૂપિયાની મહેસૂલની રકમ માફ કરવાનો તેમજ ખેડૂતોને કૂવા ખોદાવવા, બિયારણ, ઓજારો, બળદ વગેરે ખરીદવા માટે ખાતા મારફત ધિરાણ કરવા હુકમ લખી મોકલ્યો. મહારાજાના એ કામને ખેડૂત સહિત પ્રજાએ એટલું વખાણ્યું કે તે ઘણા લોકાદરને પ્રાપ્ત થયા અને સરકારમાં એની સારી નોંધ લેવાઈ. આ પછી થોડા દિવસોમાં મહારાજા ભાવસિંહજીએ એક વરિષ્ઠ અમલદારને રૂબરૂ બોલાવી તેને રાજીનામું લખી આપવા કહ્યું. અમલદારે તત્કાળ રાજીનામું લખી આપવા ના કહી એટલે મહારાજાએ કહ્યું: 'તમારે રાજીનામું લખી દેવું ન હોય તો મારે બરતરફીનો હુકમ આપવો પડશે એ વધારે આકરું લાગશે. તમારે રાજીનામું દઈ ચોવીસ કલાકમાં ભાવનગર ખાલી કરવાનું છે.'

આમ એ અમલદાર પાસે રાજીનામું લખાવી લઈ મહારાજાએ પ્રભાશંકરને બોલાવી, માગી લીધેલા રાજીનામા ઉપર મંજૂરીનો હુકમ લખવા આજ્ઞા આપી. તે વખતે પ્રભાશંકરે છૂટા કરાતા અમલદારને કેટલું પેન્શન આપવાનું થશે વગેરે મંજૂરી હુકમમાં લખવાની વીગત પૂછી, ત્યારે મહારાજાએ કશું જ પેન્શન ન આપવા તથા મંજૂરી હુકમથી ચોવીસ કલાકમાં અમલદારને ભાવનગર ખાલી કરી જવાની આજ્ઞા ઉમેરવા કહ્યું. પ્રભાશંકરે એવો આકરો હુકમ ન કરવા વિનંતી કરી ત્યારે મહારાજાએ કહ્યું: 'રાજઆજ્ઞા વખતે વાદવિવાદ ન હોય.' 'આજ્ઞા.' કહી પ્રભાશંકર ઊઠયા ને થોડી વારે આવી, પેલા તુમાર પર કશું જ લખાણ કર્યા વગરનો લાવી તે સાથે પોતાનું રાજીનામું લખેલો કાગળ મહારાજા સામે રજૂ કર્યો. વાંચીને આશ્ચર્યથી મહારાજાએ પૂછ્યું: 'આ શું?'

પ્રભાશંકરે કહ્યું: 'રાજઆજ્ઞા વખતે વાદવિવાદ ન હોય એ મને માન્ય છે. પણ રાજાએ આજ્ઞા દેતાં પહેલાં શું શું વિચારી લેવું જોઇએ ને કઈ નજરે જોવું જોઇએ એનો મને થોડો ખયાલ છે. તે સાથે રાજા પોતે કઈ રીતે વિચારે છે તે જાણવાની સેવકની ફરજ છે. આપ રાજકુમાર કૉલેજમાં હતા ત્યારથી આપે મને સાંભળ્યો છે એટલે આજે સાંભળી લેશો એવી અરજ છે. એ મારો બચાવ નથી, પણ રાજીનામામાં છૂટા થવાનું કારણ મેં દર્શાવ્યું નથી તેના ખુલાસા રૂપે કહેવું છે. તે એ કે રાજા કેવળ સત્તાધીશ દંડદાતા નથી, પ્રજાનો બાપ પણ છે. અને નોકર થવાથી કોઈ માણસ આપનો પ્રજાજન મટી જતો નથી. સામાન્ય નોકર ભૂલ કરે તો તેને સુધારવાની ફરજ ઉપરી અમલદારની, અને એથી યે વધુ અમલદારોના પણ અમલદાર એવા રાજાની છે. આવું ધ્યાન રાખવાને બદલે જો રાજા ઘડીમાં કોપે, અને જે કુટુંબે પેઢી દર પેઢી રાજની સેવા કરી જીવન આપ્યાં હોય એવા કુટુંબના એક માણસે નોકરીમાં કંઈ ભૂલ કરી હોય તો તે બદલ રાજા તત્કાલ આકરી સજા કરે તો એવા મનસ્વી રાજાની નોકરી કરવા કયો માણસ ઇચ્છા રાખે? માટે મેં રાજીનામું આપ્યું છે.'

મહારાજાએ કસૂરોની યાદી સાથે રાજાજ્ઞાની અવજ્ઞાના દાખલા ટાંકી વીગતથી ચર્ચા કરી, પ્રભાશંકરે કહ્યું: 'એ બધું સ્વીકારીને હું આ કહું છું. નોકરો સાથેના, પ્રજા સાથેના તેમ જ બીજાં રાજ્યો સાથેના સંબંધમાં રાજા માટે સામ, દામ, ભેદ અને દંડ એ ચાર ઉપાય છે. એમાં દંડને સર્વોત્તમ ગણીને પહેલો નથી મૂક્યો, સહુથી નીચી કોટિનો ગણીને છેલ્લો મૂક્યો છે. એ પણ ઉપાય છે, એની યે જરૂર છે, પણ ઉત્તમ ઉપાય સામ જ છે. એ સમજણ રોજબરોજ બોલી બતાવીને દેવાની વસ્તુ નથી. સાચી સમજણ તો રાજાના આચરણમાંથી લોકોમાં પ્રકટે છે, એનાથી યે ન સમજે તો પછી તેના હિતની વાત સમજાવવા બીજા ઉપાય યોજવા જોઇએ.'

આવી વાતો છતાં મહારાજાએ તે અમલદારને ચાલુ રાખવા અનિચ્છા બતાવી ત્યારે ફરી પ્રભાશંકરે કહ્યું: 'મનમાંથી કાંટો નીકળી શકે તેમ ન હોય ને આગે તેને છૂટા કરવા હોય તો કરવા, છતાં નિર્ણય તો એવો લેવાવો જોઇએ કે એ કુટુંબનો રાજ્ય સાથેનો સુમેળ જળવાઇ રહે. આપ કહો છો કે પ્રભાશંકર છે, એ ભૂલ સુધારી દેશે. પણ પ્રભાશંકર આજ છે, કાલ નથી. કાળબળે સહુ ચાલ્યા જાય છે. એટલે પ્રસંગમાંથી દ્વેષ ઊભો ન થાય તે જોવાવું જોઇએ. જો વંશમાં દ્વેષ જળવાઈ રહે તો એ કુટુંબથી રાજ્યને નુકસાન થાય ને પરિણામે કુટુંબ પણ પાયમાલ થાય. કરવું તો એવું જોઇએ કે આ પ્રસંગનો ધડો લઈ એનાં સંતાનો એટલાં સારાં થાય કે એથી લોકકલ્યાણ જ થાય. રાજા તો પ્રજા ઉપર છાયા છે, એનો આશ્રય છે. સારા નરસા સહુનું રાજાથી કલ્યાણ જ થાય.' આ વાત મહારાજાને સમજાઇ અને એ અમલદારનું રાજીનામું મંજૂર કરવા છતાં તેમનો અને તેમના કુટુંબનો માનમોભો અને આમદાની જળવાઇ રહે એવો ઠરાવ કર્યો.

આ વાત સંભવતઃ ઈ. સ. ૧૯૧૭ની છે. પ્રભાશંકર એ વખતે દિલ્હીમાં વાઇસરૉયની એક્ઝીક્યુટિવ કાઉન્સિલના સભ્ય હતા અને કોઇ કારણસર ભાવનગર આવેલા. એક દિવસ એ પોતાના મોટા પુત્ર અનન્તરાય સાથે બેસી અમુક મહત્ત્વનું કામ કરતા'તા, તે વખતે તેમના કોઈ જ્ઞાતિભાઇ અચાનક મળવા આવ્યા. પ્રભાશંકરે તત્કાલ તેમને મુલાકાત માટે આવવા દીધા. આવનાર ભાઇએ પ્રભાશંકરને, તેઓ જ્ઞાતિજનોનું કઈ જ હિત કરતા નથી એવી વાત ઘણા આકરા શબ્દોમાં ગુસ્સા સાથે કહી. પ્રભાશંકરે શાંતિથી વાત સાંભળી. આવેલા ભાઇએ એ જ વાત ફરીફરી કહી ત્યારે પ્રભાશંકરે કહ્યું: 'તમે કયા મુખ્ય ઉદ્દેશથી આવ્યા તે કહો. હું શું કરું એમ તમે ઇચ્છો છો?' પેલા ભાઇએ આર્થિક મદદ માગી તે એ જ વખતે પ્રભાશંકરે આપી. આવેલા ભાઈ ગયા એટલે અનન્તરાયે પિતાને પૂછ્યું: 'ન કહેવા જેવાં વાક્યો એ કહેતા હતા છતાં તમે કેમ તેને કંઈ ન કહ્યું? એવું બોલતાં વારવા જોઇએ: આવા આકરા આક્ષેપો, ખરાબ અપમાનજનક શબ્દો ને ક્રોધ શા માટે સહન કરવાં જોઇએ?'

નારાજ પુત્રને પ્રભાશંકરે કહ્યું: 'પહેલાં આ કામ પતાવી લઇએ.' બન્નેએ બીજો અર્ધો કલાક સાથે બેસી કામ પૂરું કર્યું. દરમિયાન અનન્તરાયના મનમાં પેલા પ્રસંગનો પરિતાપ ઓછો થયો હતો. ઊઠીને બહાર ઓસરીમાં આવતાં પ્રભાશંકરે કહ્યું: 'ભાઈ, આપણી વાડીના ઓલા માળીને બોલાવી દે.' 'કેમ બાપુજી, તેનું શું કામ છે? તને કંઈ કહેવું છે?'

પ્રભાશંકરે કહ્યું 'મારે એને ઠપકો દેવો છે.'

'એણે એવી શી ભૂલ કરી છે?' અનન્તરાયે નવાઈથી પૂછ્યું.

પ્રભાશંકરે કહ્યું: 'મારી સામે તો ઠીક, પણ મહારાજા ભાવસિંહજી અહીં પધારે છે ત્યારે તેમની સામે પણ તે લંગડો લંગડો ચાલતો આવે છે. એણે સરખું અદબથી ચાલવું જોઇએ ને?'

અનન્તરાયે કહ્યું: 'એ કેમ થાય? એ અપંગ થઈ ગયો છે, એને પગે ખોડ છે. કેમ કરી સરખી રીતે ચાલે? એને ઠપકો દેવાનો શો અર્થ?'

પ્રભાશંકરે કહ્યું: 'તો મારે તને એ જ કહેવું છે, કે જો એ માળી પગે લંગડો છે તો પેલા ભાઈ મનથી લંગડા છે. એ એક પ્રકારનો રોગ જ છે. રોગની ચિકિત્સા હોય; તેના પર ગુસ્સો કરવાની જરૂર નથી. એ રોગનો ચેપ આપણને ન લાગે તેવી સાવચેતી રાખી વૈદ્ય ડૉક્ટરની પેઠે તેવા માણસોની મુશ્કેલી દૂર કરી ઉપચાર કરવા એ જ સાચો ઉપાય છે.

ઇંગ્લૅન્ડની ભારતમંત્રીની કાઉન્સિલમાં પ્રભાશંકર સભ્યપદે નીમાયા ત્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ચાલતું'તું. જર્મનો સામેનું આ યુદ્ધ ઇંગ્લૅન્ડને ભારે

પડી જતું હતું. એક રવિવારે ઇંગ્લૅન્ડના રાજા પંચમ જ્યૉર્જે સહિત રાષ્ટ્ર-ની સામુદાયિક પ્રાર્થના દેવળમાં હતી. ભારતમંત્રી સાથે પ્રભાશંકર પણ હાજર હતા. પ્રાર્થના મુખ્યત્વે આ હતી: 'હે પ્રભો! અમારા દુશ્મનોનો સર્વાંશે નાશ કરો અને અમને વિજયી બનાવો.'

ઘણા અધિકારીઓ પ્રભાશંકરને ઓળખતા અને માનથી જોતા, એ કહે તે કાળજીથી સાંભળી વિચારતા. કોઇક અધિકારીએ તેમને પૂછ્યું: 'આ પ્રાર્થના તમને કેવી લાગી?' પ્રભાશંકરે સામો પ્રશ્ન કર્યો: 'આજે અત્યારે જર્મનો પણ આવી જ પ્રાર્થના કરતા હશે ને? પ્રાર્થના જેની કરીએ છીએ તે તો આપણા, જર્મનોના અને સહુના પિતા છે.' ભારત-મંત્રી મૉન્ટેગ્યુએ પૂછ્યું: 'તો પ્રભાશંકર, તમારી શી પ્રાર્થના હોય?'

પ્રભાશંકરે કહ્યું: 'એ ભારતની પ્રણાલી મુજબ પ્રાર્થના હોય: હે નાથ, અમને સદ્‌બુદ્ધિ આપો કે જેથી અમે સંપમાં અને પરસ્પર સહાય કરતા સુખમાં સહુ જીવીએ.' એક પાદરીએ કહ્યું: 'એ ખરેખર સારી પ્રાર્થના છે, પણ યુદ્ધ વખતે તે ટકાવી રાખી શકાય નહિ.'

પ્રભાશંકરે કહ્યું: 'માફ કરો. યુદ્ધ વખતે તો એ ભાવના મન સામે જ રહેવી જોઈએ. તો જ ખરી પ્રાર્થના કહેવાય.'

આ ઉત્તરથી પાદરી પ્રસન્ન થયા. છૂટા પડતી વખતે હાથ મિલાવી-ને ગયા. જીવ્યા ત્યાં સુધી પ્રભાશંકરના એ મિત્ર રહ્યા.

ભાવનગર રાજ્યના કુંભણ ટપ્પામાં રાજ્યની થોડી સરહદ પાલીતાણા તથા એજન્સીની સરહદો પર આવેલી છે. એકની સરહદમાં ગુનો કરી બીજા રાજ્યની સરહદમાં નાસી છૂટવાની અનુકૂળતા હોવાથી ત્યાં ગુના થતા. ઈ. સ. ૧૯૦૦/૦૨ની સાલમાં ત્યાં લુંટારા રંજાડ કરતા. એ સરહદ પર એક છાપરી હતી. ઘણી વખત એ છાપરી પાસેના રસ્તા પર થઈને જતા એકલદોકલ વટેમાર્ગુને પકડી, તેની માલમત્તા લૂટી તેને લુટારા-ઓ છાપરીમાં પૂરી મૂકતા. આમ ઘણા મુસાફરો તેમાં ગોંધાએલા. કોઈ ખેડૂતે એ દૂરથી જોયું ને સ્થાનિક થાણદારને જાણ કરી. ત્યારે બપોર વીતી ગયા હતા. થાણદાર માણેકલાલ સુંદરજીએ (ઈ. ૧૮૭૧-૧૯૫૦) વાત સાંભળી, ફોજદારને તે માહિતી આપી અને પોતાને બંદૂક ઝાલતાં યે ન આવડતી છતાં ઘોડે ચડી પોલીસ-પાર્ટીને મોખરે થયા. પછી તો સામસામા ગોળીબાર થયા. તેમાં થાણદારના કાનની લગોલગ થઈ ગોળી નીકળી ગઈ ત્યારે પાછા હઠવાને બદલે ઉત્સાહ ચડાવતા તે આગળ વધ્યા. બીજી તરફ, સોનગઢ તથા પાલીતાણે તાર આપેલા હોવાથી ત્યાંની પોલીસ-પાર્ટીઓ આવી પહોંચી. સાંજ થઈ ગઈ હતી. ઘેરાઈ જવા જેવી સ્થિતિ થતાં લુટારાઓએ છાપરી ઉઘાડી માણસોને છોડી મૂક્યા. આથી પોલીસ તરફથી ગોળીબાર બંધ થયા ને છોડેલા માણસોની ઓથે સાયંકાળના અંધારાનો લાભ લઈ લુટારાઓ નાસી ગયા. તેમને પકડવા માણેકલાલે પાછળ ઘોડું દોડાવ્યું, પણ તેને પોલીસ ફોજદારે રોક્યા. પોતાની ફરજ ન હોવા છતાં આવા કામમાં નિઃશસ્ત્ર થાણદારે સમયસૂચકતા વાપરી જે હિંમત તથા કુનેહથી આગે-વાની લઈ કામ કરેલું તેની તારીફના પત્રો એજન્સી તથા પાલીતાણા રાજ્ય તરફથી ભાવનગરના મહારાજાને મળ્યા ને તેની નોંધ રાજ્યના દફતરે રહી.

આવી નોંધો તે તે નોકરની સારીમાઠી કામગીરી પરથી નિર્ણય લેવા વખતે ઉપયોગમાં લેવા માટે હોય છે. રાજ્યના ઈ. સ. ૧૯૧૯થી૧૯૩૧ના સગીર વહીવટ દરમિયાન આવેલા વાઈસ પ્રેસિડેન્ટ બર્ક સાહેબ આવી નોંધો ન જોતા; સ્વમતે નોંધ કરતા. વસૂલાતી ખાતું એના હસ્તક હતું. એક વખત તે ડિસ્ટ્રિકટમાં નીકળેલા અને આ માણેકલાલ જે ટપ્પામાં હતા ત્યાં ગયા. તપાસની શરૂઆતમાં બર્ક સાહેબે કામની પ્રશંસા કરી પણ બપોર પછી તપી જઈ ખુલાસા માગવા લાગ્યા. વિદાય વેળા માણેકલાલે કામ વિષે કંઈ સૂચના હોય તો કહેવા વિનંતી કરી ત્યારે બર્ક સાહેબે કામ માટે સંતોષ જાહેર કર્યો; પણ પછી ભાવનગર જઈ તુમારી પૂછાણ મોકલ્યું કે મારી તેમજ સાથે આવેલાની તમે થાણદાર હોવા છતાં સરખી સરભરા કરી નથી તે સબબ શા માટે દંડ ન કરવો તેના ખુલાસા સાથે ભવિષ્યમાં આવું ન થાય તેની બાંહેધરી આપશો.

થાણદારે ઉત્તરમાં લખી નાખ્યું: 'ઉપરી અધિકારીઓના મુકામનો ખર્ચ લોકો પર નાખી દેવાનું મારાથી બન્યું નથી ને બનશે નહિ. એ ખર્ચ કાં તો દરબારે ભોગવવો જોઈએ યા અધિકારીએ કરવો જોઇએ. મળતા પગારે ગુજરાન ચલાવવું ભારે પડે છે. તેમાં છાશવારે કામે, વિના કામે આવતા અમલદારોની આથી વધુ કેટલીક સરભરા થઈ શકે? છતાં આવું પૂછાણ કરવામાં આવે છે તે જ દુઃખદ નવાઈ છે. આથી સારી સરભરા માટે થાણદારે લોકો પાસેથી પૈસા ને માલ પડા-વવાં જોઇએ એવી જો આપની સલાહ હોય તો અમારાથી તે થાય તેમ નથી. તેમ છતાં જો અમે દંડપાત્ર ગણાતા હોઈએ તો કોઈ પ્રામાણિક માણસ આ રાજની નોકરી નહિ કરે, એવી નોકરી થઇ જ ન શકે.'

આ લખાણથી બર્ક સાહેબ છંછેડાઈ ગયા. તેણે માણેકલાલને બર-તરફ કરવાની મંજૂરી માટે તુમાર લખી થાણદારના અસલ જવાબ સાથે પ્રેસિડેન્ટ પ્રભાશંકરને મોકલી આપ્યો. પ્રભાશંકરે મજકૂર થાણ-દારની નોકરીનાં વર્ષોની કામગીરીની ટૂંક નોંધ તથા ખાતાના તે તે વખતના તે પરના અભિપ્રાય સહિત તુમાર ફરી રજૂ કરવા માટે પરત કર્યો.

નોંધ કે અભિપ્રાય કશું જ લીધા વગર રૂબરૂ આવેલા બર્ક સા-હેબને જોઈ પ્રભાશંકરે કહ્યું: 'માણસો આવેશમાં કેવી ભૂલો કરી બેસે છે તેનું આ ઉદાહરણ છે. આપનું દૃષ્ટિબિન્દુ હું સમજી શક્યો છું. આપને અ-પમાન લાગે તે રીતે થાણદારથી લખાય નહિ. રજૂઆતમાં નમ્રતા નથી.'

બર્ક સાહેબે દલીલ કરી કે આપને પણ એમ જ જણાતું હોય તો તે મુદ્દા પર મંજૂરી આપી દેવી. એટલે પ્રભાશંકરે કહ્યું: 'ખાતાંઓની સ્વતંત્રતા આડે આવવું એ મારા સ્વભાવમાં નથી, એટલે આમાં સહી કરી દેવામાં વાંધો નથી. પણ રાજ્યમાં હાલ સગીર વહીવટ છે, એટલે આપણી જવાબદારી વધી જાય છે. જેને કમી કરવાનો હોય તેણે સ-ળંગ નોકરી કેવી કરી છે તેને જોઇને, જો તેનું કામ રાજ્યને નુકસાન થાય તેવું થયું હોય તો તેવો હુકમ કઢાય. આ થાણદારને મર્હૂમ મહારાજા સાહેબે પોતાનો ગણી નોકરીમાં લીધેલો તે હું જાણું છું. વળી સોનગઢ-ના રેસિડેન્ટ સાહેબે તેને માટે તારીફનો કાગળ મહારાજા સાહેબ પર લખેલો, તેમજ એ સાહેબે એને રૂબરૂ મળી અભિનંદન આપેલાં. મો-રબી, રાધનપુર, વગેરે રાજ્યોએ વસૂલાતી ખાતાના ઉપરીના હોદ્દાએ તેને બોલાવેલા, પણ પોતે મહારાજાના માણસ હોવાથી ગયા નથી. એ-ટલે આપણે પૂરી તપાસ કરી, બીજા જે કંઈ સબળ પુરાવા મળે તે રજૂ કરીને પછી રજા દઈએ તો એ આપણે માટે યોગ્ય ગણાય, નહિ તો આપણી હાંસી થાય. આ કારણે તેમની કારકિર્દી તપાસવા મેં તુમાર પરત કરેલો. હું સમજું છું કે થાણદારનું લખાણ વિવેકવાળું નથી. તો સામી બાજુએ આપણે એ જોવાનું રહ્યું કે જો આપણે રાજ્યના કામને જ પહેલું સ્થાન દઇએ તો સંભવ છે કે આપણે તેમના કામની તારીફ કરી, તેની આવી ભૂલ સુધરે તે માટે ધ્યાન દોરી, તેને બઢતી આપીએ. આપણી શોભા એમાં છે.' બર્ક સાહેબ સમજ્યા. તેણે પૂછ્યું: 'તો મારે હવે શું લખીને તુમાર આપને મોકલવો?

પ્રભાશંકરે કહ્યું: 'આપે બેઠો શેરો કરવો કે પ્રેસિડેન્ટ સાથે રૂબરૂ વાતચીત થયા પ્રમાણે થાણદાર મજકૂરને લખાણમાં વિવેકભરી ભાષા વાપરવાની સૂચના આપીને તુમાર દફતરે દાખલ કરવો.'

એ પ્રકરણ ત્યાં પતી ગયું. માણેકલાલે બર્ક સાહેબને જવાબ લખી નાખ્યા પછી તેને વધારે અમંગળનો ભય હતો, ત્યાં કોઈએ આવીને જણાવ્યું કે બરતરફ કરવા માટે બર્ક સાહેબે પ્રેસિડેન્ટ પર તુમાર મો-કલ્યો છે. થાણદારને સલાહ પણ મળી કે પ્રેસિડેન્ટને મળી વિનંતી

વિશ્વ અને પ્રતિવિશ્વ

●○○○○○ડૉ. યશવંત ગુ. નાયક○○○○○●

આપણા વિશ્વની શરૂઆત કેવી રીતે થઈ હશે? આ વિષે સામાન્ય રીતે એવો મત પ્રવર્તે છે કે અનાદિકાળ ઉપર વિશ્વનું બધું દ્રવ્ય એક જ જગ્યાએ કેન્દ્રિત થયું હતું અને તે દ્રવ્યના સંઘર્ષમાંથી એક કલ્પનાતીત અને પ્રચંડ પ્રસ્ફોટ થયો હતો. આને કારણે આ પ્રસ્ફોટના કેન્દ્રમાંથી દ્રવ્યનાં પ્રચંડ વાદળોના ગોટેગોટા થઇ એકમેકથી દૂર ફેંકાઈ ગયા. આ વાદળોમાંથી મહાન નિહારિકાઓ, તારામંડળો અને આપણું આકાશગંગારૂપ તારામંડળ પણ પેદા થયાં હતાં. આ દરેક તારામંડળ અને નિહારિકા આજે પણ પ્રચંડ ઝડપે એકમેકથી દૂર ફેંકાઈ રહ્યાં છે. દરેક તારામંડળમાં કરોડો તારા અસ્તિત્વ ધરાવે છે, અને દરેક નિહારિકામાં એટલું જ વાદળરૂપ દ્રવ્ય રહેલું છે. આ તારામંડળ અને નિહારિકાઓના વેગનો આધાર તેના અંતર ઉપર રહે છે. જેમ અંતર વધુ તેમ વેગ પણ વધુ માલૂમ પડયો છે. આમ છતાં હવે ખગોળશાસ્ત્રીઓને લાગ્યું છે કે સમગ્ર વિશ્વના દ્રવ્યના ગુરુત્વાકર્ષણ-બળની અસરથી આ દૂર ફેંકાતાં તારામંડળ અને નિહારિકાઓનો વેગ ધીમો પડવા લાગ્યો છે. આ વેગના ધીમા પડવાનો દર તેના ઉપર કેટલું ગુરુત્વાકર્ષણ બળ છે તે દર્શાવે છે, અને એના ઉપરથી વિશ્વમાં બધું મળીને કેટલું દ્રવ્ય છે તેનો પણ ખયાલ આવે છે. વૈજ્ઞાનિકોએ ગણતરી કરતાં માલૂમ પડયું છે કે જે દરે તારામંડળોના વેગમાં ઘટાડો થાય છે તે એમ સૂચવે છે કે વિશ્વનું દ્રવ્યમાન જે દશ્ય તારામંડળો અને નિહારિકાઓ છે તેના દ્રવ્યમાન કરતાં લગભગ દશગણું વધારે છે. તો પ્રશ્ન એ ઊભો થાય છે કે સમગ્ર વિશ્વના નેવું ટકા દ્રવ્યનું શું થયું? કેટલાક વૈજ્ઞાનિક માને છે કે આ નેવું ટકા દ્રવ્ય કદાચ અવકાશમાં રહેલાં અને અદશ્ય એવા કાળમીંઢ તારાઓ (બ્લૅક હોલ્સ) નું હશે જ્યારે દશ્યમાન વિશ્વના પદાર્થોનું દ્રવ્ય માત્ર દશ ટકા છે. આ કાળમીંઢ તારાઓનું અસ્તિત્વ હવે સાબિત થઇ ચૂક્યું છે.

કાળમીંઢ તારા

કાળમીંઢ તારા (બ્લૅક હોલ્સ) દરેક તારામંડળમાં અગણિત સંખ્યામાં હોવા જોઇએ. આ તારાઓની ઉત્પત્તિ સૂર્ય જેવા પરંતુ તેનાથી ૧૦ થી ૧૦૦ ગણા મોટા સૂર્યોમાંથી થઇ હોવી જોઇએ. આ તારાના નાભિમાં ચાલતી અણુભઠ્ઠીઓમાં ઇન્ધન (નાભિકીય પદાર્થો) ખૂટી પડવાથી તેનું સમગ્ર દ્રવ્ય ઠંડું પડીને કેન્દ્ર તરફના પ્રચંડ ગુરુત્વાકર્ષણના બળે અંદર પડવા લાગે છે. તે પહેલાં અંદરની ગરમી અને દબાણને કારણે આ દ્રવ્ય સમતોલ થઈ રહેતું હતું. તારાનું બધું દ્રવ્ય અંદર ખેંચાઇને આશરે દશપંદર માઈલના વ્યાસના ગોળામાં કેન્દ્રિત થયું છે અને તેથી તેના દ્રવ્યની ઘનતા પ્રચંડ બની છે. આ બધાં દ્રવ્યના પ્રચંડ દબાણને કારણે એવું માનવામાં આવે છે કે મધ્યમાં દ્રવ્ય કચડાઇને નાશ પામે છે. એમાંથી પ્રકાશનું તેજ પણ બહાર પડી શકતું નથી કારણ કે એના ઉપર તારાના પ્રચંડ ગુરુત્વાકર્ષણનું બળ લાગવાથી એ પણ અંદર જ સમાઈ જઈ નષ્ટ પામે છે. આથી વૈજ્ઞાનિકો એમ માને છે કે આપણા વિશ્વનું મોટા ભાગનું દ્રવ્ય આ કાળમીંઢ તારાઓમાં ભસ્મ થઈ રહ્યું છે. આ પ્રકારે દ્રવ્યનો કાળમીંઢ તારાઓમાં નાશ થતો હશે એવી પરિકલ્પના પરમાણુ બૉંબના પ્રથમ સ્ફોટ કરનાર વૈજ્ઞાનિક જે. રૉબર્ટ ઓપનહાઈમર અને તેના શિષ્ય હાર્ટલૅન્ડ સ્નાઈડરે કરી હતી.

શ્વેતગર્ત તારા

અમેરિકાની નૅશનલ રેડિયો ઍસ્ટ્રૉનૉમી ઑબ્ઝર્વેટરી (વેધશાળા) ના જાણીતા ખગોળશાસ્ત્રી રૉબર્ટ એમ. જેલમિંગે ઉપરના વાદની સામે એક નવો વાદ રજૂ કર્યો છે. એમણે જણાવ્યું છે કે જેમ વિશ્વમાં કાળમીંઢ તારા છે તેમ તેનાથી વિરુદ્ધ ગુણવાળા શ્વેતગર્ત (white holes) તારા પણ આ વિશ્વમાં કોઈક સ્થળે હોવા જોઇએ. એમના વાદ મુજબ કાળમીંઢ તારાઓમાં દ્રવ્ય કચડાઇને નાશ પામે છે તેનાથી ઊલટું શ્વેતગર્ત તારાઓમાં દ્રવ્ય પેદા થતું હોવું જોઇએ. આ શ્વેતગર્ત તારાનું ઉષ્ણતામાન અને તેજ હજારો અથવા કરોડો સૂર્યના જેટલું હશે.

વિશ્વ-પ્રતિવિશ્વ

આ વાદના અનુસંધાનમાં રૉજર પેનરોઝ નામના બ્રિટિશ વૈજ્ઞાનિકે એવું પ્રતિપાદન કર્યું છે કે આપણું વિશ્વ છે તેનાથી વિરુદ્ધ ગુણવાળું બીજું પ્રતિવિશ્વ પણ અસ્તિત્વ ધરાવતું હોવું જોઇએ. આ બે વિશ્વનાં દ્રવ્યો એકમેકથી વિરુદ્ધ ગુણવાળાં હોવાં જોઇએ. આ પ્રકારની ધારણામાં એ ભૌતિકશાસ્ત્રમાં થએલી કેટલીક શોધ પૂર્તિ આપે છે.

દાખલા તરીકે બહુ શક્તિશાળી તેજનું કિરણ (કૉસ્મિક કિરણ, અથવા પ્રબળ કિરણોત્સારી પદાર્થમાંથી નીકળતું ગામા કિરણ) જ્યારે કોઈ પદાર્થના પરમાણુના નાભિની નજીકથી પસાર થાય છે ત્યારે તેનું રૂપાંતર દ્રવ્યમાં થાય છે. અને તેમાંથી બે એકસરખા પરંતુ વિરુદ્ધ ગુણવાળા કણો પેદા થાય છે. એક છે ઇલેક્ટ્રૉન અને બીજો છે પૉઝિટ્રૉન. આ બન્ને કણો એકસરખા વજનના, એકસરખા મૂલ્યના વીજભારવાળા, અને એકસરખા કદના છે; પરંતુ ઇલેક્ટ્રૉન ઉપરનો વીજભાર ઋણ (નેગેટિવ) છે જ્યારે પૉઝિટ્રૉન ઉપરનો વીજભાર ધન (પૉઝિટિવ) છે. આ કણો એકબીજાના પ્રતિ-કણ (anti-particles) છે અને જ્યારે તેજશક્તિમાંથી દ્રવ્ય પેદા થાય છે ત્યારે એકબાજુ એક પ્રકારનો કણ પેદા થાય છે અને તેની સાથે જ બીજો તેનો પ્રતિકણ પણ પેદા થાય છે. ઇલેક્ટ્રૉનનો પ્રતિકણ પૉઝિટ્રૉન છે. આવી જ રીતે પ્રોટૉન, ન્યુટ્રૉન અને મેસોન જેવા પરમાણુની રચનામાં ભાગ લેતા કણોના પ્રતિકણો ઍન્ટી-પ્રોટૉન, ઍન્ટી-ન્યુટ્રૉન અને ઍન્ટી-મેસોન કણો પણ અસ્તિત્વ ધરાવે છે તેવું પ્રયોગથી સિદ્ધ થયું છે. આ બધા જ કણો દ્વંદ્વ સ્વરૂપે એટલે કે કણ અને પ્રતિકણ રૂપે પેદા થાય છે. અંગ્રેજીમાં એને પેર-પ્રોડક્શન (pair-production) કહે છે. આથી પેનરોઝે એવો વાદ રજૂ કર્યો છે કે જ્યારે પણ વિશ્વ પેદા થયું હશે ત્યારે તેમાંથી દ્વંદ્વ-વિશ્વો (એક આપણું વિશ્વ ને બીજું તેનું પ્રતિવિશ્વ) પેદા થયું હોવું જોઇએ ને આ પ્રતિ-વિશ્વ પણ અસ્તિત્વ ધરાવતું હોવું જોઇએ.

કણ અને પ્રતિકણનો ગુણ એવો છે કે જો એક કણ (ઇલેક્ટ્રૉન જેવો) તેના પ્રતિકણ (પૉઝિટ્રૉન જેવો) એકમેક સાથે અથડાય તો તુર્ત જ તેના દ્રવ્યનો વિનાશ થાય છે અને તેમાંથી તેજ રૂપી શક્તિ પેદા થાય છે. આથી એમ ધારી શકાય કે આપણું વિશ્વ અને પ્રતિવિશ્વ એકમેકની સાથે ભેગાં થાય અથવા અથડાય તો બન્ને વિશ્વનો વિનાશ થાય.

પેનરોઝ અને જેલમિંગે રજૂ કરેલા આ વિશ્વના વાદમાંથી એવું પણ અનુમાન થાય છે કે એક વિશ્વમાં રહેલા કાળમીંઢ તારાઓમાં વિનાશ પામતું દ્રવ્ય તેના પ્રતિ-વિશ્વમાં રહેલા શ્વેતગર્ત તારાઓમાં સર્જન પામે છે. આ રીતે આપણા વિશ્વના કાળમીંઢ તારાઓમાં નષ્ટ થતું દ્રવ્ય પ્રતિ-વિશ્વના શ્વેતગર્ત તારાઓમાં સર્જાય છે, અને તેથી ઊલટું આપણા વિશ્વમાં રહેલા શ્વેતગર્ત તારાઓમાં પેદા થતું દ્રવ્ય તે આપણા પ્રતિ-વિશ્વના કાળમીંઢ તારાઓમાં નષ્ટ થતું દ્રવ્ય છે. આમ વિશ્વ અને પ્રતિ-વિશ્વની વચ્ચે દ્રવ્યની આપલે થયા કરે છે, એવો ખયાલ છે. આથી બે વિશ્વ વચ્ચે દ્રવ્યના કુલ જથ્થાનો સંચય થયા કરે છે.

છેલ્લે એક બીજો ખયાલ પણ કરી લેવો જરૂરી છે. આપણું વિશ્વ ઇલેક્ટ્રૉન, પ્રોટૉન, ન્યુટ્રૉન અને મેસોન જેવા પ્રાથમિક કણોના દ્રવ્યનું બનેલું છે તેમ પ્રતિ-વિશ્વ પૉઝિટ્રૉન, ઍન્ટિ-પ્રોટૉન, ઍન્ટિ-ન્યુટ્રૉન અને ઍન્ટિ-મેસોનના પ્રાથમિક કણોના દ્રવ્યનું બનેલું હશે. દાખલા તરીકે આપણે ત્યાંના હાઇડ્રોજનની જગ્યાએ ત્યાં ઍન્ટી-હાઇડ્રોજન



ટિકિટ-સંગ્રહ તાજેતરમાં બહાર પડેલી ફિજી ટાપુઓની આ ચાર ટિકિટો પર ત્યાંની પચરંગી પ્રજામાં ઊજવાતા ચાર મુખ્ય તહેવારો ક્રિસ્ટમસ, દિવાળી, ઈદ-ઉલ-ફિતર અને ચીની નૂતન વર્ષનાં દ્યોતક ચિત્રો આપ્યાં છે. ફિજીની પ્રથમ ટપાલટિકિટ ઈ. ૧૮૭૦માં બહાર પડેલી. 'ફિજી ટાઈમ્સ' નામના અખબારના અંગ્રેજ માલિક એલ. ગ્રિફિથ્સે એ તૈયાર કરેલી અને અખબારો માટે એક તથા પત્રો વગેરે માટે ત્રણ પેન્સની કિંમત લેવાનું રાખી એણે ફિજી ટાપુઓ પર ટપાલવ્યવહારનો પ્રારંભ કરેલો. એની એ ચોરસ ટિકિટો પર 'ફિજી ટાઈમ્સ એક્સપ્રેસ' લખાતું. એ વ્યવસ્થા ઈ. ૧૮૭૨માં ફિજીના રાજા કકોબૂએ રાજ્યની ટપાલ-વ્યવસ્થા ચાલુ કરી ત્યાં સુધી ચાલેલી.

હશે, આપણે ત્યાંના ઑક્સિજનની જગ્યાએ ત્યાં ઍન્ટી-ઑક્સિજન હશે, અને આપણે ત્યાંના કોઇ પણ તત્ત્વના પરમાણુની જગાએ પ્રતિ-વિશ્વમાં તે જ તત્ત્વનો પ્રતિ-પરમાણુ હશે.

ઉપલા ખયાલને વધુ વિકસાવીએ તો જેમ આપણા શરીરનાં અંગો અનેક જુદાં જુદાં તત્ત્વોના અણુઓનાં બનેલાં છે તેમ ત્યાંની કોઈક પ્રતિ-પૃથ્વી ઉપર આપણા શરીરથી વિરુદ્ધ ગુણવાળાં પ્રતિ-શરીર ધરાવતાં માનવીઓ અને પ્રાણીઓ પણ હશે એમ ધારવું ખોટું નથી. આમ આપણે એમ ધારી શકીએ કે એવા પ્રતિવિશ્વમાં દરેક જાતની પ્રતિ-જીવસૃષ્ટિ અસ્તિત્વ ધરાવતી હશે. આપણા વિશ્વમાં માનવ તો ત્યાં પ્રતિ-માનવ, આપણા વિશ્વમાં સ્ત્રી તો ત્યાં પ્રતિ-સ્ત્રી, આપણા વિશ્વમાં ગાય તો ત્યાં પ્રતિ-ગાય, એમ પ્રાણીસૃષ્ટિની પ્રતિ-પ્રાણીસૃષ્ટિ અસ્તિત્વ ધરાવતી હોય તો તે અશક્ય લેખી ન શકાય.

છેલ્લે, કોઇ સંજોગોમાં પૃથ્વીનો માણસ અને પ્રતિ-પૃથ્વીનો પ્રતિ-માણસ ભેગા થઈ એકબીજા સાથે હસ્તધૂનન કરવા જાય તો શું પરિણામ આવે? માનવ અને પ્રતિ-માનવનું હસ્તધૂનન એટલે શક્તિનો એક પ્ર- [illegible] અગર સ્ફોટ અને તેને પરિણામે બન્નેનાં દ્રવ્યનો વિનાશ! આ કલ્પના આપણને પરીકથા જેવી લાગે છે, પરંતુ એની પાછળ પ્રયોગશાળામાં પ્રત્યક્ષ અનુભવમાં આવેલા ઇલેક્ટ્રોન અને પોઝિટ્રોન રૂપી કણ અને પ્રતિ-કણની લાક્ષણિકતાઓની અચૂક સાબિતી છે. આ બન્ને કણોનો સંપર્ક એટલે દ્રવ્યનો વિનાશ અને તેમાંથી તેજ-શક્તિનો ઉદ્ભવ.

ત્યારે એમ કલ્પી શકાય કે એક કાળે એક પ્રચંડ સ્ફોટમાંથી વિશ્વ અને પ્રતિ-વિશ્વ પેદા થયું હતું અને હવે અનાદિ કાળ પછી જ્યારે વિશ્વ અને પ્રતિ-વિશ્વનો સંઘર્ષ થશે ત્યારે બન્ને વિશ્વના દ્રવ્યનો વિનાશ થશે. વળી પાછું કોઈક કાળે આ વિનાશમાંથી નવાં વિશ્વ અને પ્રતિ-વિશ્વનું સર્જન થશે. આ પ્રમાણે સર્જન અને વિસર્જનની પ્રક્રિયાઓ અનંત કાળ સુધી ચાલ્યા કરશે. આમ, આ વિશ્વની ગૂઢ સમસ્યામાં એક પ્રતિ વિશ્વરૂપી ગૂઢ સમસ્યાનો ઉમેરો થાય છે.

છેવટે આ વિશ્વના વાદ વિષે એક પ્રશ્ન એ ઊભો થાય છે કે આ દૃશ્ય અને અદૃશ્ય જડ પદાર્થોનું બનેલું વિશ્વ કે પ્રતિ-વિશ્વ કોને અને કોના વડે વ્યક્ત થાય છે. ધારો કે આ વિશ્વમાં ચેતન ન હોય, ચેતન ધરાવતું મનુષ્ય જેવું પ્રાણી ન હોય તો એને જોનાર કે અનુભવ કરનાર કોણ? જ્યાં સુધી એક બંધ ઓરડામાં પેદા થતા અવાજને કોઈ સાંભળનાર વ્યક્તિ ન હોય તો તે અવાજ નથી પરંતુ હવાનાં આંદોલનો છે; એ ઓરડામાં પ્રજ્જ્વલિત પ્રકાશ હોય પરંતુ તેને કોઈ જોનાર ન હોય તો તે અંધકાર જ છે; તેવી રીતે આ વિશ્વ અને પ્રતિ-વિશ્વને પાંચ ઇન્દ્રિય વડે અનુભવનાર કોઈ ન હોય તો એનું અસ્તિત્વ કેવી રીતે વ્યક્ત થાત? આ ઉપરથી એમ સ્પષ્ટ માનવું પડે છે કે જેવું જડ તેવું જ ચેતન વિશ્વ પણ છે. ચેતન વડે જ જડ વિશ્વ વ્યક્ત થાય છે. આ ચેતન વિશ્વ શું છે? આ ચેતન માત્ર પૃથ્વી ઉપર જ છે કે વિશ્વમાં ચોમેર વ્યાપેલું છે? આ ચેતન, ભૌતિક બળોને પાર કરી વિશ્વમાં ચોમેર વિચરી શકે છે કે માત્ર પૃથ્વી ઉપર જ સ્થિર છે? આવા પ્રશ્નોનો ચોક્સ ઉત્તર આજે આપણે આપી શકતા નથી; છતાં હવે એટલું તો વૈજ્ઞાનિકો માનતા થયા છે કે વિશ્વમાં અનેક સ્થળે પૃથ્વીના જેવી ચેતનસૃષ્ટિ હોવાની શક્યતા છે. □

વાર્ષિક વાઙ્મય સમીક્ષા

'ગુજરાત સાહિત્ય સભા' તરફથી દર વર્ષે કરાવવામાં આવતું સમીક્ષાનું કામ ચાલુ વર્ષ (સને ૧૯૭૩ તથા ૧૯૭૪) માટે નીચેના સમીક્ષકને સોંપવામાં આવ્યું છે. પ્રો. ડૉ. મધુસૂદન પારેખ, એ/૩, લિંકન એપાર્ટમેન્ટ્સ, આઇડિયલ કૉલોની પાસે, મણિનગર, અમદાવાદ. પ્રકાશકોને આગ્રહપૂર્વક વિનંતી કરવાની કે એમના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રકટ થાય કે તરત ઉપર જણાવેલા સરનામે તે સમીક્ષકને મોકલી આભારી કરશો.

કલાવાર્તા

મથુરા મ્યૂઝિયમની શતાબ્દી



ભારતનાં ઉત્તમ સંગ્રહાલયોમાં મથુરાના સંગ્રહસ્થાનની ગણના પ્રથમ હરોળમાં થાય છે. તાજેતરમાં આ સંગ્રહસ્થાનની સ્થાપનાની શતાબ્દી ઊજવાઈ. આ નિમિત્તે મથુરાની લોકકલા વિષે એક પ્રદર્શન પણ યોજાયું હતું અને મથુરાની કલા વિષે બે દિવસનો એક પરિસંવાદ પણ ગોઠવાયો હતો, જેમાં દેશવિદેશના અનેક વિદ્વાનોએ ભાગ લીધેલો.

આજથી સો વર્ષ પર મથુરાના અંગ્રેજ કલેક્ટર મિ. ગ્રૌસે ઈ. ૧૮૭૪માં દિલ્હી-આગ્રા માર્ગ પરની દીવાની અદાલતની બાજુમાં એક નાના મકાનમાં, મથુરા નગર તથા તેની આસપાસના પ્રદેશમાંથી પ્રાપ્ત થએલા પુરાવશેષોનાં થોડાં કલારત્નો વડે આ મ્યૂઝિયમની રજૂઆત કરેલી. ઇ. ૧૮૮૧માં એ સંગ્રહસ્થાન જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું. ઈ. ૧૯૦૦માં મથુરા નગરપાલિકાએ એનું નિયંત્રણ હાથ ધર્યું

◁ મથુરા સંગ્રહાલયનાં ત્રણ શિલ્પરત્નો ▽ ડાબી બાજુ ઉપર: આશરે ૪થી સદીનું પીળા રેતિયા પથ્થરનું શિલ્પ: જૈન તીર્થંકર; તેની નીચે: બીજી સદીનું લાલ રેતિયા પથ્થરનું શિલ્પ: પરિચારિકા; ને (નીચે) એ જ અરસાનું એક શિલ્પ બોધિસત્ત્વ યા પરિચારક.





અને ભારતના પુરાતત્ત્વ મોજણીના અધીક્ષક ડૉ. વૉગેલે સંગ્રહમાંનાં શિલ્પોનું જે વિગતસભર સૂચિપત્ર તૈયાર કર્યું તેથી પ્રાચીન કલાના આ અપૂર્વ સંગ્રહને ચોમેર પ્રતિષ્ઠા મળી. ઈ. ૧૯૧૨માં ઉત્તર પ્રદેશની સરકારે આ સંગ્રહસ્થાન અને વહીવટની જવાબદારી ઉપાડી લીધી અને છેક ઈ. ૧૯૦૮થી આ સંગ્રહસ્થાન સાથે જોડાએલા પંડિત રાધાકિશને તેના વિવિધ હોદ્દાઓ પર આજીવન માનાર્હ સેવાઓ આપીને તેની પ્રતિષ્ઠા ને સમૃદ્ધિ વધારવામાં ઊંડો ઉત્સાહ દાખવ્યો. ભારતના પુરાતત્ત્વના મહાસંચાલક સર જૉન માર્શલે પણ આ સંગ્રહસ્થાનના વિકાસમાં ઘણો ઊંડો રસ લીધો હતો. ઉત્તર પ્રદેશ સરકારના એ સમયના સ્થપતિ એ. એલ. મૉર્ટિમરે કરેલા નકશા પ્રમાણે બનાવેલા ૩૪ ફૂટ પહોળી સળંગ અષ્ટકોણ વીથિવાળા આ સંગ્રહસ્થાનના હાલના મકાનમાં ઇ. ૧૯૩૦માં અહીંનાં પ્રાચીન કલારત્નોની કલકત્તાના ભારતીય સંગ્રહસ્થાનના પુરાતત્ત્વ વિભાગના અધ્યક્ષ રાયબહાદુર રામપ્રસાદ તથા પં. રાધાકિશને કાલાનુક્રમે નવેસરથી ગોઠવણી કરી.

આ સંગ્રહાલયનો ઉદ્દેશ મુખ્યત્વે ઉત્તર ભારતમાં વિકસિત મથુરા શૈલીની પ્રાચીન કલા રજૂ કરવાનો છે. આ દૃષ્ટિએ કાલાનુક્રમે ગોઠવાએલું, ઈ. સ. પૂર્વે એકાદ હજાર વર્ષથી માંડી ઈ. સ.ની પંદરમી સદી સુધીની વ્રજ સંસ્કૃતિની ઝાંખી કરાવતું અહીંનું કાયમી પ્રદર્શન કલાના અભ્યાસીઓને ઉત્કૃષ્ટ સામગ્રી પૂરી પાડે છે. કુશાણકાલીન કલાનો અહીંનો સમૃદ્ધ સંગ્રહ દુનિયાભરમાં વિખ્યાત છે. અમેરિકાના 'બૉસ્ટન મ્યૂઝિયમ ઑવ ફાઈન આર્ટ્સ'ને પણ અહીંથી કેટલીક સુંદર સામગ્રી અનુદાનમાં અપાઈ છે. મુખ્યત્વે મથુરા શહેર તથા આસપાસના પ્રાચીન સ્તૂપો, મઠ-મંદિરો અને ઉત્ખનનો દ્વારા પ્રાપ્ત કલાવશેષોનો આ સંગ્રહ છે.


શુંગ કાળની પરખમ યક્ષની ભવ્ય મૂર્તિ, કનિષ્ક, વેમા કડફિસેસ, વેમા તક્ષમા અને અસ્થા જેવા કુશાણ રાજવીઓની પ્રતિમાઓ, પ્રારંભિક મથુરા શૈલીનાં શિલ્પશોભનો, યમુનાના પટમાંથી મળેલો સલેખ સ્તૂપ, પુન્યશાળા સ્તંભો, મહોલીના બોધિસત્ત્વ તથા કટરાની ટેકરીના બુદ્ધ, વિવિધ લાક્ષણિક વેશભૂષાયુક્ત રાજપુરુષોની પ્રતિમાઓ, પૂર્વ મૌર્યથી તે મધ્યકાળ સુધીની વિલક્ષણ લાક્ષણિકતાવાળી પકવેલી માટીની વિવિધ વસ્તુઓ, સૂર્ય, કુબેર, હરિતી વગેરેની પ્રતિમાઓ, નાગશિલ્પો તથા કુવિશ્ક કાળના સંબંધવાળી મોટી જીવંત સમ પ્રતિમાઓ વગેરે અહીંની પ્રાચીન સમૃદ્ધિનાં ગણનાપાત્ર કલારત્નો છે. આ ઉપરાંત, એક સમૃદ્ધ પુસ્તકાલય પણ એમાં છે. વિદ્યાર્થીઓ માટે પણ કેટલીક ખાસ સગવડો છે.

'કસુંબલ'નાં લોકનૃત્યો

ભારતને સ્વાતંત્ર્ય મળ્યા પછી લલિતકળાઓના દરેક ક્ષેત્રમાં પુનર્જાગ્રતિનો સળવળાટ શરૂ થયો અને વિસરાતી કળા—લોકકળાના સૌંદર્યતત્ત્વનાં મૂલ્યો પુનઃસ્થાપિત કરવા અવનવા પ્રયોગો થવા લાગ્યા. આવી જ કંઈક ચોક્કસ ખેવનાથી તેમજ સૌરાષ્ટ્રનાં લોક-નૃત્યોની લઢણ, સ્વરૂપ અને સૌંદર્યતત્ત્વની ભરમારથી આકર્ષાઈને ભાવનગરનાં થોડાંક શિક્ષિત યુવાન ભાઈબહેનો તેની પરંપરિત રમણીયતાને યથાસ્વરૂપે શહેરી જનતા સમક્ષ રજૂ કરવા પ્રયત્નશીલ થયા. જેમ સ્વ. મેઘાણીએ દેશજ સાહિત્યને ધૂળધોયા જેમ એકઠું કરી, શિષ્ટજનો સામે લાવી મૂક્યું, તેમ લોકનૃત્યોને શિષ્ટજનો આસ્વાદે એ ભાવનાથી ભાવનગરમાં 'ઘોઘા સર્કલ મિત્રમંડળ'નાં ભાઈબહેનોએ પણ એક પ્રયત્ન શરૂ કર્યો છે.

આ યુવાન ભાઈબહેનોએ ઈ. સ. ૧૯૬૫થી શાળા-કૉલેજોમાં ભણતાંભણતાં વાર-તહેવાર-પર્વોએ ગામડાંમાં જઈને ભરપટે લોકનૃત્યો જોયાં,-જાણ્યાં,-માણ્યાં-અને પછી તેને પોતાની કાયામાં ઉતારવા પ્રયત્નો કર્યા. ઈ. ૧૯૬૭થી આ સંસ્થાએ અવેતન રૂપે તથા સંવેદનશીલ અને જોમભરી રીતે રાસ, દાંડિયારાસ, રાસડા, ગરબી અને 'ઢોલોરાણો' વગેરે રજૂ કર્યા છે. મૂળ લોકનૃત્યની પરંપરિત લઢણની સાથે થોડાક સલૂણા નાવીન્યના ઉમેરણથી એમની રજૂઆતને ઓપ મળે છે; પણ તેમાં શિષ્ટ નૃત્યની આધુનિક છાંટ ભળી ન જાય તેની તકેદારી રાખી તદ્દન તળપદ સ્વરૂપની જ લઢણ દર્શાવવાનો આગ્રહ રખાય છે.

ગ્રામ લોકનૃત્યોમાં યુવાનીનું મોકળા કંઠનું ગાન, અને ગતિભર્યો અંગ-હિંડોળ નિજાનંદના હિલોળા સાથે ઊભરે છે, બરોબર એ જ તળપદ સ્વરૂપને સંઘેડાઉતાર રીતે 'કસુંબલ'ના યુવાનો રજૂ કરે છે. વળી ગરબીની ગૂંથણી અને બોલ તો આ યુવાનોનાં જ. ગ્રામ યુવાનોનેય ભુલાવે તેવાં અંગનાં ડોલન, જોમભર્યાં દેહના હિંડોળ, અને ગતિસ્વરૂપના નિયમન ચાપલ્ય સાથે ઊઠબેસની ફરક-ચકરડીમાં આ યુવાનો રમતા હોય ત્યારે ફજેત-ફાળકો ય લજવાય તેવી રૂડી રીતે એ રમે છે.


'કસુંબલ'ના એક લોકનૃત્ય પ્રયોગ

વાર-પરબની રાતે ગ્રામશેરીમાં સો સો તાબોટાની એક જ તાળી સાથે ગવાતા ઘમ્મર-રાસડાના પડછંદા પણ આ સંસ્થાની બહેનોએ ઝીલી અસલ રૂપમાં બતાવ્યા છે. અને 'ઢોલોરાણો' એ તો મનમોજનો દોહલો પ્રકાર! ખાસ કરીને ગોહિલવાડના ખેડૂતોનું આ વિશિષ્ટ નૃત્ય છે. દુલા જીવનો ખેડૂત ખળાંટાણે રાજવીરૂપ બની જાય છે. એક બાજુ તેની સીમની લક્ષ્મીનો ઢગલો હોય છે. તેમાંથી માગનારને મૂઠી-માણું આપીને એ પોતાનું દુલઃપણું દેખાડે છે. પોરસીલા ખેડૂતનું આ લોકનૃત્ય છે. બાર મહિના પછી સીમની કણલક્ષ્મીના ઢગને જોઈને ગ્રામ નરનારીને ચડતી રંગતનું આ લોકનૃત્ય છે. જેમાં શ્રમભરી જિંદગીની, કાપવું, વાવલવું, સોવું, ખાંડવું વગેરે ક્રિયાઓનો ડોલન અભિનય જીવંત રૂપે માણવા મળે છે.

આ ઉપરાંત, લોકગીતો, ભજનો અને સંગીતના દેશ્ય સ્વરૂપને જનતા સમક્ષ લાવનાર આ કલાકારોનો હેતુ ધંધાદારી નહિ, પણ લોકનૃત્યોનું સૌંદર્ય જનતા જુએ એ જ છે. લોકનૃત્યોની ધમધમતી રજૂઆતથી આ કલાકારોએ અનેક સ્થળે સ્પર્ધાઓમાં પ્રથમ રહીને પોતાના પ્રયત્ન અને સૌરાષ્ટ્રના લોકનૃત્યને ઉજાળ્યાં છે. તેનું શ્રેય આ સંસ્થાના સર્વશ્રી જયરાજસિંહ સરવૈયા, કિરીટ વ્યાસ, ઉપેન્દ્ર મહેતા, કુ. મુરલી મેઘાણી વગેરે કલાકાર ભાઈબહેનોને આધીન છે. —ખોડીદાસ પરમાર





એક ગૃહિણીનો કલાવ્યાસંગ



શ્રીમતી કુંદનબેન અંબાલાલ એમનું નામ. જન્મ: ઈ.સ. ૧૯૨૧માં ભાવનગરમાં. પિતા મગનલાલ નાનાભાઈની શરાફી પેઢી ચાલે. બચપણથી જ ઘરમાં સંગીત અને ચિત્રકામ માટે શોખ. અઢારમે વર્ષે લગ્ન કર્યા બાદ પણ કલા-વ્યાસંગ જારી રાખી અમદાવાદમાં ચિત્રકાર શ્રી છગનલાલ જાદવ પાસે ચિત્રકામની તાલીમ લીધા પછી હવે શિલ્પી શ્રી કેળકર પાસે શિલ્પકામનું શિક્ષણ લે છે. એના પરિણામરૂપ એમની આ ત્રણ શિલ્પકૃતિઓ (મથાળે: 'નાગરાજ' તથા 'વાત્સલ્ય' અને ઉપર પતિ



શ્રી અંબાલાલ) એમણે સાધેલી પ્રગતિની દ્યોતક છે. સાંસારિક જવાબદારીઓ સાથે અવકાશની પળોમાં કેળવેલો આ કલાવ્યાસંગ હર કોઈ ગૃહિણીને પ્રેરક બની રહે તેવો છે.

કમલાસન બ્રહ્મા

સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ ૧૫

લેખ અને ફોટો • નરોત્તમ પલાણ

ઋગ્વેદના 'પ્રજાપતિ' તે પુરાણકાળમાં 'બ્રહ્મા' બની ગયા છે. મત્સ્યપુરાણ (૧૬૯-૨) અનુસાર ભગવાન વિષ્ણુએ કમલ રૂપી જે પૃથ્વીનું સર્જન કર્યું તેમાં પ્રજોત્પત્તિ અર્થે બ્રહ્માનો આવિર્ભાવ થયો. (હિબ્રુ ધર્મના પરમ પિતા અબ્રાહમ અને ઈસ્લામના અઠ્ઠાવીસ પયગંબરોમાંના ઈબ્રાહીમ પણ આ બ્રહ્મા જણાય છે.) બ્રહ્માને મળેલાં ચાર આનન પણ પુરાણોનું પ્રદાન છે. પુરાણોની આ કથાનું બીજ 'જૈમિનિ અશ્વમેધ'માં બકદાલ્ભ્યઋષિનો અહંકાર દૂર કરવા બ્રહ્માએ ચારે ય કલ્પોનું દર્શન પોતે ચાર મુખોથી કરી શકે છે એવું જે સામર્થ્ય દર્શાવ્યું તેમાં જણાય છે. પુરાણો મુજબ બ્રહ્માએ ચાર મુખથી ચાર વેદોનું સર્જન કર્યું. પૂર્વ મુખ: ઋગ્વેદ; દક્ષિણ: યજુર્વેદ; પશ્ચિમ: સામ; ઉત્તર: અથર્વ વેદ. (આ ગણતરી, શંકરાચાર્ય દ્વારા ચાર પીઠોનું અસ્તિત્વ અને દિશાવાર વેદોનો અભ્યાસ નિશ્ચિત થયા પછી પુરાણોમાં પ્રવેશેલી જણાય છે.) બ્રહ્મા આમ જુઓ તો સમગ્ર હિન્દુસમાજ અને દર્શનનું પ્રતીક છે; તેમના ચતુઃ સ્વરૂપથી ચારવેદ, ચાર દિશા, ચાર યુગ, ચાર વર્ણ, ચાર આશ્રમ ચાર પુરુષાર્થ ને આ સૌથી પ્રગટ થતો સ્વસ્તિક અભિપ્રેત છે.

બ્રહ્માનો સ્વતંત્ર પૂજાવિધિ હતો. ભારતભરમાં અત્રતત્ર બ્રહ્મકુંડ, બ્રહ્મઘાટ અને ગુજરાત-રાજસ્થાનમાં પ્રાપ્ત બ્રહ્મામંદિરો આની ગવાહી છે. કાનપુર પાસે બિઠુરમાં ગંગા નદીના બ્રહ્મઘાટ ઉપર, રાજસ્થાનમાં અજમેર પાસે પુષ્કરના બ્રહ્મામંદિરમાં અને ગુજરાતમાં સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં આજે પણ આ પૂજાવિધિ ચાલુ છે.

ગુજરાત-સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત બ્રહ્માની ઉપાસ્ય મૂર્તિઓ જોતાં બ્રહ્મા-પૂજા અહીં વિશેષ પ્રમાણમાં પ્રચલિત હશે એમ લાગે છે. (જુઓ: શ્રી રત્નમણિરાવ; ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' (૧) પૃ. ૨૯૨, અને 'ખંભાતનો ઇતિહાસ' પૃ. ૧૪૮; શ્રી કનૈયાલાલ દવે: 'ગુજરાતનું મૂર્તિવિધાન' પૃ. ૧૬૧; શ્રી અમૃત વસંત પંડયા: 'કુમાર' જાન્યુ.'૭૧; શ્રી પલાણ અને બીજા: 'કુમાર' મે, ઑગસ્ટ'૭૧ અને શ્રીપલાણ 'ગુજરાત' દીપોત્સવી અંક ૨૦૨૯)

ભારતીય મૂર્તિવિધાનમાં બ્રહ્મા અને અગ્નિની મૂર્તિઓ જટા-ઉપવીત-યુક્ત ઋષિસ્વરૂપ ધરાવે છે. બ્રહ્માની મૂર્તિ સામાન્યઃ લાંબી દાઢી અને જટાયુક્ત ચાર મુખ, તથા ચાર હાથ (જેમાં અનુક્રમે: યજ્ઞનો સરવો, પુસ્તક, કમંડલુ તથા અક્ષમાલા)વાળી, વરદ મુદ્રામાં, ક્યારેક હંસારૂઢ તો ક્યારેક કમલાસન, ક્યારેક સપત્ની બેઠેલા કે ઊભેલા, ક્યારેક એકલા તો સાત હંસ જોડેલા રથમાં બિરાજમાન જોવા મળે છે. અપવાદ રૂપે મથુરામાં પ્રાપ્ત કુષાણકાલીન એક સ્તૂપ ઉપર સ્વર્ગમાંથી ઊતરતા બુદ્ધની સાથે બ્રહ્માનું જે શિલ્પ છે તેમાં બ્રહ્મા એકમુખ છે (વાસુદેવશરણ: 'મથુરાકલા'-પૃ. ૪૮). તો ડંબલ-ધારવાડ (કર્ણાટક)થી પ્રાપ્ત પાંચ મુખવાળી ને સંપૂર્ણ અલંકારયુક્ત એવી મૂર્તિને શ્રી ગ. હ. ખરે બ્રહ્મા તરીકે ઓળખાવે છે (મૂર્તિવિજ્ઞાન-પૃ. ૧૦). કુંભકોણમ્ અને હળેબીડની બ્રહ્મા-મૂર્તિઓમાં દાઢી નથી (શ્રી ગોપીનાથ રાવ: Vol. II-Part II પૃ. ૫૦૯). બ્રહ્માસ્વરૂપવર્ણનમાં સાત હંસ જોડેલો રથ વૈષ્ણવ પુરાણોની અલગ વિશિષ્ટતા હોવાનું ડૉ. ઇન્દુમતી જણાવે છે. (પ્રતિમાવિજ્ઞાન' પૃ. ૧૧૩)

સામાન્ય સ્વરૂપની અનેક બ્રહ્મામૂર્તિઓ ગુજરાતમાં પ્રાપ્ત છે, જેમાં સમભંગ ઊભેલી મૂર્તિઓની સંખ્યા વિશેષ છે. આસનસ્થ મૂર્તિઓમાં સોમનાથ પાસે કડવારના મંદિરમાં અર્ધ-પર્યંકાસનસ્થ બ્રહ્મામૂર્તિ, પાટણના ગુણવંતા હનુમાનમાં કમલ ઉપર અર્ધપર્યંકાસનસ્થ બ્રહ્મા-મૂર્તિ અને વડનગરના કીર્તિસ્તંભમાં અર્ધ-પર્યંકાસનમાં બેઠેલી બ્રહ્મા-મૂર્તિ શ્રી દવે ગણાવે છે. અદ્યાપિ કમલ ઉપર પદ્માસનસ્થ, ચારે મુખોનું થોડુંઘણું દર્શન થાય એવી બ્રહ્મા-મૂર્તિ ગુજરાતમાં મારા જોવામાં આવી નથી. અહીં એવી એક વિરલ મૂર્તિ રજૂ કરું છું.

ભાવનગર પાસેનું શિહોર એના પર્વતીય સૌંદર્યને કારણે સુજ્ઞ જનોમાં જ્ઞાત છે. શિહોરનો બ્રહ્મકુંડ મૂર્તિ-વૈવિધ્યથી પ્રખ્યાત છે. દંતકથા મુજબ દસમી સદીમાં મૂળરાજે ઔદીચ્ય બ્રાહ્મણોને અહીં વસાવ્યા, ને બારમી સદીમાં સિદ્ધરાજે બ્રહ્મકુંડ બંધાવ્યો. કહે છે કે કુંડમાં પાણી સાવ ખલાસ થઈ જાય છે ત્યારે નીચેની શિલામાં 'સિદ્ધરાજ' નામાંકિત એક લેખ દેખાય છે. કુંડનું સ્થાપત્યકામ બારમી સદીનું છે. ચારે બાજુના ગવાક્ષોમાં અનેક હિન્દુ મૂર્તિઓનું સ્થાપન છે. અમુક મૂર્તિઓ બારમી સદીની જણાય છે, અમુક સિમેન્ટ-ચૂનાથી સમારકામ પામેલી છે, અમુક સાવ નવી બેસાડેલી છે. શિહોરના પ્રખ્યાત હરખજી મહેતા (ઇ. સ. ૧૭૬૪-૧૮૩૭)એ બ્રહ્મકુંડનો પુનરુદ્ધાર કરાવી કાંઠા પરની અગાશી વગેરે નવું કામ કરાવેલું છે. તે પછી ઈ. સ. ૧૮૩૧માં કોઈ પુરુષોત્તમ સરસ્વતીએ બ્રહ્મકુંડ ઉપર બ્રહ્માનું દહેરું બંધાવી બ્રહ્મામૂર્તિની સ્થાપના કરી હોવાનો શિલાલેખ શ્રી ડિસકળકર દ્વારા સંગ્રહ પામેલો છે. આ સાથેની મૂર્તિ બ્રહ્મા-દહેરીમાં નહિ, પણ કુંડના એક ગવાક્ષમાં આવેલી છે. કમલાસનસ્થ, પદ્માસનમાં, ચારે મુખ થોડાંઘણાં જોઈ શકાય તેમ 'લમ્બકૂર્ચો જટાયુક્તો', પાછળના બે હસ્તોમાં પુસ્તક અને અક્ષસૂત્ર, આગળના બે ખંડિત દશામાં—એવી આ બ્રહ્મામૂર્તિ છે. પદ્મપત્ર ઉપર પદ્માસન એ આ મૂર્તિની વિશિષ્ટતા અને વિરલપણું છે. હજુ સુધી સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આ જાતની મૂર્તિ પ્રાપ્ત નથી.



સ્વ. ગિરીશકાકા પારિતોષિક

ગયા વર્ષની માફક ચાલુ ઇ. ૧૯૭૪ના વર્ષ દરમિયાન પણ 'કુમાર'માં આવી ગએલા લેખો, વાર્તાઓ આદિમાં જોડણી અને વ્યાકરણની શુદ્ધિની દૃષ્ટિએ જે લેખ શ્રેષ્ઠ નીવડશે તેના લેખકને ઉપરના નામનું રૂ. ૨૫નું પારિતોષિક આપવાનું સ્વર્ગસ્થના પરિવાર તરફથી જાહેર થયું છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : અખિયાણું,-ણી

'ભગવદ્ગોમંડળ'માં આ બે શબ્દ નોંધાયેલા છે. આમાંના 'અખિયાણી' શબ્દનો અર્થ 'વાર્તા'—'કહાણી' આપ્યો છે. અર્થાત્ એનો મૂળ શબ્દ સં. 'આખ્યાનિકા' અભિપ્રેત થાય. સ્વરભક્તિથી પ્રા. 'અકિખયાણિઆ' ઉદ્દિષ્ટ થાય. એ મૂળને 'અખિયાણું' અનુમોદન આપે છે. એનો અર્થ 'શુભ કાર્યમાં જોશી, ગોર, મહેતાજી, માળી, ઢોલી, હજામ અને ખાસ કરીને કુંભારને આપવામાં આવતી બક્ષિશ'—આ રૂઢ છે. સૂપડામાં નાખી ધાન્યાદિ–ખારેક–નાળિયેર વગેરે પણ અપાય છે. આ અર્થ પણ વિકસેલો છે.

લગ્નાદિ પ્રસંગે પ્રશસ્તિ ગાનારાંઓને અપાતી આ ભેટ મૂળમાં સં. 'આખ્યનકં' > પ્રા. અકિખયાણુઅં > અપ. અકિખયાણુઉ છે. 'પ્રશસ્તિ ગાવી એ.' ને પછી અર્થના વિકાસે 'પ્રશસ્તિ માટે અપાતી બક્ષિશ.' પારસીઓમાં મરણ સમયે મોબેદને અપાતા દાન માટે આ શબ્દ રૂઢ છે, એ પણ આ જ ભાવનો છે. 'અખિયાતું' એ જુદો જ શબ્દ છે. હવે પછી કોઈ વાર એની વાત.

કે. કા. શાસ્ત્રી

અધુના

બહુશ્રુતતાની ફલશ્રુતિ

શ્રી ભોળાભાઈ પટેલના ૧૯૬૩થી '૭૨ દરમિયાન લખાએલા પંદર વિવેચન-અવલોકન લેખોનો આ પ્રથમ સંગ્રહ એમની બહુશ્રુતતાની સ્પષ્ટ પ્રતીતિ કરાવી આપે છે. અહીં સંગૃહીત લેખોને ચાર ગુચ્છમાં વહેંચી શકાય: કવિઓની સર્જકતાની સમાલોચના, નવલકથા નવલિકા તથા તેના સર્જક વિષયક લેખો, ગ્રંથાવલોકનો ને બે ફ્રેન્ચ કવિની કાવ્યવિભાવના.

પ્રથમ લેખગુચ્છમાં 'કાન્તનાં ઊર્મિકાવ્યો', ઉમાશંકર જોશીના 'મહાપ્રસ્થાન'નાં પદ્યનાટકો, નિરંજન ભગતના 'પ્રવાલદ્વીપ'ની બોદલેરના કાવ્યગુચ્છ 'Tableaux Parisiens' સાથે તુલના, અને નિરંજન ભગત તથા હિંદી કવિ મૈથિલીશરણ ગુપ્તની સર્જકતાની વિશદ અને વિદ્વત્તાપૂર્ણ ચર્ચા આદિ છે. એમાં ય 'મહાપ્રસ્થાન' તેમજ નિરંજન ભગતની કાવ્યસૃષ્ટિ વિષયક એમના ત્રણ લેખોમાં જે સદૃષ્ટાંત વિગતપૂર્ણ ચર્ચા છે તેમાં એમની સૂક્ષ્મ અને સમ્યક્ સૂઝસમજનો પરિચય મળી રહે છે.

બીજા ગુચ્છમાં બે લેખો ટૂંકી વાર્તા વિષેના, એક લેખ ડૉ. જયંત ખત્રીના ત્રીજા વાર્તાસંગ્રહ 'ખરા બપોર' પરનો, એક લેખ મડિયાની નવલકથાઓ પરનો અને એક લેખ ગુજરાતીમાં ૧૯૪૫ થી ૬૫ના બે દાયકા દરમિયાન થએલી નવલકથાની વિવેચનપ્રવૃત્તિને લગતો છે. ટૂંકી વાર્તા વિષયક ઉક્ત બન્ને લેખોમાં એમણે છેલ્લા દાયકા-દોઢ દાયકામાં સર્જાતી ટૂંકી વાર્તાને લક્ષમાં રાખી તેના આકારની કલાત્મકતા સિદ્ધ કરવાના પ્રયોગલક્ષી પ્રવાહની છણાવટ કરી છે, તો આજે ટૂંકી વાર્તા કવિ-[illegible] બનતી જાય છે તેની પણ ઊંડાણથી ચર્ચા કરી તેના લાભાલાભ દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતી નવલકથા-વિવેચનના લેખમાં આપણા વિવેચકોએ નવલકથાની મૂલ્યલક્ષી વિવેચના જ કરી છે, પરંતુ સ્વરૂપલક્ષી શુદ્ધ વિવેચના નથી કરી તેમાં નવલકથાને હાનિ થઈ છે એમ કહી નવલકથાના વિવેચનની સહી દિશા સૂચવી છે. વળી જયંત ખત્રીના વાર્તાસંગ્રહને કેન્દ્રમાં રાખી એમની વાર્તાકાર તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓને તારવી આપી છે, સ્વ. મડિયાની નવલકથાઓની ચર્ચા કરતાં એમની નવલકથાકાર તરીકેની સિદ્ધિ-અસિદ્ધિઓ દર્શાવી નવલકથાની તુલનાત્મક અછડતી વિવેચના પણ આપી છે.

ગ્રંથાવલોકનના ત્રીજા ગુચ્છમાં મરાઠી કૃતિ 'મર્ઢેકરની સૌંદર્ય મીમાંસા' તથા ઓડિયા કવિ રાધાનાથ રાયના ખંડ કાવ્ય 'ચિલિકા'ની અને બંગાળી કવિ જીવનાનંદ દાસના ત્રીજા કાવ્ય સંગ્રહ 'વનલતા સેન'ની સૌંદર્યલક્ષી વિવેચના આપી છે. ચોથા ગુચ્છમાં ફ્રેન્ચ કવિ બોદલેર અને માલાર્મે–વાલેરીની કાવ્યવિચારણાને એવી સરળતાથી અને મુદ્દાસર મૂકી આપી છે કે તે સાહિત્ય ન વાંચનાર ગુજરાતી સર્જક-ભાવકોને એક અમૂલ્ય લાભ ઊભો થઈ શક્યો છે, એટલું જ નહિ પરંતુ જિજ્ઞાસુઓને તે તે કવિઓનાં કાવ્યો ને કાવ્યવિચારણા વાંચવા-વાગોળવાની તે પ્રેરણા પ્યાલી બની રહે છે.

પ્રસ્તુત લેખોને વાંચનાર જોઈ શકશે કે ભોળાભાઈમાં સહૃદયતાની સાથેસાથે સ્પષ્ટવક્તાપણું પણ છે, વિવેચકના તાટસ્થ્યની સાથોસાથ નિર્ભીતતા ય છે. આક્રોશ કે ઊહાપોહ વગર સ્વસ્થતાથી એ સત્યોચ્ચારણ કરી શકે છે. પોતાના વક્તવ્યની પ્રતીતિકારકતા માટે એ યથાશક્ય ઉદાહરણો મૂકીને જ મુદ્દાની ચર્ચા કરે છે, અને છતાં ક્યાંય અવતરણોની ભરમાર નથી એ એમની મૌલિકતાને વધુ ઉઠાવ આપે છે. પણ એક વસ્તુ લાગ્યા કરે છે કે પરભાષામાંથી જ્યાં જ્યાં અવતરણો અપાયાં છે ત્યાં ત્યાં તેનો ગુજરાતી અનુવાદ અપાયો હોત તો ઠીક રહેત. વળી કેટલેક સ્થળે વાક્યવિન્યાસ અને પદવિન્યાસ તરફ વધુ ધ્યાન અપાયું હોત તો પ્રવાહિતા અને વિશદતા સધાઈ હોત. દા. ત. પૃ. ૧૬૩ પર વાક્ય છે: "વિષ્ણુ પ્રિયા' ગુપ્તજીની અંતિમ મહત્ત્વની રચના છે.' આ વાક્યમાં 'અંતિમ' શબ્દ 'રચના' પૂર્વે મુકાયો હોત તો?

અહીં રજૂ થએલા લેખોમાં ભોળાભાઈની જે તે સર્જકની, કૃતિની, સાહિત્યપ્રવાહ કે સ્વરૂપની ઊંડી અભ્યાસનિષ્ઠા અને આલોચન-સજ્જતા પ્રતીત થયા વગર રહેતી નથી. ગુજરાતી, અન્ય ભારતીય ભાષા કે પરદેશી ભાષાનાં સર્જક-સર્જનની વાત કરતાં વિવેચકના વિવેચ્ય વિષય પરત્વેના સ્વતંત્ર અભિગમ અને નિરૂપણની સચોટતા તેમજ રોચકતા ધ્યાન ખેંચ્યા વગર રહેતાં નથી. સંગ્રહના લેખો પ્રમુખતયા આધુનિક સર્જકો અને એમના સર્જનને તપાસવાનો ઉપક્રમ રાખતા હોવાથી સંગ્રહનું 'અધુના' નામાભિધાન પણ સાર્થ છે. (વોરા ઍન્ડ કંપની, ગાંધીમાર્ગ, અમદાવાદ–૧, પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૭) —ધીરુ પરીખ

જીવનરસાયન શાસ્ત્ર

વ્યાધિ હજાર પણ ઔષધ બાર

શરીર સ્વાસ્થ્ય માટેની વિવિધ ઉપચારપદ્ધતિઓમાં, ઔષધોની સૂક્ષ્માતિસૂક્ષ્મ માત્રાના ચડિયાતા ગુણવાળી હોમિયોપથીની ડૉ. હાનેમાનની ઉપચારપદ્ધતિ પછી ડૉ. સુસ્લરે 'બાયો કેમિસ્ટ્રી' નામક એક નવી ઉપચાર પદ્ધતિ વિકસાવી હતી. સ્વાસ્થ્ય કે રોગાવસ્થાના કારણરૂપ શરીરસ્થ મુખ્ય બાર ક્ષારો આ ઔષધોપચારમાં વપરાય છે. આ બારમાંના કોઈ પણ ક્ષારની ન્યૂનતા શરીરમાં અસ્વસ્થતા પ્રેરે છે અને એ ખોટ પૂરી કરાતાં પુનઃ સ્વાસ્થ્ય મળે છે એ આ પદ્ધતિનો પાયાનો સિદ્ધાંત છે.

ઔષધ રૂપે અલગ તારવેલા આ બારે ક્ષારની શરીર પર થતી અસર, તેમાંના કયા ક્ષારની ન્યૂનતાથી કયા વ્યાધિ ઊપજે છે તે, તથા તેના ઉપાય માટે કયો ક્ષાર કેટલી માત્રામાં લેવો જરૂરી છે તે વગેરેની ૩૨ પ્રકરણો જેટલી વિસ્તૃત સમજ, તથા વિવિધ પરિશિષ્ટોમાં આ ઉપચારપદ્ધતિ પર આધારિત એવી અન્ય માહિતી અને માર્ગદર્શનો સાથેનું 'જીવનરસાયન શાસ્ત્ર' નામનું આ એક ઉપયોગી પ્રકાશન છે.

શ્રેયસ્સાધક વર્ગના સાક્ષર સ્વ. જેકીશનદાસ કણિયા રચિત આ પુસ્તક પ્રથમ ઈ. ૧૯૦૭માં પ્રકટ થએલું. ઘરઆંગણે જાતે અજમાવી શા-

કાય તેવી હોવાથી અને આગળ વધી ચૂકેલા અમુક મહારોગો સિવાય લગભગ બધા પ્રકારની રોગાવસ્થા પરની તેની અસરકારકતાને કારણે આ ઉપચારપદ્ધતિ ઉત્તરોત્તર લોકપ્રિયતા પામતી જવાથી કેટલાંક નવાં ઉપયોગી ઉમેરણો સાથે હાલ તેની ૧૩મી આવૃત્તિ પ્રકટ થઈ છે. બાયોકેમિસ્ટ્રીમાં શ્રદ્ધા ધરાવતા અને અન્ય ઉપચારોથી કંટાળીને આને અજમાવવા ઇચ્છતા સૌ કોઈને માટે આ એક વસાવવા યોગ્ય ઉપયોગી પ્રકાશન છે. (પ્રકાશક : ચંપકલાલ મગનલાલ, ગાંધી રોડ, ભાવનગર-૧, પાકું પૂઠું, પૃ. ૩૬૯, રૂ. ૭)

આર. આર. શેઠની કંપની

ગાંધી રોડ, અમદાવાદ-૧

વિલાસવહુ : વર્તમાન સમાજરચનામાં સંયુક્ત કુટુંબની ભાવના પૂર ઝડપે તૂટી રહી છે ત્યારે સંયુક્ત કુટુંબમાં બે પેઢીઓ વચ્ચેના મતભેદ અને તે કારણે જન્મતા મનભેદને નિવારવા કથાનાયિકા વિલાસવહુ જે પ્રયાસો કરે છે તેને પ્રતીતિકારકતાથી નિરૂપતી આદર્શલક્ષી આ નવલકથા તેના લેખક સારંગ બારોટની લખાવટ સિદ્ધિનું પણ દર્શન કરાવી રહે છે. (પાકું પૂઠું, પૃ. ૩૨૦, રૂ. ૯.)

શૂળી ઉપર સેજ હમારી : એક યુવાન સ્ત્રી નિરાધાર દશામાં જે સંઘર્ષ અનુભવે છે અને છતાંય સ્વાભિમાન ટકાવી રાખે છે તેને રસિક રીતે નિરૂપતી વિઠ્ઠલ પંડયાની સામાજિક નવલકથા (પાકું પૂઠું, પૃ. ૩૪૬, રૂ. ૯-૭૫.)

હજી ચાંદમાં ડાઘ છે : મોહમ્મદ માંકડની આ નવલકથાના ઊઘડતા પાને કેસરી શાહીમાં જ અનામી લખાણ છે તેનું છેલ્લું વાક્ય છે : 'આ કૃતિ પણ કદાચ, એક કથા છે, સાદી, સીધી રસભરી, વાચકોને ગમી જાય એવી. નવલકથા માટેનો કસોટી-પથ્થર એના માટે કદાચ કામ નહિ આવે.' હીરવા, અશોક અને સુનીલની પાત્ર ત્રિપુટીની આસપાસ ઘૂંટાતી ઘટનાઓ અને વહેતી વાર્તા, વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થએલી હોઈ ચાલુ વાર્તાની રીતે એક સામાજિક સમસ્યાનું તાલમેલિયું પણ રોચક નિરૂપણ કરવાને કારણે સુવાચ્ય બને છે ખરી, પણ તે સિવાય ઉપર્યુક્ત અવતરણ પ્રમાણે 'નવલકથાનો કસોટી-પથ્થર' એને માટે વાપરવા જેવો નથી. (પાકું પૂઠું, પૃ. ૩૫૪, રૂ. ૧૦.)

ઓછાયો : લગ્ન અને પ્રેમના સનાતન સંબંધની, નીલા અને હીરેન તેમજ સુધા ને પ્રવીણ જેવાં પાત્રોના બે વર્ગો દ્વારા નાવીન્ય વગરની 'ઓછાયા' રૂપ ચર્ચા આ સુવાચ્ય કથામાં મોહમ્મદ માંકડે કરી છે. (પાકું પૂઠું, પૃ. ૩૪૩, રૂ. ૯-૭૫.)

લોકપ્રિય પ્રકાશન

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨

મોનો ખેલાડી : ઈ. ૧૮૫૭માં પ્રગટેલી ભારતની ક્રાંતિજ્વાળાના એક અજ્ઞાત મશાલચી કચ્છ પ્રદેશમાં બાવા રુદ્રભદ્રના ભગવા વેશમાં એકલ માતાના મંદિરમાં રહી દૈવી ચમત્કારો દ્વારા માનવતાની મહેક પ્રસારતા હતા. તેમનો શિષ્ય હતો મોનો ખેલાડી. ગુરુશિષ્યની એ બેલડીએ માનવતાભર્યાં જે કાર્યો સમાજમાં કર્યાં તે ત્યાંની લોકજીભે વહાલભર્યું સ્થાન પામ્યાં છે. એ પ્રસંગોને આધારે રચાએલી અદ્‌ભુત રસની આ ઐતિહાસિક કથા નાયકના વ્યક્તિત્વને સમુચિત ઉઠાવ આપે છે, રોચક કથનાત્મક શૈલીમાં આબેહૂબ વાતાવરણ ખડું કરે છે અને સમાજને માનવતાનું પ્રચ્છન્ન પીયૂષ પાઈ જાય છે. (લે. ઉમિયાશંકર અજાણી; પાકું પૂઠું, પૃ. ૪૪૩, રૂ. ૧૨-૭૫)

પારેવાં મોતી ચૂગે : કચ્છના શૂરા રાજવી લાખા ફુલાણીનાં પરાક્રમોને ઓજસભરી રીતે કથાલેખક પ્રીતમલ લકવિએ એમની જ નવલકથા 'સોનલરાણી'ના અનુસંધાનમાં પ્રગટ થતી આ સુવાચ્ય ઐતિહાસિક નવલકથામાં નિરૂપ્યાં છે. (પાકું પૂઠું, પૃ. ૪૮૮, રૂ. ૧૪.)

ચુક્તા : પશ્ચિમના અનુકરણિયા વર્તમાન પ્રવાહને ખાળવાના શુભાશયથી લખાએલી નાવીન્ય વગરની પણ રસપ્રદ આ સામાજિક નવલકથામાં તેના લેખક જ્યોતિર્ રાવલની પાંગરતી કલમનો પરિચય થાય છે. (પાકું પૂઠું, પૃ. ૩૨૦, રૂ ૯-૨૫.)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો, અમદાવાદ-૧

સાહિત્ય કસબ : 'મુંબઈ સમાચાર'ના તંત્રી મીનુ દેસાઈનાં અભ્યાસ અને સર્જનવૃત્તિના પરિપાકરૂપે બ. ક. ઠા., કાન્ત, રવીન્દ્રનાથ, શરદબાબુ, વિ. સ. ખાંડેકર એમ વિવિધ સર્જકો અને સાહિત્યસ્વરૂપો તથા પ્રવાહોની સન્નિષ્ઠ ચર્ચા કરતાં ૧૬ સાહિત્યિક લખાણોનો આ સંગ્રહ વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. (પાકું પૂઠું, પૃ. ૧૫૪, રૂ. ૫.)

નિશિગંધ : સાચી અનુભૂતિ અને કલ્પનાનો સંભાર સંયોજી મૃણાલિની દેસાઈએ વાર્તા તત્ત્વનો આસ્વાદ કરાવે તે રીતે લઘુ સ્મરણો અહીં કલાત્મક રીતે આલેખ્યાં છે. (પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૫-૫૦)

નિરંતર : જાણીતા કવિ શ્રી હસિત બૂચનો ૧૧૧ કૃતિઓ પ્રગટ કરતો નવો કાવ્યસંગ્રહ. (કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૪.)

ભારતરત્ન સી. વી. રામન : વિદ્યાર્થીઓને પ્રેરક નીવડે એ રીતે રૂપા જોષીએ રોચક શૈલીમાં લખેલી ભારતના એક મહાન વૈજ્ઞાનિકની જીવનઝરમર. (કાચું પૂઠું, પૃ. ૧૧૦, રૂ. ૩.)

મહાસતી અનસૂયા : નારીજીવનના આદર્શોની પ્રતિષ્ઠા કરતું કવિ-ચિત્રકાર ફૂલચંદભાઈ ઝવેરદાસ શાહનું લોકાદર પામેલું ત્રિઅંકી નાટક બીજી આવૃત્તિ. (પાકું, પૃ. ૨૩૨, રૂ. ૬ ૮૦)

જાહ્નવી : નાથાલાલ દવેના એ જાણીતા કાવ્યસંગ્રહની બીજી આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૧૧૬, રૂ. ૪.)

જલ્પન : વિવિધ સામયિકોમાં જેમના હાસ્યલેખો પ્રગટ થતા રહે છે તે શ્રી પ્રદ્યુમ્ન જોશીપુરાનો ૨૫ હાસ્યલેખોનો વાચનક્ષમ સંગ્રહ. (પાકું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૪-૫૦)

મનોરંજક કથાઓ : પ્રસિદ્ધ હાસ્યલેખક 'પ્રિયદર્શી'એ ગુજરાતી વર્તમાનપત્રો અને સામયિકોમાં લખેલી વિવિધ નિર્દોષ બાળવાર્તાઓનો ચૂંટેલો સંચય. 'બુધિયાનાં પરાક્રમો' ભાગ ૧ થી ૩, 'અડવાનાં પરાક્રમો' ભાગ ૧ અને ૨ તથા 'બાપુ ઈ બાપુ' અને 'ખાટી મીઠી વાતો' એમ સાત પુસ્તિકાઓમાં સંગૃહીત થયો છે. સચિત્ર, સરળ ને સાહસ પૂર્ણ આ વાર્તાઓ કિશોરોને હોંશેહોંશે વાંચવી ગમે તેવી છે. (પ્રત્યેકનાં પૃ. ૭૮ થી ૮૦, પ્રત્યેકની કિં. ૧-૭૫, કાચું પૂઠું; સેટની કિં. રૂ. ૧૩.)

શ્રીજી સાહિત્ય કાર્યાલય

બંગલી ચોક, બગસરા (જિ. અમરેલી)

સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી : સ્વામીનારાયણ સંપ્રદાયના સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની આ પ્રેરક જીવનરેખા આલેખનાર છે ગોરધનદાસ જીવરાજ સોરઠિયા. (કાચું પૂઠું, પૃ. ૭૫, રૂ. ૧.)

સદાચારના સર્જક સ્વામી સહજાનંદ : સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીની સદાચાર પ્રેરતી જીવનકથા. (લે. ઉપર મુજબ; કાચું પૂઠું, ૧૪૦, રૂ. ૨.)

જાણ્યું મેં જીવન : સ્વામીનારાયણ સંપ્રદાયમાં જીવનને ઉચ્ચ અને સદ્‌ગુણી બનાવવા માટે પ્રબોધાએલાં વચનોનો આ સંક્ષિપ્ત સરસંચય સાત્ત્વિક વાચન પૂરું પાડે છે. (લે. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૫૬, રૂ. ૧.)

સંસ્કારશિલ્પી સ્વામી સહજાનંદ : ગુટકાના કદમાં સહજાનંદ સ્વામીની અતિ સંક્ષિપ્ત ચરિત્રરેખા. (લે. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૩૨, ૩૦ પૈસા.)

સત્સંગીની દિનચર્યા : સત્સંગીએ ધાર્મિક જીવન ગાળવાની કલ્યાણમયી દિનચર્યા. (લે. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૧.)

શિક્ષાપત્રી-સંદેશ: સ્વામીનારાયણ સંપ્રદાયના ધર્મગ્રંથ શિક્ષાપત્રીનો ગુટકા કદમાં સારસંચય (અનુ. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૫૬, ૫૦ પૈસા.)

શ્રીપત્રી: સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીને મુક્તાનંદ સ્વામી મળ્યા તે મિલનને આવરી લેતી ભક્તિપ્રધાન આ કૃતિના કર્તા છે સ્વામી નિષ્કુળાનંદ. (ગુટકા કદ, કાચું પૂઠું, પૃ. ૫૨, ૫૦ પૈસા.)

અન્ય પ્રકાશનો

સસ્સારાણા સાંકળિયા: લોકહૈયે વસેલી સુંદર બાળવાર્તાનું આ સચિત્ર સરસ પુનર્લેખન કર્યું છે ચંદ્રકાંત શાહે. (પ્ર. રત્નભારતી પ્રકાશન, ઇલેક્ટો હાઉસ, ફિરોઝશાહ મહેતા રોડ, મુંબઈ-૧; કાચું પૃ. ૧૦, રૂ ૧ ૭૫)

ઉંદર નગરીનો સાહસવીર ચટપટ: ઉક્ત લેખક દ્વારા પુનર્લિખિત સચિત્ર સરળ બાળવાર્તા. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૦, રૂ. ૧-૭૫.)

અર્વાચીન દાંપત્યસંહિતા: દંપતીની જાતીય વૃત્તિની શારીરિક ને માનસિક ભૂમિકા પર રચાએલાં, વિખ્યાત લેખક ડૉ. યુસ્ટેસ ચેસરના પુસ્તકનો તંદુરસ્ત ગુજરાતી અનુવાદ. પ્રત્યેક સ્ત્રી પુરુષને દાંપત્યજીવનમાં પ્રવેશતાં પહેલાં પથદર્શક થઈ પડશે. (પ્ર. ગ્રંથલોક, ત્રીજે માળે, મોડેલ સિનેમા પાસે, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૪.)

સ્ત્રી દાંપત્યસંહિતા: દાંપત્યજીવનનું સ્ત્રી મહત્ત્વનું અર્ધું પાસું છે. છતાં આપણા સમાજમાં મોટે ભાગે સ્ત્રીઓ જાતીયતાના શાસ્ત્રીય જ્ઞાનની સૂગ રાખતી હોય છે. આ સૂગ દૂર ફગાવી જીવનનો આનંદ અને સફળતા કેમ વરી શકાય તેની નિર્ભીત અને નિખાલસ ચર્ચા કરતા ઉક્ત લેખકના અંગ્રેજી ગ્રંથ 'વૂમન ઍન્ડ લવ'નો આ અધિકૃત ગુજરાતી અનુવાદ લગ્નવાંછુ પ્રત્યેક યુવતીને માર્ગદર્શક થઈ પડશે. (પ્ર. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૨૬૪, રૂ. ૫-૫૦.)

પરિણીત નારીસંહિતા: પ્રસન્ન દાંપત્યજીવન માટે જાતીયતાના શાસ્ત્રીય જ્ઞાનનું સચોટ અને સરળ નિરૂપણ કરતા ઉક્ત લેખકના 'સેક્સ ઍન્ડ ધ મૅરિડ વૂમન' નામક અંગ્રેજી પુસ્તકનો ઉપયોગી અનુવાદ. (પ્ર. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૫-૫૦.)

રોજ સવારે: દીપક પ્ર. મહેતા રચિત બાળકોને ગમ્મત સાથે નિત્યનો આચાર સૂચવી દેતાં, પશુપક્ષી પરિચય કરાવી દેતાં ભાવવાહી બાળગીતોની નાનકડી પુસ્તિકા. (પ્ર. પોતે જ, દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર, ભાવનગર-૨; કાચું પૂઠું, પૃ. ૧૬, ૫૦ પૈસા.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



ફરોખ એન્જિનીઅર

વય ૩૬ વર્ષ. બી.કૉમ. ક્રિકેટમાં વિકેટકીપિંગ એ એમનું સબળ અંગ. બૅટ્સમૅન તરીકે ક્યારેક વધુ ઉતાવળા. પિતા માણેકશા પણ ભણતા ત્યારે ગ્રાંટ મેડિકલ કૉલેજ ટીમના કૅપ્ટન હતા. ફરોખ ૪૩ ટેસ્ટ મૅચોમાં રમ્યા છે. વાડેકર સાથે બીજી વિકેટની ને નાડકર્ણી સાથે સાતમી ને આઠમી વિકેટની ભાગીદારીના તેઓ ભારતનો વિક્રમ ધરાવે છે. લૅંકેશાયર તરફથી રમવાનું પસંદ કરી ઈંગ્લિશ કાઉન્ટી તરફથી એ ધંધાદારી ખેલાડી બન્યા. ક્રિકેટ રમવા સિવાયના સમયમાં તેઓ ત્યાંની ધાબળા બનાવતી એક કંપનીમાં અગ્રગણ્ય કાર્યકર છે. બીજા દેશોમાં રમવા જાય ત્યારે સમય મળ્યે તેઓ પોતાની કંપની અંગેનું કામ પણ કરે છે. રમતમાં આક્રમક વલણના ચાહક છે. ઈ. ૧૯૭૨માં વિકેટકીપર તરીકે એમણે ૩૬ કૅચ ને ૬ સ્ટમ્પિંગ સાથે ૪૪ વિકેટ લેવામાં અગત્યનો ભાગ ભજવેલો. એમ. સી. સી.ની છેલ્લી ટૂર વખતે મુંબઈમાં એમણે ૧૧૫ રનનો ટેસ્ટનો સૌથી ઊંચો સ્કોર નોંધાવેલો.

૧ ભારતીય ક્રિકેટ ટીમની વર્તમાન ને ભાવિ સ્થિતિ કેવી લાગે છે?

ઉ. આપણી ટીમ ખરેખર સંગીન અને આબાદ સામનો કરી જાણનારી છે. કેટલીક ક્ષતિઓ પણ છે, પણ મને એનું ભાવિ ઉજ્જ્વળ લાગે છે.

૨ અંગ્રેજી કાઉન્ટી ક્રિકેટનો તમારો અનુભવ કેવો છે?

ઉ. ક્રિકેટના ક્ષેત્રે એનું ધોરણ દુનિયાભરમાં ખૂબ ઊંચું અંકાય છે વ્યવસાય અંગે એનો અનુભવ અને એની આવડત મહત્ત્વનાં છે. આપણા વધુ ને વધુ ક્રિકેટરોને ત્યાં તાલીમ લેવા ને રમવા જવા પ્રોત્સાહન આપવું જોઈએ. મને અને બિશન બેદીને તો એણે અનન્ય સહાય કરી છે.

૩ કુશળ ક્રિકેટર કઈ રીતે થઈ શકાય?

ઉ. શારીરિક લાયકાત, ત્વરિત નિર્ણયશક્તિ, ચપળતા અને રમવાની આવડત કેળવીને સાથોસાથ પોતાની આવડત અંગેનું જાડું વલણ અને શેખી છોડીને.

૪ જગતભરના ક્રિકેટક્ષેત્રમાં તમે કોને કોને શ્રેષ્ઠ માનો છો?

ઉ. શ્રેષ્ઠ બૅટ્સમૅન બેરી રિચાર્ડ્ઝ, શ્રેષ્ઠ ઑલરાઉન્ડર માઈક પ્રૉક્ટર, શ્રેષ્ઠ ફીલ્ડર ક્લાઈવ લૉઈડ, શ્રેષ્ઠ સ્પિન બૉલર બિશન બેદી, શ્રેષ્ઠ ઝડપી બૉલર કેઈથ બૉયસ, શ્રેષ્ઠ વિકેટકીપર...?

૫ વિકેટકીપર તરીકે તમે સુપ્રસિદ્ધ છો. કુશળ ને સફળ વિકેટકીપર થવા શું જરૂરી છે?

ઉ. પૂર્ણ એકાગ્ર મન, શારીરિક સ્વાસ્થ્ય, બૉલર કેવો બૉલ ફેંકશે, બૅટ્સમૅન કેવી રીતે સામનો કરશે ને પોતાને એ અંગે શું કરવાનું છે એ સમજી લેવાની છઠ્ઠી ઇંદ્રિય સમાન શક્તિ જોઈએ. આ ગુણો જન્મજાત હોઈ શકે, પણ એની સિદ્ધિ માટે સતત પરિશ્રમ ને પુરુષાર્થ પણ જરૂરી છે જ.

૬ ક્રિકેટને વધુ આકર્ષક બનાવવા માટે શું સૂચવો છો?

ઉ. ખરી ખેલદિલીથી રમત રમી જાણો. જગતભરમાં ક્રિકેટ આજે સૌને માટે પ્રેરક ને પ્રોત્સાહક રમત છે. પિચ બરાબર હોય, બૉલરે બૉલ પણ ફક્કડ રીતે નાખ્યો હોય અને ત્યારે બૅટ્સમૅન દડાને ફટકારવાને બદલે અટકાવે એ અંગત રીતે મને નથી ગમતું.

૭ સ્ત્રીઓ ક્રિકેટ રમી શકે? કોની રમત તમને વધુ ગમે છે?

ઉ. ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા, વેસ્ટ ઇંડીઝ, ન્યૂ ઝીલૅન્ડમાં સ્ત્રીઓ પણ સરસ રીતે ક્રિકેટ રમે છે. ભારતમાં પણ એનો શોખ વધી રહ્યો છે. મારી પિતરાઈ બહેન ટીના લાલા મુંબઈની સ્ત્રીઓની ટીમની એક ખ્યાતનામ વિકેટકીપર છે. એની રમત જોવાનો હું લહાવો ગણું છું.

૮ ક્રિકેટ ઉપરાંત તમારા અન્ય શોખ?

ઉ. ક્રિકેટને લગતાં પુસ્તકો વાંચવાનો. ફ્રૅન્ક વૉરેલ અને ડૉન બ્રૅડમૅનની આત્મકથાઓ મને વધુ પ્રિય છે. વળી ટેબલ ટેનિસ, બૅડમિંટન, સ્ક્વૉશ અને ગૉલ્ફમાં પણ રસ પડે છે. જાસૂસી ચિત્રપટો જોવાનો પણ શોખ છે.

ફરોખ એન્જિનિયર

પચ્ચીસ વર્ષ પહેલાં

જૂન ૧૯૪૯ - સળંગ અંક ૩૦૬

આ પણી પૃથ્વીના દોઢ અબજ વર્ષના આયુમાં ગુજરાતની સર્જનક્રિયા કેવી રીતે થઈ ને ગુજરાતનું કલેવર શી રીતે તથા શાનું શાનું ઘડાયું તે ભૂ રચનાની અત્યંત રસમય ક્રિયાની મહત્ત્વની હકીકતો સમજાવતી એક ઉપયોગી લેખમાળા એ કાળે શ્રી અમૃતલાલ વ. પંડયા 'કુમાર'માં લખતા. તેમાંથી ગયે મહિને તારવેલા હપતામાં ગુજરાતના પર્વતો (પાવાગઢ, ફેણાઈ માતાનો ડુંગર, ગિરનાર, ગિર, બરડો, આલેચ, ધીણોધર વગેરે પર્વતો) ભયંકર ભૂકંપને લીધે થએલા જ્વાળામુખોમાંથી કેવી રીતે બન્યા તેની હકીકત આવી ગઈ. આ મહિને એ પ્રક્રિયા દરમિયાન ગુજરાતના પેટાળમાં પાકતા અકીક, લસુણિયા, ઑનિક્સ વગેરે રંગબેરંગી ને ભાતભાતના કીમતી પથ્થરો કઈ રીતે સર્જાયા તેની હકીકત પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં જે આવી ગઈ તે અહીં તારવીએ.

ક્રીટેશિયસ યુગને અંતે થએલા અગ્નિપ્રલયનો લાવા રસ જેમ જેમ સુકાતો હતો તેમતેમ તે સંકોચ પામતો હતો. પરિણામે એના પેટાળમાં નાનાંનાનાં ગોળાકાર પોલાણો (Cavities) તથા ફાટો પડવા લાગી. એથી લાવા રસની અંદરનો પ્રવાહી સિલિકા (કાચનો મૂળ પદાર્થ) બીજા પદાર્થોના સંપર્કમાં આવતાં તેમનો રંગ પામીને એ પોલાણો અને ફાટોમાં ભરાવા લાગ્યો. કાળાંતરે એ પણ સોપાનશિલાઓ સાથે સુકાયો, અને આમ એ ગોળ પોલાણોમાં અકીક વર્ગના પથ્થરો રચાયા તથા ફાટોમાં કૅલ્સાઈટ રચાયો. કૅલ્સાઈટ એ ચૂનાનો એક પ્રકાર છે. એ સંપૂર્ણ કે અર્ધ પારદર્શક પતરીઓ રૂપે હોય છે અને એ બાળીને 'પ્લાસ્ટર ઑવ પૅરીસ' તૈયાર કરવામાં આવે છે. ગુજરાતમાં સારામાં સારો કૅલ્સાઈટ છોટાઉદેપુરના પ્રદેશમાં નીપજે છે.

ખંભાતનો અકીકનો ઉદ્યોગ આખી દુનિયામાં પ્રસિદ્ધ છે, એટલે અકીક વર્ગના પથ્થરોનો સહેજ પરિચય અહીં ઉપયોગી થઈ પડશે. ઉપર દર્શાવ્યા પ્રમાણે તેમ બીજી પણ કેટલીક રીતે સિલિકાના ત્રણ વર્ગ પડે છે: (૧) ચાલ્સીડૉની-Chalcedony, (૨) ફ્લિન્ટ અને ચર્ટ-Flint and Chert, અને (૩) જૅસ્પર-Jasper. આ ત્રણે સમૂહના પેટામાં આવતા પથ્થરો નીચે પ્રમાણે છે:

ચાલ્સીડૉની સમૂહ
- કૉર્નેલિયન (લસુણિયો)
  - સાર્ડ (ભૂખરો)
  - પ્રાઝ (લીલો)
    - પ્લાઝમા
    - બ્લડસ્ટોન
- ઍગેટ (અકીક)
  - ઑનિક્સ (સફેદ પડવાળો)
  - સાર્ડોનિક્સ (લાલ–વાદળી પડવાળો)

(૧) ચાલ્સીડૉની સમૂહમાં કૉર્નેલિયન Cornalian એટલે કે લસુણિયો પથ્થર ચીકાશવાળો, લસણના જેવો ને રંગે રતાશ કે પીળાશ પડતો હોય છે. એમાં જે ભૂખરા રંગનો હોય તે Saru કહેવાય છે ને લીલાશપડતો Prase તરીકે જાણીતો છે. એના વળી બે પ્રકાર છે: જે લીલા પથ્થર પર સફેદ છાંટ હોય તેને પ્લાઝમા Plasma અને જેના પર લાલ છાંટ હોય તે બ્લડ સ્ટોન અગર હેલીઑટ્રૉપ Blood-stone or Heliotrope કહેવાય છે.

ઍગેટ Agate એટલે અકીક, એ આમ તો કૉર્નેલિયન (લસુણિયા) જેવો જ હોય છે, પરંતુ તેમાં ફેર રંગનો નહિ પણ અંદરના બંધારણનો હોય છે. અકીકમાં સફેદ અગર તો બીજા રંગોના પટ્ટા-bands-નજરે પડે છે, પછી રંગ ગમે તેવો હોય. એના બે પ્રકાર છે: ઑનિક્સ — Onyxમાં સફેદ કે ભૂખરા રંગના પટ્ટા હોય છે ને સાર્ડોનિક્સ-Sardonyxમાં વાદળી કે લાલ અગર બંને રંગના પટ્ટા હોય છે.

(૨) ફ્લિન્ટ અને ચાર્ટ: ફ્લિન્ટ મુખ્યત્વે ખડી Chalkમાં થતો હોવાથી યુરોપમાં જ થાય છે. હિંદમાં સિંધ અને નર્મદા ખીણમાં ક્યાંક-ક્યાંક જૂજ પ્રમાણમાં થાય છે. કેટલાક લોકો ફ્લિન્ટનો અર્થ ચકમક કરે છે તે ખોટું છે. ચર્ટ Chert તો આપણે ત્યાં પુષ્કળ થાય છે. તે લસુણિયાના જેવો જ છે; પણ તેમાં મેલાશપડતા રંગોની છાંય ને ગઠ્ઠા હોવાથી તેનો દેખાવ સારો હોતો નથી.

(૩) જૅસ્પર Jasper સાવ અપારદર્શક પણ ચીકાશવાળો, રંગે ખાસ કરીને ઘેરો લાલ અને ક્યાંક લીલો અને ભૂખરો પણ હોય છે. ગુજરાતની કેટલીક નદીઓના ભાઠામાં પણ એ મળી આવે છે.

હિંદમાં જ્યાં જ્યાં સોપાનશિલાઓ છે ત્યાં ત્યાં સઘળે આ પથ્થરો થોડાઘણા મળી આવે છે, પણ ગુજરાતમાં કેટલેક ઠેકાણે તે જેટલા કદ અને રંગના મળી આવે છે તેવા બીજે ક્યાંય મળતા નથી. દાખલા તરીકે કપડવણજની મોહોર નદીના ભાઠામાં લીલા અને બીજા કેટલાક રંગના પથ્થરો તરબૂચ તરબૂચ જેવડા મળી આવે છે ને તેથી તેમાંથી મોટા પ્યાલા બનાવી શકાય છે. આ પ્યાલા રોમન સમ્રાટો મોટી કિંમત આપીને ખરીદતા. બ્રિટિશ મ્યૂઝિયમમાં આવા કેટલાક પ્યાલા છે, ને તેમાં રોમને ભડકે બાળીને ફિડલ વગાડનાર રોમન સમ્રાટ નીરોનો ખંભાતથી ગએલો પ્યાલો ખાસ જાણીતો છે. વળી ભરૂચ પાસે રતનપુરના ડુંગરમાંથી જેવા વિવિધ રંગના અકીક ને લસુણિયા નીકળે છે તેવા બીજે ક્યાંય થતા નથી. તેનું કારણ એ છે કે તૃતીય જીવકલ્પ—Tertiary Eraમાં સાતપુડા પર્વત સુધી દરિયો પહોંચી ગએલો; એટલે તેમાં સાતપુડા પર્વત, કે જેનો ઉપલો ભાગ સોપાનશિલાઓનો રચાએલો છે તેમાંથી અકીકો પાણીના વહેળાઓ સાથે તણાઈતણાઈ ને દરિયાને તળિયે આવીને પડતા ને દરિયામાં તે સમયે બંધાતા રંગબેરંગી માટીના ખડકોમાં તે દટાઈ જતા. આ ખડકોના રંગને આ અકીકો ચૂસી ચૂસીને રંગબેરંગી બનતા. કાળાંતરે સાતપુડાના તળેટી-પ્રદેશમાંથી દરિયો ખસીને દૂર જતો રહ્યો અને તેનું તળિયું જમીનની સપાટી બન્યું. પછી હિમાલયના નિર્માણ વખતે થતા પ્રલયંકર ધરતીકંપોનાં મોજાં અહીં સુધી આવવા લાગ્યાં ને તેના પરિણામે આ સપાટીમાં કરચલીઓ પડીને નાનાનાના ટેકરા રચાયા. આ ટેકરાઓ વરસાદનાં પાણીથી ધોવાતાં અંદરના રંગબેરંગી અકીકો બહાર નીકળી નદીઓનાં ભાઠાંઓમાં ઘસડાઈને જવા લાગ્યા. રતનપુરનો ડુંગર આવી જ રીતે બંધાએલો એક ટેકરો છે. અગાઉ એમાંથી ખોદીને અકીકો કાઢવામાં આવતા. હવે નદીઓનાં ભાઠાંમાંથી એકઠા કરવામાં આવે છે. તાપીકાંઠા નજીકના તારકેશ્વરમાંથી પણ અકીક નીપજે છે.

ખંભાત, એ આ અકીકોમાંથી જાતજાતની વસ્તુઓ (જેવી કે વીંટીના નંગ, મણકા, પ્યાલા, રમકડાં, બટન, ઈત્યાદિ) બનાવવાના ઉદ્યોગનું કેન્દ્ર છે. અહીં કાચો માલ રતનપુર, તારકેશ્વર, કપડવણજ અને સૌરાષ્ટ્રમાંથી રાણપુર તથા ટંકારાથી આવે છે. પ્રાગૈતિહાસિક કાળથી ખંભાતને આંગણે આ ઉદ્યોગ ચાલે છે. એકલા મોહેંજો દરોના અવશેષોમાંથી જ નહિ પણ ઈરાક ને ઇજિપ્તની પ્રાચીન સંસ્કૃતિઓના અવશેષોમાંથી પણ ખંભાતમાં બનેલી અકીકની શૃંગારસામગ્રી મળી આવી છે. હાલ પણ મુસ્લિમ દેશો, આફ્રિકા ને ચીન ખાતે આ અકીકની વસ્તુઓ નિકાસ થાય છે. □

વૃક્ષવેલ પરિચય (૨૨) કદંબ



અહો કદમ્બ, અહો નિમ્બ, અહો બકુલતમાલા!
કહું દેખ્યો તુમ કૃષ્ણ હમારે, નંદ કે લાલા?

કૃષ્ણને ખોળતી ગોપીઓ આમ જેને સંબોધીને પૂછે છે, જેની છાયામાં કૃષ્ણે બંસી બજાવી સૌ ગાય-ગોપને ઘેલાં કરેલાં, જેની ડાળ પર બાલ કૃષ્ણે કંઈક તોફાનો કરેલાં એ કદંબ આજે ય વ્રજભૂમિમાં મોટી સંખ્યામાં જોવા મળે છે. એટલું જ નહિ, ભારતમાં જ્યાં ગરમી પડતી હોય તેવી તથા ભેજ અને નીતારવાળી નદીકાંઠાની જમીનમાં બધે થાય છે. બૌદ્ધોમાં પણ કદંબવૃક્ષ પવિત્ર ગણાય છે.

પુખ્ત થયે દસેક મીટર ઊંચું વધતું આ પાનખરી વૃક્ષ તેની ખૂબ ફેલાતી શાખાઓ, સામસામે ગોઠવાએલાં, દાંડીવાળાં એકાદ વેંત લાંબાં પહોળાં ને ચળકતાં લીલાં પાન તથા ચોમાસાના આરંભમાં ચારે બાજુ પીળચટ્ટી સફેદ પાંખડીના દડા-આકારના ફૂલગોટાનાં મીઠી ગંધથી રાતે મહેકી ઊઠતાં ઝૂમખાંથી ઘણું સુંદર દેખાય છે. વ્યવસ્થિત ગોઠવણીથી મોટી સંખ્યામાં ઉગાડીને બનાવેલી કદંબવાટિકા અત્યંત સોહામણી લાગે છે. કદંબનું ફળ નારંગી રંગનું અને અનેક નાનાં ફળોના ગોળ દડા જેવું હોય છે.

એ પાક ત્યારે ખટ્મડું અને વિશિષ્ટ ગંધવાળું બને છે. ખિસકોલી વગેરેને તે પ્રિય છે.

કદંબની છાલનો ઉકાળો તાવ પર અપાય છે. એનો રસ બાળકને ગળું પડે ત્યારે એના તાળવે ચોપડવામાં તથા પાવામાં વપરાય છે. એનું દાતણ પણ ગુણકારી મનાય છે. તેનું લાકડું પોચું ને મજબૂત હોઈ કાગળ બનાવવાથી માંડી ઘરવપરાશની જણસ અને ઓજારો બનાવવામાં તથા કોલસા પાડવામાં કામ લાગે છે.

દડિયા જેમ વળેલાં પાનવાળી એની એક અન્ય જાત પણ છે. કૃષ્ણભક્તો કહે છે કે જેનાં પાનમાં બાલકૃષ્ણે ગોપીઓ પાસેથી લૂંટેલાં દહીં-માખણ ખાધેલાં એનું આ વંશજ છે. □



મધુકરી

જીવનનો અર્થ સાચા અર્થમાં કેવળ કસોટી છે,
તમે કે'શો કે નાના મોઢે કીધી વાત મોટી છે;
જે દે છે દાંત એ આપે છે ચાવણ, વાત ખોટી છે,
અહીં મહેનત કરે છે એના હાથોમાં જ રોટી છે.

—જલન માતરી

મહારાષ્ટ્રમાં રાષ્ટ્રીય શિક્ષણના પ્રવર્તક આચાર્ય બિજાપુરકર


'શ્રી ભગવદ્‌ગીતાના આંતરિક સંદેશને જાણવાનો અને તેનું મૂલ્યાંકન કરવાનો ખરો ઉપાય એ છે કે જેમણે ગીતાના સંદેશને પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યો છે અને પ્રભુએ અર્પેલાં કાર્યોને કોઈ પણ બાહ્ય પ્રદર્શન સિવાય શ્રદ્ધા ને નિષ્ઠાપૂર્વક જે કરે છે, એવા મહાનુભાવોના જીવનનું પરિશીલન કરીએ. આવા ધન્ય પુરુષોને જોવા માટે હિમાચલની ગુફાઓમાં જવાની જરૂર નથી. એવા કેટલાક પુરુષો આપણી વચ્ચે જ હોય છે. પણ એમના ચારિત્ર્યના મૂલ્યાંકનની દૃષ્ટિ આપણામાં હોવી જોઇએ.

આવા ઉદાત્ત પુરુષોને જાણવાનું અને એમના વ્યક્તિગત સાન્નિધ્યમાં આવવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું હતું. કોલ્હાપુરની રાજારામ કૉલેજના સંસ્કૃત સાહિત્યના મારા ગુરુવર્ય પ્રો. વિષ્ણુ ગોવિન્દ બિજાપુરકર (સમર્થ – વિદ્યાલય, તળેગાંવના પ્રતિષ્ઠાપક) આવા જ એક ઉદાત્ત પુરુષ હતા, જેઓએ મારા ઉદીયમાન ચિત્ત અને ચારિત્ર્યને ઘણી જ પ્રભાવપૂર્ણરીતે ઘડયું હતું.'

આવા શબ્દો સાથે પૂનાની વિખ્યાત સંશોધનસંસ્થા ભાંડારકર પ્રાચ્યવિદ્યા મંદિરના મનીષી નિયામક સ્વ. ડૉ. શ્રીપાદ કૃષ્ણ બેલવેલકરે જેમને અંજલિ આપી છે તે આચાર્ય બિજાપુરકર મહારાષ્ટ્રની એક એવી વિભૂતિ થઈ ગયા કે જે આધુનિક મહારાષ્ટ્રની સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રાષ્ટ્રીય નવજાગ્રતિ અર્થે પોતાનું સમસ્ત જીવન શ્રદ્ધાપૂર્વક સમર્પિત કરી દેનારા અનેક તપસ્વી કર્મવીરો પૈકીના એક હતા. એમનો જન્મ ૧૮૦૩ના ઑગસ્ટની ૨૯મીએ કોલ્હાપુરમાં વિદ્યાપ્રીતિ ધરાવતાં સત્યનિષ્ઠ અને ધ્યેયનિષ્ઠ પરિવારમાં થએલો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ત્યાં જ પૂરું કરીને સંસ્કૃતમાં સર્વપ્રથમ સ્થાન સાથે ઈ. ૧૮૮૦માં મૅટ્રિક થઈ પૂનાની સુપ્રસિદ્ધ ડેક્કન કૉલેજમાં તે જોડાયા ને મહાપંડિત ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાણ્ડારકરના વિશેષ સ્નેહભાજન બની ગયા. આ જ સમયે તેમના મનમાં મરાઠી ભાષા તથા સંસ્કૃત વિદ્યાના વિષયમાં વિશિષ્ટ અભિરુચિ ઉત્પન્ન થઈ, અને વિશેષ રૂપમાં ઋગ્વેદનું અધ્યયન–સંશોધન કર્યું. અધ્યયન કરતાં કરતાં જ એમને હાઈસ્કૂલમાં ભણાવવાનો અવસર પણ પ્રાપ્ત થયો. પરિણામે ગુરુ-શિષ્ય સંબંધોના વિષયમાં એમના વિચારો સમ્યક્‌તયા સ્થિર થયા. ઈ. ૧૮૯૫માં સંસ્કૃત-સાહિત્ય સાથે એમ. એ. ની પરીક્ષા પસાર કરી કોલ્હાપુરની રાજારામ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા તે પહેલાં થોડો સમય એમણે અમદાવાદમાં પણ અધ્યાપનકાર્ય કરેલું.



પોતાના અધ્યયન કાળ દરમિયાન શિક્ષણની પ્રચલિત પરંપરાનાં જે દૂષણોનું પરિજ્ઞાન એમને થયું તે દૂર કરવા એમના મનમાં ચિંતા અનેક વિચારો ઊઠવા લાગ્યા. તે દિવસોમાં કોલ્હાપુરમાં શરૂ થએલી રાષ્ટ્રસેવાની વિવિધ પ્રવૃત્તિઓમાં એઓ ભાગ લેતા. એ જ સમયે 'ગ્રંથમાલા' સામયિકની એમને કલ્પના આવી. પાછળથી 'વિશ્વવૃત્ત' ને 'સમર્થ' જેવાં સામાયિકોનું પ્રકાશન કર્યું ને તેની સુવિધા માટે એક મુદ્રણાલયની પણ શરૂઆત કરી. એમના મનમાં એ વિચાર સુદૃઢ થઈ



આચાર્ય બિજાપુરકરના હસ્તાક્ષર

ગયો હતો કે શિક્ષણ-પ્રસાર જ લોકજાગ્રતિ અને લોકોન્નતિનો એકમાત્ર ઉપાય છે. 'ગ્રંથમાલા'ની પ્રસ્તાવનામાં એઓ લખે છે: 'જ્યાં સુધી દૃઢ ઇચ્છાશક્તિ, અચલ નિશ્ચય, વ્યાવહારિક કાર્ય-દાક્ષિણ્ય, કષ્ટ-સહિષ્ણુતા-ની સતત તૈયારી, અવિશ્રાન્ત પરિશ્રમ, વિચારપૂર્ણ સાહસ, અવિચલ ધીરતા, કર્તવ્યપરાયણતા, સ્વાવલંબન, સ્વાર્થત્યાગ, અહમ્‌નું વિસ્મરણ, પરસ્પર વિશ્વાસ વગેરે ગુણોનાં દર્શન ચારે બાજુ નહિ થાય ત્યાં સુધી આપણી પ્રજાનું પછાતપણું દૂર થઈ શકશે નહિ. આ બધા ગુણોને કેળવવા માટે જ્ઞાનપ્રસારથી અતિરિક્ત અન્ય કોઈ રસ્તો નથી.'

એક બાજુ આ પ્રકારનો વાઙ્‌મય-યજ્ઞ ચાલુ હતો, તો બીજી બાજુ એમના શિક્ષણ વિષયક વિચારો ધીરે ધીરે મૂર્ત રૂપ ધારણ કરી રહ્યા હતા કે પ્રાચીન આશ્રમિક જીવન અને ગુરુકુળ-રીતિથી સ્વતંત્ર શિક્ષણસંસ્થા સ્થાપિત કર્યા વિના લોકશિક્ષણનું સાચું કામ થઈ શકશે નહિ. દૈવયોગે ઈ. ૧૯૦૫માં કોલ્હાપુરમાં 'સ્વદેશી'નું આંદોલન શરૂ થયું. રાજારામ કૉલેજના છાત્રોએ સ્વદેશી અર્થે સત્યાગ્રહ કર્યો. અધિકારીઓના મનમાં એવી આશંકા જન્મી કે આ બધી પ્રવૃત્તિઓ માટે જવાબદાર અને પ્રેરણા આપનાર પ્રોફેસર બિજાપુરકર જ હોવા જોઇએ. પરિણામે કૉલેજની નોકરીમાંથી એમને છૂટા કરવામાં આવ્યા. એ મુક્તિને 'ઇશ્વરેચ્છા બલીયસી' કહી એમણે ઈ. ૧૯૦૬માં સ્વાધીન શિક્ષણાલયના રૂપમાં 'સમર્થ વિદ્યાલય'ની સ્થાપના કરી. એ જ વર્ષે રાષ્ટ્રીય મહાસભાના અધિવેશન-માંથી શ્રી બિજાપુરકરજીએ 'રાષ્ટ્રીય શિક્ષણ'નો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને અનુમોદન આપવા પંડિત મદનમોહન માલવિયાએ પ્રવચન કર્યું. આ પ્રસ્તાવાનુસાર રાષ્ટ્રીય શિક્ષણના પ્રસાર માટે 'મહારાષ્ટ્ર વિદ્યા પ્રસારક મંડળ'ની સ્થાપના કરવામાં આવી, જેમાં લોકમાન્ય ટિળક, ડૉ. નાનાસાહેબ દેશમુખ, દાજી સાહેબ ખેર, ચિંતામણિ વિનાયક વૈદ્ય તથા પ્રો. બિજાપુરકર વગેરે હતા. બિજાપુરકરને તેના મંત્રી બનાવવામાં આવેલા. આ સંસ્થા માટે ધન પ્રાપ્ત કરવા એમણે લોકમાન્ય ટિળક સાથે આખા મહારાષ્ટ્રનો પ્રવાસ કરેલો. 'સમર્થ રાષ્ટ્રીય વિદ્યાલય'ના વિષયમાં એઓ લખે છે: 'આ વિદ્યાલય એક મહાન રાષ્ટ્રીય આંદોલનનું અંગ છે. અહીં-ના વિદ્યાર્થીઓ સાદાઈભર્યું અને સંયમી જીવન વિતાવશે, છતાં દુનિયાના અન્ય દેશોમાં, જીવન-ઉત્કર્ષનાં જે જે સાધનો પ્રાપ્ત કરવા યોગ્ય હશે તેને આપણા દેશ માટે ઊભાં કરવા માટે જરૂરી શિક્ષણ છાત્રોને આપવામાં આવશે. એવું શિક્ષણ પ્રાપ્ત કરવા અર્થે સાહસપૂર્ણ પગલાં ભરવામાં આવશે તથા એમાં આવતાં સંકટોને સહન કરી લેવામાં આવશે. અહીંના વિદ્યાર્થીઓ આ પ્રકારનો પુરુષાર્થ કરવા માટે કટિબદ્ધ બનશે ત્યારે જ આ સંસ્થાના સ્થાપકો પોતાનો શ્રમ સફલ સમજશે.'

શરૂઆતમાં કોલ્હાપુર અને પછી મિરજ તથા તલેગાંવ (જિ. પૂના)-માં એમણે પોતાનો આ રાષ્ટ્રીય શિક્ષણનો યજ્ઞ ચલાવ્યો. પણ સરકાર ટિળક વિરોધી હતી તથા પ્રો. બિજાપુરકરને સંદેહદૃષ્ટિથી જોયા કરતી હતી. એવામાં જ કોલ્હાપુરથી છપાતા એમના માસિક 'વિશ્વવૃત્ત'માં પ્રસિદ્ધ વેદાચાર્ય શ્રીપાદ દામોદર સાતવલેકરનો 'વૈદિક પ્રાર્થનાઓની તેજસ્વિતા' નામક લેખ પ્રસિદ્ધ થયો, જેને સરકારે વાંધાજનક લેખ્યો. પરિણામે સંપાદક-મુદ્રક તરીકે પ્રો. બિજાપુરકર ઉપર મુકદ્દમો ચલાવાયો અને ત્રણ વર્ષ કારાવાસનો દંડ દેવામાં આવ્યો. સમર્થ વિદ્યાલયના છાત્રો તથા શિક્ષકો ક્રાંતિકારી પ્રવૃત્તિના સમર્થક છે તથા પરોક્ષ રીતે એમનો સંબંધ નાસિકવાળા ષડ્‌યંત્ર સાથે છે, જેના દ્વારા જૅક્સનનું ખૂન થએલું, એવી માન્યતા સરકારમાં દૃઢ થઈ હતી. આથી ઈ. ૧૯૧૦માં સરકારે સમર્થ વિદ્યાલયને નિયમ વિરુદ્ધ જાહેર કર્યું. પ્રો. બિજાપુરકર એ વખતે સાબરમતી જેલમાં ગિરફ્તાર હતા.

ઈ. ૧૯૧૨માં એમનો છુટકારો થયો અને સાત-આઠ વર્ષ એમણે વિદ્યાલયના પુનર્નિર્માણમાં ગાળ્યાં. ઈ. ૧૯૧૮ થી '૨૪ સુધી નવીન 'સમર્થ વિદ્યાલય'નું એમણે કુશળતાપૂર્વક સંચાલન કર્યું. સંસ્થાનું વાતા-વરણ શાંત અને પવિત્ર હતું. છાત્રાલયમાં ગુરુજન તથા શિષ્યવૃંદ નિકટ સંપર્કથી રહેતા. શિક્ષણમાં માતૃભાષા ઉપર ભાર મૂકવામાં આવતો, શારીરિક શિક્ષણને મહત્ત્વ આપવામાં આવતું, શ્રમ તથા સ્વાવલંબનનો આગ્રહ સેવવામાં આવતો સ્વદેશી વસ્તુઓના વ્યવહાર તથા ખાદીને પ્રોત્સાહન અપાતું. આવી પ્રાણવાન સંસ્થાના કર્ણધાર અને મહારાષ્ટ્રમાં રાષ્ટ્રીય શિક્ષણના આ અગ્રચારી કર્મવીરનો જીવનદીપ ૧લી ઑગસ્ટ ૧૯૨૬ના રોજ બુઝાઈ ગયો. —આદિત્યરંજન વિદ્યાલંકાર

સ્વ. ગગનવિહારી મહેતા

ધીટ રાજનીતિજ્ઞ, પ્રખર અર્થશાસ્ત્રી, સિદ્ધહસ્ત હાસ્યલેખક અને તેજસ્વી પત્રકાર ગરવા ગુજરાતી ગગનવિહારી મહેતાનો જન્મ ભાવ-



નગરના ગર્ભશ્રીમંત નાગર મુત્સદ્દી અને કુશળ ઔદ્યોગિક વહીવટકર્તા પિતા લલ્લુભાઈ શામળદાસ મહેતા અને માતા ભીમરાવ ભોળાનાથ જેવા સાહિત્યકારનાં પુત્રી સત્યવતી-બહેનને ત્યાં ઈ.૧૯૦૦ના એપ્રિલની ૧૫મીએ અમદાવાદમાં થએલો. મુંબાઈની ન્યૂ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક તથા ત્યાંની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ઇતિહાસ–અર્થશાસ્ત્રના વિષયો સાથે દ્વિતીય વર્ગ બી. એ. થઈ, લંડન સ્કૂલ ઑવ ઇકનૉમિક્સમાં દાખલ થયા, પણ તબિયતની નાદુરસ્તીને કારણે અભ્યાસ અધૂરો મૂકી ભારત પાછા ફરી ૧૯૨૩માં જાણીતા દૈનિક 'ધ બૉમ્બે ક્રૉનિકલ'માં મદદનીશ તંત્રી તરીકે કામ કર્યું. ત્યાર બાદ ૧૯૨૫થી ૧૯૪૭નાં બાવીસ વર્ષ લગી 'સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપની'ની કલકત્તા શાખાના મૅનેજર તરીકે નામના કાઢી. એ દરમિયાન ઈ. ૧૯૨૮માં 'બર્ટ્રાન્ડ રસેલની સામાજિક ફિલસૂફી'નામક નિબંધ રજૂ કરી મુંબાઈ યુનિવર્સિટીની એમ.એ.ની ડિગ્રી પ્રથમ વર્ગમાં પ્રાપ્ત કરી. ઈ. ૧૯૪૭માં ભારતની આઝાદી પછી તેની બંધારણસભાના અને ૧૯૫૦થી નિયોજન પંચના સભ્ય, ૧૯૫૨થી ૫૮ અમેરિકા ખાતેના ભારતીય એલચી, '૫૯થી '૬૫ 'હિંદુસ્તાન શિપયાર્ડ' તથા 'ઇન્ડિયન શિપિંગ બૉર્ડ'ના અધ્યક્ષ, '૬૫ થી '૬૭ 'એર ઇન્ડિયા'ની બૉર્ડ ઑવ ડિરેક્ટર્સના સભ્ય, પછી 'સેન્ટ્રલ ઍડવાઈઝરી કાઉન્સિલ ઑવ ઇન્ડસ્ટ્રીઝ'ની રિવ્યૂઇંગ સબ કમિટીના અધ્યક્ષ હોવા ઉપરાંત 'ઈન્ડસ્ટ્રીઅલ ક્રેડિટ ઍન્ડ ઈન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન ઑવ ઇન્ડિયા' તેમજ 'ઇન્ડિયન ઈન્વેસ્ટમેન્ટ સેન્ટર' સાથે પણ તેઓ સંકળાએલા હતા. એમની વિવિધ વિશિષ્ટ સેવાઓના ઉપલક્ષમાં ઈ. ૧૯૫૯માં ભારત સરકારે એમને પદ્મવિભૂષણનો ઈલકાબ આપ્યો હતો.

'આકાશનાં પુષ્પો' નામક એમના પુસ્તકમાં તેમજ ગુજરાતી-અંગ્રેજી અનેક પ્રકીર્ણ લેખોમાં એમની નર્મમર્મ વૃત્તિને લીધે એ હસતા ફિલસૂફનું ઉપનામ પામ્યા હતા. પત્ની સૌદામિનીબહેન અને ત્રણ પુત્રીઓને મૂકી, હૃદયરોગના હુમલાથી ગયા એપ્રિલની ૨૮મી તારીખે

અપોરે અવસાન થયું ત્યારે રાજ્ય, વાણિજ્ય, આર્થિક અને સાહિત્યક્ષેત્રે પોતાની પ્રતિભાનું સાચું પોત પ્રકાશનાર એક શીલભદ્ર અને વિવેકાગ્રહી મહાનુભાવ ગુમાવ્યાનો ભારત અને ગુજરાતને આઘાત–અનુભવ થયો.

સ્વ. શેઠ શ્રી અમૃતલાલ હરગોવિંદદાસ


ગુજરાતના વયોવૃદ્ધ અગ્રગણ્ય ઉદ્યોગપતિ, પ્રજાપ્રશ્નોના નીડર પ્રવક્તા અને શિક્ષણપ્રચારના સહી મશાલચી શેઠ શ્રી અમૃતલાલ હરગોવિંદદાસનું ગયા માસમાં હૃદયરોગની બીમારીથી ૮૬ વર્ષની વયે અવસાન થયું. શરાફ પિતાને ત્યાં અમદાવાદ નજીક કુહા ગામમાં ઈ. ૧૮૮૯ની ૧૮મી ઑગસ્ટે એમનો જન્મ. ગુજરાત કૉલેજમાથી બી. એ. અને મુંબાઈથી એલએલ. બી. થઈ ૧૯૧૨-૧૩માં અમદાવાદ ખાતે વકાલતથી કારકિર્દી આરંભી ને દોઢ-બે વર્ષ બાદ પિતાજીની શરાફી પેઢીમાં જોડાયા. ઈ. ૧૯૩૬માં બગીચા મિલનું અને ૫૬માં બગીચા મિલ નં. ૨નું સફળ સંચાલન; ૧૯૩૫માં શેઠ શ્રી કસ્તુરભાઈ સાથે રહી અમદાવાદ એડયુકેશન સોસાએટીની સ્થાપના; ૧૯૪૯માં ગુજરાત વેપારી મહામંડળની સ્થાપના અને ૧૯૫૪માં ગુજરાત રેલ રાહત સમિતિનો પ્રારંભ આ એમની વ્યાપાર-ઉદ્યોગ અને શિક્ષણ-સમાજ તરફની દૃષ્ટિસંપન્ન દેણગી.

પિતાશ્રીના નામ પરથી અમદાવાદની પ્રસિદ્ધ એચ. એલ. (હરગોવનદાસ લખમીચંદ) કૉલેજ ઑવ કૉમર્સ, સોળ વર્ષના પુત્ર બંસીલાલની મરણોત્તર યાદમાં આણંદ ખાતેની બંસીલાલ ઍગ્રિકલ્ચરલ કૉલેજ, ધર્મપત્નીના સ્મરણાર્થે અમદાવાદમાં સિવિલ ઑસ્પિટલ ખાતે મણિબેન અમૃતલાલ આયુર્વેદિક કૉલેજ, પોતાની ૭૫મા વર્ષની ઉજવણી નિમિત્તે એકઠા થએલા રૂપિયા ૧૧ લાખમાંથી અમદાવાદની 'સરદાર પટેલ ઇન્સ્ટિટયૂટ ઑવ ઈકનોમિક્સ ઍન્ડ સોસ્યલ રીસર્ચ' નામક સંશોધન-સંસ્થાની સ્થાપના, પંચમહાલના પછાત વિસ્તારમાં પોપટપુરા ગામે આયુર્વેદ ઑસ્પિટલની સ્થાપના, ગાંધીનગર ખાતે પંચદેવનું મંદિર તેમજ દ્વારકા, વૃંદાવન, બદ્રિનારાયણ અને જોશીમઠમાં ધર્મશાળાઓની સ્થાપના: આ છે એમની ઉદાર ધર્મબુદ્ધિ પ્રેરિત સખાવતો.

સ્વતંત્ર ગુજરાત રાજ્યના સર્જનકાળના સંઘર્ષ વેળાની ગુજરાત સીમા સમિતિથી માંડી ગુજરાતના બધા જ પ્રાણપ્રશ્નોમાં સદાય સક્રિય રસ દાખવનાર આ મહાન ગુજરાતપ્રેમી ને ધર્મબુદ્ધિ શ્રેષ્ઠીનો દેહવિલય ગુજરાતની ગઈ પેઢીનો મોભ તૂટવા બરાબર છે.

ભારતનો પ્રથમ અણુ વિસ્ફોટ

ગયા મે માસની ૧૮મી તારીખે ભારતીય અણુવિજ્ઞાનીઓએ રાજસ્થાનમાં સફળતાપૂર્વક એક ભૂમિગત અણુવિસ્ફોટ કરીને અણુવિજ્ઞાનના ક્ષેત્રે ભારતને અગ્ર હરોળમાં લાવીને એક આગવું ગૌરવ બક્ષ્યું છે. દેશનાં જ સાધનસામગ્રીનો ઉપયોગ કરીને ભારતીય વિજ્ઞાનીઓએ પ્રાપ્ત કરેલી આ સિદ્ધિ જનસામાન્ય સમજી શકે એ કરતાં એ ઘણી વધુ મહત્ત્વભરી અને એથી સવિશેષ અભિનંદનીય છે. (અહીં એ પણ નોંધવું જોઈએ કે આ અણુવિસ્ફોટની પૂર્વતૈયારી રૂપ અનેકવિધ કામગીરી અને એ સાથે વિવિધ સ્તરની સંખ્યાબંધ વ્યક્તિઓ સંકળાએલી હોવા છતાં છેક છેવટ સુધી આ પ્રયોગ અંગે જે ગુપ્તતા જળવાઈ શકી તે સામાન્યત: આપણે ત્યાં અન્ય ક્ષેત્રોમાં ઓછી જોવા મળી છે એ રીતે પણ આ પ્રયાસ પ્રશંસનીય છે.) આ વિસ્ફોટ માટે વપરાએલું પ્લુટોનિયમ એ એક માનવસર્જિત ધાતુ છે. આપણા વિજ્ઞાનીઓએ જાતે જ એ તૈયાર કરી છે એ હકીકત પણ ખુદ અણુવિસ્ફોટ સાથે વિશેષ મહત્ત્વની છે. ભૂગર્ભમાં આ ધડાકો કરવા પાછળ કેટલીક આંતરરાષ્ટ્રીય સમજૂતીઓની જાળવણી ઉપરાંત ઓછામાં ઓછી અણુરજ પ્રસરે એવી એક નેમ પણ હતી. અને આપણે એમાં પણ સારી સફળતા મેળવી છે. હકીકતે તો આ વિસ્ફોટ આ અગાઉ ઘણો વહેલો થઈ શકયો હોત, પણ





ઉપર: અણુધડાકા પૂર્વેનો રાજસ્થાનનો એક વિસ્તાર અને (નીચે) ધડાકા બાદ ત્યાં પડેલા ગર્તનું અંદરથી દૃશ્ય.

અણુરજનો ઓછામાં ઓછો પ્રસાર થાય એવી રીત વિકસાવવા પાછળ આપણે પાછળનો ઠીકઠીક સમય આપ્યો છે.

વિધ્વંસક નહિ પણ શાંતિમય સદ્ઉપયોગ માટે જ ભારત પોતાનું અણુશક્તિનું જ્ઞાન પ્રયોજવા માગે છે. ડૉ. રાવની કલ્પના પ્રમાણે ગંગાને સોન નદી દ્વારા નર્મદા સાથે જોડવામાં વચ્ચે નડતો ઉચ્ચ પ્રદેશ અણુધડાકા વડે તોડી શકાય; બંદરો નજીક એકઠો થતો કાંપ હટાવી ભાંગતાં બંદરોને પુન: વિસ્તારી શકાય; મોટાં જળાશયો ને નહેરો તથા ખાણો વધુ ઝડપથી ખોદી શકાય. ભૂગર્ભમાંથી પાણી, ખનિજ વાયુ અને તેલને ઝડપથી ઉપર લાવી શકાય તથા તેલ-કૂવાની આગ ઠારી શકાય; વહીને વેડફાઈ જતા પાણી આડે બંધ બાંધી શકાય; સમુદ્રમાં વહાણવટાને ભયરૂપ ખરાબીઓ દૂર કરી શકાય. આ અને આવાં અનેક વિશાળ કાર્યો અણુધડાકાની સહાયથી ઝડપથી પાર પાડી શકાય. ભારતની સમક્ષ આવા તો અનેક પ્રશ્નો ઝડપી ઉકેલ માગતા ઊભા છે. અણુધડાકાઓનો ઉપયોગ કરી આપણે એનો જનહિતાર્થે શાંતિમય ઉપયોગ કરી શકીએ અને એ માટે ના પ્રયત્નરૂપ આ પ્રાયોગિક પ્રથમ અણુધડાકો આપણે કર્યો.

રાજસ્થાનમાં જ્યાં આ પ્રયોગ થયો તે સ્થળનું ધડાકા પૂર્વેનું અને ધડાકા બાદ ત્યાં રચાએલા વિશાળ ગર્તનું અંદરની બાજુથી દેખાતું દૃશ્ય ઉપર આપ્યું છે. ભારતમાં હાલ અણુવિષયક વિવિધ કાર્યો ક્યાં ક્યાં થઈ રહ્યાં છે તે દર્શાવતો આ નકશો પણ આ સાથે રસપ્રદ બની રહેશે.



(૧) ગુલમર્ગ : વિશ્વકિરણો અને મૂલકરણ વિષયક સંશોધન સાથે અતિ ઊંચાઇએ કરવાનાં સંશોધન-પ્રયોગોનું કેન્દ્ર. ભારતના બધી વૈજ્ઞાનિક સંસ્થા અને વિદ્યાપીઠો એનો લાભ લે છે.

(૨) નાનગલ : ખાતઉત્પાદન સાથ અણુઉર્જા નિર્મિતિ સારુ અતિ મહત્ત્વના ઘટકરૂપ 'હેવી વૉટર' તૈયાર કરતું કેન્દ્ર. (૩) દિલ્હી : રાષ્ટ્રીય ભૌતિકી પ્રયોગશાળા. (૪) નરોડા : ઉત્તરપ્રદેશનું અણુવિદ્યુત કેન્દ્ર. (૫) રાણા પ્રતાપસાગર : રાજસ્થાનમાં અણુવિદ્યુત કેન્દ્ર. (૬) કલકત્તા : અણુગર્ભવિષયક સંશોધન કરતું મેઘનાદ સાહા સંસ્થાનું કેન્દ્ર. (૭) જદુગુડા : યુરેનિયમની ખાણ અને કારખાનાનું સ્થાન. (૮) તેલચેર : હેવી વૉટર તૈયાર કરતું કેન્દ્ર. (૯) હૈદરાબાદ : ઈલેક્ટ્રૉનિક્સનાં ઉપકરણો બનાવતી સંસ્થા. (૧૦) મદ્રાસ : અણુવિદ્યુતકેન્દ્ર અને કલ્પકમ્ રીઍક્ટર સંશોધન કેન્દ્ર. (૧૧) ગૌરીબિદનૂર : ભૂગર્ભમાં તરતતમ સ્પંદનોની મોજણી કરતું કેન્દ્ર. (૧૨) અલવે અને (૧૩) ચાવરા તથા (૧૪) માનબલકુરુચી : રેતીમાં થીયોરિયમ તારવવાનાં ઉદ્યોગકેન્દ્રો. (૧૫) તુતિકોરિન : ખાતકારખાના સાથે હેવી વૉટર બનાવતું કેન્દ્ર. (૧૬) મુંબાઈ : તાતા મૂળભૂત સંશોધન કેન્દ્ર. (૧૭) ભાભા અણુશક્તિ નગર. (૧૮) તારાપુર : અણુવિદ્યુત કેન્દ્ર. (૧૯ વડોદરા : અને (૨૦) કોટા : હેવી વૉટર નિર્મિતિ કેન્દ્રો.

અદ્ભુત ગમ્મત

૪ અને ૫ તથા ૧૩ અને ૧૪ એ બે પાસપાસેની બબ્બે સંખ્યાનાં જૂથ એવા વિચિત્ર પ્રકારનાં છે કે પહેલા જૂથની પહેલી સંખ્યા અને બીજા જૂથની બીજી સંખ્યાના ગુણાકારમાં પહેલા જૂથની બીજી સંખ્યા અને બીજા જૂથની પહેલી સંખ્યાનો ગુણાકાર ઉમેરતાં વર્ગ સંખ્યા આવે છે. જેમ કે $(૪ \times ૧૪) + (૫ \times ૧૩) = (૫૬ + ૬૫) = ૧૨૧ = ૧૧^{૨}$.
વળી એ બંને જૂથની મળી ચાર સંખ્યાનો એકંદર સરવાળો પણ વર્ગ સંખ્યા આવે છે. $(૪ + ૫) + (૧૩ + ૧૪) = ૯ + ૨૭ = ૩૬ = ૬^{૨}$

વળી $(૬૫)^{૨} - (૫૬)^{૨} = ૩૩^{૨}$ છે એટલે કે ૬૫ અને ૫૬ એ બંનેમાં ૫, ૬ અંકો છે અને ૬૫ અને ૫૬ના વર્ગોનો તફાવત પણ વર્ગસંખ્યા $(૩૩)^{૨}$ આવે છે. સંખ્યાનાં આવાં રહસ્યો રસપ્રદ અને પ્રેરક હોય છે.

—એમ. એન. ખત્રી

આ માસ (જૂન) ઇતિહાસમાં

પ્રાચીન ઈટાલીમાં અનેક સ્વરૂપે પૂજાતી દેવી 'જૂનો' રોમન સમયમાં સ્વર્ગના દેવ જ્યુપિટરની પત્ની (અને બહેન) તરીકે પ્રાચીન ગ્રીક દેવી 'હેરા'ની સમકક્ષ ગણાતી હતી. રોમન સામ્રાજ્યના રક્ષક તરીકે જ્યુપિટર અને મિનર્વાની સાથે એની પણ ગણના થતી. સ્વર્ગ અને નવપ્રકાશની એ અધિષ્ઠાતા દેવીને લગ્ન અને બાળજન્મ જેવા પ્રસંગોએ ત્યારની રોમન સ્ત્રીઓ પૂજતી ને એની બાધા રાખતી. દર વર્ષે 'મેટ્રોનૅલિયા' નામે એનો એક ખાસ ઉત્સવ ત્યારની સ્ત્રીઓ ઊજવતી. એના નામ પરથી ઓળખાતો જૂન માસ આજે યે પશ્ચિમના દેશોમાં લગ્નના માસ તરીકે ઓળખાય છે. વર્ષનો છઠ્ઠો અને ત્રીસ દિવસનો આ માસ જુલિયસ સીઝરે રોમન પંચાંગમાં સુધારા કર્યા પહેલાં ક્રમમાં ચોથો અને ઓગણત્રીસ દિવસનો મહિનો ગણાતો હતો.

વર્ષનો લાંબામાં લાંબો દિવસ આ જ માસમાં આવે છે.

તા. ૩/૧૮૧૮ છેલ્લો પેશ્વા બાજીરાવ બીજો અંગ્રેજો સામે હારતાં મરાઠી સત્તાનો અંત આવ્યો. જશવંતરાવ હોળકર સામે હાર પામતાં અંગ્રેજોની સહાય પામવા વસઈની નામોશીભરી સંધિ કરી આપીને પોતાનાં કાંડાં કાપી આપ્યાં. ત્યાર બાદ બાજીરાવના પ્રત્યેક કાર્યમાં દરમિયાનગીરી કરતા રહીને અંગ્રેજોએ તેને અકળાવી મૂક્યો હતો. અંતે કંટાળેલા બાજીરાવે અંગ્રેજો સામે યુદ્ધ જાહેર કર્યું. સિંધિયાએ એનાથી અલગ જ રહેતાં યુદ્ધમાં બાજીરાવની હાર થઈ. આઠ લાખ રૂપિયાના વર્ષાસનના બદલામાં અંગ્રેજોએ એનું આખું રાજ્ય ખાલસા કર્યું. અંદરોઅંદરના કુસંપને લીધે મરાઠાઓની શક્તિ વેડફાઈ ગઈ અને તેનો લાભ નિઝામ, ટીપુ ને અંગ્રેજોએ લેવાય તેટલો લીધો. ગુણ ને સંખ્યાની દૃષ્ટિએ યે પર્યાપ્ત મરાઠા શક્તિ આમ સંકુચિત દ્વેષ ને કુસંપમાં વેડફાઈ ગઈ.


તા. ૪/૫૯૦ હૂણોના હુમલાઓને પાછા વાળનાર અને હિંદના સર્વોચ્ચ સાંસ્કૃતિક વિકાસકાળના રાજવી મહારાજા હર્ષવર્ધનનો જન્મ.

તા. ૮/૬૩૨ હઝરત મહમ્મદ પયગમ્બર સાહેબનું મદીના મુકામે મૃત્યુ.

તા. ૯/૧૨૧૫ ઇંગ્લૅન્ડમાં લોકશાહીને મન્જૂર કરતા 'મૅગ્ના ચાર્ટા' પર રાજા જૉનને સહી કરવાની અંગ્રેજ પ્રજાએ ફરજ પાડી.

તા. ૧૩/ઈ. સ. પૂર્વે ૩૨૩ તેર જ વર્ષની પોતાની ટૂંકી કારકિર્દીમાં અરધી આલમ જીતીને દિગ્વિજયી તરીકે દુનિયાભરમાં અજોડ નામ મૂકી જનાર મેસિડોનિયાના મહાન સિકંદર–ઍલેક્ઝાંડરનું બૅબિલોનમાં અવસાન. પિતાનું ખૂન થતાં વીસ વર્ષની વયે એને વારસામાં ગ્રીસનું રાજ્ય, સમર્થ સૈન્ય ને અદમ્ય વિજયાકાંક્ષા મળેલાં. એના વિજયોની કથા તો વિખ્યાત છે, પણ એ માત્ર સત્તાશોખી યોદ્ધો જ નહોતો. પૂર્વ અને પશ્ચિમને સાંધીને સંસ્કૃતિના બંધિયાર જળને વહેતાં કરવાની એની ભાવના હતી. એ પોતે ને એના દસ હજાર અફસરો એશિયાની સુંદરીઓને વર્યા તેમાં માત્ર વિલાસ નહોતો, દૃષ્ટિ પણ હતી. એનો વિદ્યાવ્યાસંગ, ઍરિસ્ટોટલ જેવો ગુરુ, ટૉલેમી જેવો મિત્ર, ઍલેક્ઝાંડ્રિયા જેવાં નગરો સ્થાપવાની દૃષ્ટિ, વીરત્વ, ઔદાર્ય વગેરેનો ખયાલ કરીએ તો લાગશે કે એ માત્ર સમર્થ નર ને દિગ્વિજયી રાજા નહોતો; એના જમાનાની પરંપરા પ્રમાણે એ મહાન પુરુષ હતો. માનવ મહત્તાની ઉચ્ચોચ્ચ ટોચે પહોંચનાર એ બે હજાર વર્ષ પહેલાં જે કરી ગયો તે જગતના ઇતિહાસમાં આજે યે હજી અજોડ રહ્યું છે.

તા. ૧૭/૧૮૪૧ હાસ્ય વિષયનું ઇંગ્લૅન્ડનું જગનામી સમર્થ સાપ્તાહિક 'પંચ' પ્રકટ થયું.



માસમાસના આકાશમાં (જૂન-જુલાઇ)

સપ્તર્ષિની બાજુમાં ફૂમતાદાર પતંગ જેવું એક તારામંડળ આકાશમાં ઝળુંબી રહ્યું છે. એમાં ફૂમતાના મૂળ પાસેના નારંગી જેવા રંગના એક તેજસ્વી તારાને કારણે એ મંડળ તુરત પરખી શકાશે. આ તારામંડળ તે 'ભૂતેશ' (Bootes) અને પેલો ચળકતો તારો એ 'સ્વાતિ' (Arcturus). બહુ પ્રાચીન કાળથી આ તારામંડળ જાણીતું છે. સપ્તર્ષિને હળ ગણીને આ મંડળને 'હલધર' (શ્રી કૃષ્ણના ભાઈ બલરામ)નું નામ પણ અપાયું છે. પશ્ચિમમાં એ ગોવાળ – the herdsman તરીકે ઓળખાય છે.

ભૂતેશમાં સ્વાતિ પ્રેક્ષણીય તારો છે. સૂર્ય કરતાં એનો વ્યાસ ૨૪ ગણો મોટો થાય એટલું એનું કદ છે અને આપણાથી એ ૩૬ પ્રકાશવર્ષ દૂર છે. દક્ષિણમાં કન્યા રાશિના 'ચિત્રા' તારા તરફ સ્વાતિ ધસી રહ્યો છે.

સત્યાવીસ નક્ષત્રોમાં સ્વાતિની પણ ગણના છે. કહે છે કે આ નક્ષત્રમાં જન્મનાર માણસ વેપારી, દયાળુ ને મીઠાબોલો હોય છે. સ્વાતિ નક્ષત્રમાં પડતા વરસાદનું ટીપું માછલીના પેટમાં જઈ મોતી બનવાની કલ્પના જેટલી મધુર છે એટલી જ ખોટી પણ છે. એક ભડલી વાક્ય પણ સ્વાતિ વિષે છે: 'જો વરસે સ્વાંત તો ન વાગે તાંત.' એટલે કે સૂર્ય જ્યારે સ્વાતિ નક્ષત્રમાં હોય ત્યારે-લગભગ આસો માસમાં જ્યારે કપાસનાં ફૂલ લાગેલાં હોય છે, એ વખતે જો વરસાદ પડે તો ફૂલ ખરી પડી કપાસ પાકતો નથી. અને કપાસ પાકે નહિ તો પિંજારાની તાંત ક્યાંથી બોલે?

ભૂતેશની બાજુમાં એક નાનું મંડળ છે, જે 'કિરીટ' (Corona Borealis) નામે ઓળખાય છે. કિરીટ એટલે કે મુકુટના આકારે ગોઠવાએલા આ મંડળના તારાઓમાં મધ્યે ચળકતો તારો એમાં જડેલા હીરા જેવો હોઈ 'કોહીનૂર' જ કહેવાય ને? અંગ્રેજીમાં એને (Alpbecca) કહે છે. □

શેર

પ્રકાશ તે શું કોઈ શોધવાની વસ્તુ છે?
જરાક લૂછી જુઓ જાત પરનું અંધારું.

'પરિમલ'


લોકમાન્ય ટિળકના એક રાષ્ટ્રવાદી સહાધ્યાયીએ એક વાર ક્રોધમાં આવી રાણી વિક્ટોરિયાનું ચિત્ર ફાડી નાખ્યું. એ જોઈ ટિળક બોલ્યા: 'એ બીચારા જડ કાગળે તારું શું બગાડ્યું હતું? જો એ લોકોએ આપણને પરાધીન બનાવ્યાનું સાચું દુઃખ તને હોય તો આવો નપુંસક ક્રોધ કરવાને બદલે પ્રતિજ્ઞા લે કે આ ગુલામીની બેડી અને અંગ્રેજોનું રાજ્ય ખતમ કરવા જીવનભર મથીશ.'

કહેવતોના અર્થ: 'દૂબળો જેઠ દિયરમાં લેખું'. મોટા સ્થાને બેઠેલો માણસ પ્રભાવ કે શક્તિ વિનાનો નમાલો હોય તો તેની ઉપેક્ષા થાય એ બાબતી કહેવત.

અનેકાર્થી શબ્દ: ધોળ = લગ્ન અથવા મંગળ અવસરે ગાવાનું ગીત; એક જાતની ધોળી માટી; ઉજાળવું, ધોળું કરવું તે; બે ફૂટ લંબાઈની શીંગડાંવાળી લાલ માછલી; હલકી જાતની ડાંગર; ઔષધિમાં વપરાતી, લાંબાં નાજુક પાનવાળી એક વનસ્પતિ, જેનાં બી બંદૂકના દારૂ જેવાં હોય છે.

લઘુલિપિની સૌ પહેલી શોધ ઈ. પૂર્વે ૪થી સદીમાં ગ્રીકોએ કરેલી. પરંતુ હાલની પદ્ધતિ પર તેની રચના કરવાનું માન રોમન કાળના માર્કસ ટુલિયસ ટિરો (Marcus Tullius Tiro) નામે એક ગુલામને જાય છે. ઈ. પૂર્વે પહેલી સદીમાં શોધેલી તેની એ પદ્ધતિથી સિસેરો, સીઝર, કેટો આદિનાં સેનેટમાંનાં ભાષણો નોંધવામાં આવતાં. પણ આધુનિક લઘુલિપિની પદ્ધતિ ૧૫૮૮માં ટિમોથી બ્રાઈટે શોધેલી.

સગડી ચેતાવવાની બહુ ઉતાવળ હોય તો થોડી ખાંડ ભભરાવી જોજો; તુરત ચેતશે.



છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકની ૩૦૦મી જયંતી નિમિત્તે આ માસ જૂનની ૨જી તારીખે ભારતે બહાર પાડેલી ખાસ બહુરંગી ટપાલટિકિટ.



શેરડી મૂળ ભારતની. પછી યુરોપ અમેરિકામાં એ ગયા બાદ જ હવાઈ અને ફિલિપાઈન્સ ટાપુઓમાં એનો પાક ઉગાડવાનું શરૂ થએલું.

શરૂઆતમાં જ્યારે ક્રિકેટ રમાતું ત્યારે પગે પદસંરક્ષક (લેગ–ગાર્ડ્ઝ) બાંધવામાં આવતા નહોતા; પણ આલ્ફ્રેડ મીન નામના પહેલા ફાસ્ટ બોલરને લીધે તેનું આગમન થયું.

કોરા બ્રૂચને વાપરતાં અગાઉ પાંચેક મિનિટ ઑલિવ (જેતુન)ના તેલમાં બોળી રાખવાથી તે સરસ કામ આપશે; પછી પાણી કે હવા તેમાંથી પસાર થઈ શકશે નહિ.

ઘણા પ્રૌઢ લોકોને વાંચતી વખતે ચશ્માંની જરૂર પડે છે; પણ જો કોઈ વાર ચશ્માં પાસે ન હોય અને વાંચવાનો પ્રસંગ આવે તો એક કાગળમાં ટાંકણી વડે ઝીણું કાણું પાડીને તે કાણું આંખ આગળ લાવી તેમાંથી લખાણ વાંચવા પ્રયત્ન કરવો. આ રીતે ઘણાં સારી રીતે વાંચી શકે છે એમ જણાયું છે.

ઍલાર્મ ક્લૉકનો અવાજ બહુ પજવતો હોય તો ઊની દળીનો કટકો ટેબલ પર મૂકી તે પર ઘડિયાળ રાખવાથી અવાજ જરા દબાશે.

બારીની ફ્રેમો રંગતાં પહેલાં કાચ ઉપર સારી પેઠે ઢીલો સાબુ ઘસી દેજો. રંગતી વેળા ડાઘ ઊડ્યા હશે તો એ સાબુને ધોતાં વેંત સહેલાઈથી નીકળી આવશે.

કાગળ દાબવાની સજ્જડ ક્લિપને ફૂટપટ્ટીની વચ્ચે લગાડીને કોટ વગેરે ટાંગવાનું કામચલાઉ સાધન (હૅંગર) બનાવી શકાય.

અથાણું

બે જાણીતા અંગ્રેજ લેખકો ચેસ્ટર્ટન અને બેલૉકને નામે ચડેલી આ વાત છે. દારૂ કેમ ચડે છે તેનું સંશોધન કરવા એ બેઠા. પહેલી રાત્રે તેમણે વ્હિસ્કીમાં પાણી મેળવીને પીધો તો ઠીક ઠીક નશો ચડ્યો. બીજી રાત્રે જિનમાં પાણી મેળવીને પીધો તો લથડિયાં ખાવા લાગ્યા. ત્રીજી રાત્રે બ્રાન્ડીમાં મેળવીને પીતાં બંને બકવાદ કરવા લાગ્યા. ને આ સંશોધનનું પરિણામ જાહેર કરતાં બેલૉકે કહ્યું: 'ચ–ચ ચ–ચેસ્ટરટન! આ કમબખ્ત પાણી જ નશો ચડાવે છે!'

ત્યાગીને ભોગવી જાણું

· સવૈયા ·

હું નાયક છું જનતા કેરો, જનતા કાજે ત્યાગ કરું,
ત્યાગ કરીને ભોગવતો હું ઈશોપનિષદ્ સાર્થ કરું;
લાખ કરોડો ગરીબજનને ઝૂંપડીઓ યે ના રે'વા,
ઝૂંપડી એ સૌ માટે રાખી, મ્હેલ વસું જેવાતેવા.
પૂરાં કપડાં મળે બધાંને મનમાં એવા કોડ-વતો,
જાડાં ગરીબ માટે રાખું, ઝીણાંથી હું રોડવતો;
હું નટનાગર ભૂખ્યાં લોકો માટે અતિ કરુણાળુ છું,
એ સૌ માટે રોટી રાખી, મોદકથી મન વાળું છું.

ન. પ્રે. બુચ

લગભગ બધા કેદીઓને કોઇ ને કોઈ સગાંવહાલાં મળવા આવતાં, પણ એક કેદીને મળવા કોઈ આવતું નહિ એ જોઇને જેલરે તેને પૂછ્યું: 'કેમ 'લ્યા શંકર! તારાં કોઈ સગાંવહાલાં નથી?'
'છે ને સાહેબ; પણ એ બધાં અહીં જેલમાં જ છે.'

